**(૪) "લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વહદહુ લા શરી-ક લહુ લહુલ મુલ્કુ વલહુલ હમ્દુ યુહ્યી વયુમિતુ બિયદિહીલ ખયર, વહુ-વ અલા કુલ્લિ શયઈન કદીર."**

આ કલિમાની મહાન ફઝીલતો પણ આગળ આવી ગઈ છે.

(૫) હઝરત અબૂ હુરયરહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે, બે કલિમા જીભે (પઢવામાં) તો ઘણા સહેલા છે; પરંતુ ત્રાજવામાં ઘણા ભારે અને રહમાનને સૌથી વધુ વહાલા છે. એ બે કલિમા નીચે મુજબ છે :

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

**સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી** અને

سُبْحَانَ اللّٰهِ الْعَظِيْمِ

**સુબ્હાનલ્લાહિલ અઝીમ** *(બુખારી, મુસ્લિમ શરીફ)*

(૬) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું;

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ

**સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી**

કહેનાર માટે એક ઝાડ જન્નતમાં રોપવામાં આવે છે. *(બઝઝાર)*

(૭) હઝરત અબૂ ઉમામહ (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે ''જે માણસ રાત્રે ઈબાદત નથી કરી શકતો અને કાફિરો સાથે જિહાદ કરવા જેટલી હિમ્મત પણ ધરાવતો નથી ને માલ પણ ખર્ચ કરી શકતો નથી તો તે માણસ **"સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી"**નો વિર્દ કર્યા કરે. આ કલિમો પહાડની બરાબર સોનું ખર્ચ કરવાથી ય વધુ સવાબ ધરાવે છે. *(તબરાની, ફઝાઈલે આ'માલ)*

(૮) હઝરત મસઅબ બિન સઅદ (રદિ.) પોતાના પિતાથી રિવાયત કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''શું તમે એક દિવસમાં (એક હજાર) નેકીઓ નથી કરી શકતા ?'' કોઈએ પૂછયું ? હજાર નેકીઓ તો કેમ કરી થઈ શકે ? તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

''જે કોઈ સો વખત **"સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી"** પઢશે તો તેને એક હજાર નેકીઓ મળશે અને તેના એક હજાર ગુનાહો માફ થશે.''

*(મુસ્લિમ શરીફ)*

(૯) હઝરત અબૂ તલ્હા (રદિ.) બયાન કરે છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસે ૧૦૦ (સો) વાર **"સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી"** પઢી લીધું તો અલ્લાહ તઆલા તેને એક લાખ ચોવીસ હજાર (૧,૨૪,૦૦૦) નેકીઓ આપે છે.'' *(હાકિમ)*

(૧૦) હઝરત અબૂ હુરયરહ (રદિ.) રિવાયત કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ ૧૦૦ (સો) વખત **"સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી"** પઢયો તો તેનાં બધા જ ગુનાહો માફ થઈ જાય છે. ભલે, એ ગુનાહો દરિયાની ફીણની બરાબર કેમ ન હોય !''

*(મુસ્લિમ શરીફ)*

(૧૧) જે માણસ ઈદના દિવસે

૩૦૦ વખત **"સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી"** અને

૩૦૦ વખત **"સુબ્હાનલ્લાહિલ અઝીમ"** પઢીને મુર્દાઓને બખ્શી દેશે તો દરેકની કબરમાં ૧૦૦૦ (એક હજાર) નૂર રોશન થશે અને પઢનારના મરણ પછી તેની કબરમાં પણ નૂર રોશન થશે.

*(સઆદતે દારૈન–ઈમામ ગઝાલી (રહ.)*

(૧૨) હદીસ શરીફમાં છે કે એક માણસ હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની સેવામાં હાજર થયા અને તેમણે અરજ કરી કે યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) દુન્યાએ મારાથી પીઠ ફેરવી લીધી છે ! જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

તમે ફરિશ્તાઓની તસ્બીહ પઢયા કરો. પેલા માણસે કહ્યું કે યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરિશ્તાઓની તસ્બીહ શું છે ? તો રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે સુબ્હે સાદિક પછી સૂર્ય નીકળતા પહેલાં–

**૧૦૦ વખત સુબ્હાનલ્લાહિ વબિહમ્દિહી**

**૧૦૦ વખત સુબ્હાનલ્લાહિલ અઝીમ** અને

**૧૦૦ વખત ઈસ્તિગફાર પઢવું.**

એ સાંભળી તે માણસ ચાલ્યો ગયો ને કેટલાક દિવસો પછી આવીને હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં અરજ કરી કે હુઝૂર ! અલ્લાહ તઆલાએ મને એટલું આપ્યું કે મારા ઘરમાં રાખવાની જગ્યા નથી.

*(મવાહિબે લદુન્નહ)*

(૧૩) હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ દરરોજ સવારે ૧૦૦ (સો) વખત અને સાંજે ૧૦૦ (સો) વખત નીચેના મુબારક કલિમાને પઢશે તો તે મોહતાજી અને ભૂખમરાથી બચેલો રહેશે. ગીના એટલે કે દૌલતમંદીનો દરવાજો તેના પર ઊઘડી જશે. તેને કબરમાં કોઈ પણ પ્રકારનો ગભરાટ કે વહશત ન થશે અને તેના માટે જન્નતનાં આઠેવ દરવાજાઓ ખુલી જશે. તે મુબારક કલિમા આ રહ્યા :

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ الْمَلِكُ الْحَقُّ الْمُبِيْنُ ط
مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ صَادِقُ الْوَعْدِ
الْاَمِيْنِ ط

**લા ઈલા-હ ઈલ્લલ્લાહુલ મલિકુલ હક્કુલ મુબીન, મુહમ્મદુર્રસૂલુલ્લાહિ સાદિકુલ વઅ્દિલ અમીન.**

*(વઝાઈફે અશરફિયહ પેજ : ૧૦૪)*

(૧૪) હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જે માણસ દરરોજ ૧૦૦ (સો) વખત નીચેના મુબારક કલિમાને પઢશે તો તે માણસની રોઝી બહોળી થશે, કબ્રની વહશત અને ગભરામણથી બચશે અને જન્નતનાં આઠે આઠ દરવાજા તે પઢનારનાં માટે ખુલી જશે. રવઝએ અનવરની જાલી મુબારક પર આ કલિમો લખવામાં આવ્યો છે.

لَآاِلٰهَ اِلَّااللّٰهُ الْمَلِكُ الْحَقُّ
الْمُبِيْنُ ط مُحَمَّدٌ رَّسُوْلُ اللّٰهِ
صَادِقُ الْوَعْدِ الْاَمِيْنِ ط

*(નુરૂસ્સુદુર)*

(૧૫) હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ નીચેની દુઆને દસ (૧૦) વખત પઢશે તો તે માણસ ગુનાહોથી એવો પાક—સાફ થઈ ગયો કે જાણે આજે જ પોતાની માંના પેટથી પેદા થયો ને તે દુનિયાની સિત્તેર (૭૦) બલાઓથી બચેલો રહેશે. જેમાં રક્તપિત્ત, કોઢની બીમારીઓ તથા જિન્નાતની અસરનો સમાવેશ થાય છે. હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ સિત્તેર (૭૦)માંથી ફક્ત ત્રણનાં જ નામો જાહેર કર્યા. બાકી ૬૭ ભયંકરમાં ભયંકર રોગો છે, જેથી નીચેની દુઆ પઢનારને અલ્લાહ તઆલા બચાવશે, ઇન્શાઅલ્લાહ. તે દુઆ આ રહી;

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ ط

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**
**લા હવ્લ વલા કુવ્વ-ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યીલ અઝીમ.**

*(વઝાઈફે અશરફિયહ)*

(**અર્થ :** શરૂ કરું છું અલ્લાહના નામથી જે બેહદ મહેરબાન, મોટો રહમ કરનાર છે. નથી કોઈને કશી કુદરત અને નથી કોઈને કશી તાકત; પરંતુ અલ્લાહ તઆલાને જ અને તે જ ઉચ્ચ અને મહાન છે.)

*(વઝાઈફે અશરફિય્યહ પેજ નં. ૧૦૫)*

(૧૬) જે માણસ નીચેની દુઆને ફજરની નમાઝ બાદ ૭ વખત અને મગરિબની નમાઝ બાદ ૭ વખત પઢશે તો અલ્લાહ તઆલા તે માણસને જહન્નમથી છુટકારો (નજાત) આપશે.

હદીસ શરીફમાં છે કે એનો પઢનાર જન્નતી બનશે.

તે દુઆ આ રહી,

اَللّٰهُمَّ اَجِرْنِيْ مِنَ النَّارِ ط

**"અલ્લાહુમ્મ અજિર્‌ની મિનન્નાર."** *(હદીસ)*

(૧૭)

لَآاِلٰهَ اِلَّا اللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ

لَهٗ، لَهُ الْمُلْكُ وَلَهُ الْحَمْدُ يُحْيِيْ
وَهُوَ حَيٌّ دَائِمٌ لَّا يَمُوْتُ بِيَدِهِ
الْخَيْرُ وَهُوَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

**ફઝીલત :** જે માણસ ઉપરના કલિમાને બજારમાં જઈ એક વખત પઢશે તો અલ્લાહ તઆલા તેના ૧૦ લાખ ગુનાહ માફ કરી દેશે, તેને ૧૦ લાખ નેકીઓ આપશે તથા તેના ૧૦ લાખ દરજા જન્નતમાં બુલંદ કરશે.

*(તિરમિઝી શરીફ)*

(**સાર :** બજાર એક ગફલતની જગ્યા છે તેથી ત્યાં અલ્લાહ તઆલાને યાદ કરવું વધુ અજર અને સવાબ મળવાનું કારણ છે.)

**નોંધ :** આગળની કિતાબ ''શવકે આખિરત'' તથા ''પરચાઓ''માં ભૂલથી દસ લાખને બદલે વીસ લાખ છપાઈ ગયું હતું. અલ્લાહ તઆલા છપાવનારની આ ભૂલને માફ કરે. સહીહ ફઝીલત દસ લાખવાળી છે.

(૧૮) હઝરત અબૂ કુલાબહ (રદિ.) ફરમાવે છે કે બે માણસ એક વખત બજારમાં મળ્યા. એ બંનેએ એક બીજાને કહ્યું, બજાર ગફલતની જગ્યા છે. અહિંયા સર્વે લોકો અલ્લાહની યાદથી ગાફિલ છે. આવ, અહિંયા આપણે અલ્લાહની યાદ કરીએ. બંને જણાએ બજારમાં અલ્લાહનો ઝિક્ર કર્યો. ભોગજોગે તેમાંનો એક મરણ પામ્યો તો બીજાએ તેને ખ્વાબમાં જોયો. મરનારે એને કહ્યું, તને કંઈ ખબર છે ? જે દિવસે મેં અને તેં બજારમાં અલ્લાહને યાદ કર્યા હતા તે જ દિવસે ત્રીજા પહોરે અલ્લાહ તઆલાએ મને બખ્શી દીધો. એટલે કે મરતાં જ બખ્શી દેવામાં આવ્યો. *(ઈબ્ને અબીદ દુન્યા)*

(૧૯)

لَآاِلٰهَ اِلَّااللّٰهُ وَحْدَهٗ لَاشَرِيْكَ
لَهٗ اَحَدًا صَمَدًا لَّمْ يَلِدْ وَلَمْ يُوْلَدْ
وَلَمْ يَكُنْ لَّهٗ كُفُوًا اَحَدٌ ط

જે માણસ ઉપરોક્ત કલિમહને એકવાર પઢશે તો તેના આ'માલનામામાં વીસ લાખ નેકીઓ લખવામાં આવશે. *(ફઝાઈલે આ'માલ)*

(૨૦)

رَضِيْتُ بِاللّٰهِ رَبًّا وَّبِالْاِسْلَامِ
دِيْنًا وَّبِمُحَمَّدٍ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ
نَبِيًّا وَّرَسُوْلًا ط

**રદિતુ બિલ્લાહી રબ્બંવ્ વબિલ ઈસ્લામિ દીનંવ્ વ બિ મુહમ્મદિન સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ નબિય્યંવ વ રસૂલન.**

આ દુઆ સવાર—સાંજ ત્રણવાર પઢનાર જન્નતી છે.
*(અબૂ દાવૂદ શરીફ, તિરમિઝી શરીફ)*

હદીસનાં શબ્દો એ છે કે ''અલ્લાહ તઆલા ઉપર એ હક્ક છે કે એ બંદાને કિયામતના દિવસે રાજી અને ખુશ કરી દે.'' *(તિરમિઝી શરીફ)*

(૨૧) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

لَآاِلٰهَ اِلَّااللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ وَلَاحَوْلَ
وَلَاقُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

**લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર વલા હવ્લ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ.**

પઢનારનાં ગુનાહો જો દરિયાનાં ફીણ બરાબર હશે તો પણ માફ કરી દેવામાં આવશે. *(તિરમિઝી શરીફ, નસાઈ)*

(૨૨) હઝરત અબૂ દર્દા (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે ચાર (૪) વખત

لَآاِلٰهَ اِلَّااللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

**લા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.**

પઢનારને અલ્લાહ તઆલા જહન્નમથી છૂટકારો આપે છે. *(તબરાની)*

(૨૩)

اَسْتَغْفِرُاللّٰهَ الَّذِىْ لَآاِلٰهَ اِلَّا
هُوَالْحَيُّ الْقَيُّوْمُ وَاَتُوْبُ اِلَيْهِ ط

**અસ્તગફિરૂલ્લાહલ્લઝી લા ઈલા-હ ઈલ્લા હુવલ હય્યૂલ કય્યૂમુ વ અતૂબુ ઈલયહ.**

**ફઝીલત :** હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) જનાબ રસૂલુલ્લાહ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે જે માણસ પથારી પર સૂતી વખતે ઉપરના ઈસ્તિગફારને ત્રણ વખત પઢશે તો તેનાં સઘળાં ગુનાહો માફ કરી દેવામાં આવશે. ભલે, તે ગુનાહો દરિયાના ફીણ બરાબર હોય અથવા ઝીણી રેતીનાં બરાબર હોય અથવા ઝાડોનાં બરાબર હોય અથવા એ ગુનાહોની સંખ્યા દુનિયાના દિવસોની બરાબર હોય અર્થાત્ જગતની શરૂઆતથી કિયામત સુધીનાં જેટલા ય દિવસ હોય. *(તિરમિઝી શરીફ)*

**સાર :** ગુનાહો કેટલાં ય વધુ હોય, સર્વે માફ કરી દેવામાં આવશે.

(૨૪)

اَللّٰهُمَّ بَارِكْ لِيْ فِي الْمَوْتِ وَفِيْمَا بَعْدَ الْمَوْتِ ط

**અલ્લાહુમ્મ બારીક લી ફિલ મવ્ત વ ફીમા બઅ્દલ મવ્ત.**

**ફઝીલત :** ઉપરની દુઆને દરરોજ ૨૫ વખત પઢનારને અલ્લાહ તઆલા તેના પર મૌતની સખ્તી આસાન કરી દેશે અને તેને શહીદોનો મરતબો મળશે. *(હદીસ)*

(૨૫)

اَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّآمَّاتِ مِنْ شَرِّ مَا خَلَقَ ط

**ફાયદો :** ઉપરની દુઆ સવાર–સાંજ ત્રણ–ત્રણ વાર પઢવાથી દરેક આફતથી હિફાઝત રહેશે. આ દુઆ પઢનાર માટે ૭૦ હજાર ફરિશ્તા નક્કી કરી આપવામાં આવે છે, જે તેની બખ્શીશ માટે દુઆ કરે છે. *(હદીસ)*

(૨૬) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, નીચેના શબ્દો

પઢી જે માણસ અલ્લાહ તઆલાથી જે કંઈ દુઆ માંગશે તે મળશે. તે માણસના આ'માલનામામાં ૧૦૦૦ નેકીઓ લખી દેવામાં આવશે અને તે માણસ માટે અલ્લાહ તઆલા ૭૦,૦૦૦ (સિત્તેર હજાર) ફરિશ્તાઓ નક્કી કરશે, જે કિયામત સુધી તે માણસ માટે ઈસ્તિગફાર કરતા રહેશે. *(તબરાની)*

**તે શબ્દો આ રહ્યા :**

**اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ تَوَاضَعَ كُلُّ**
**شَیْءٍ لِعَظَمَتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ**
**ذَلَّ كُلُّ شَیْءٍ لِعِزَّتِهٖ وَالْحَمْدُ لِلّٰهِ**
**الَّذِیْ خَضَعَ كُلُّ شَیْءٍ لِمُلْكِهٖ**
**وَالْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اِسْتَسْلَمَ كُلُّ**
**شَیْءٍ لِقُدْرَتِهٖ ط**

**(અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી તવાદઅ કુલ્લિ શયઈન લિ અઝમતિહી.**
**(વલ્હમ્દુલિલ્લાહિલ્લઝી ઝલ્લ કુલ્લિ શયઈન લિ ઈઝઝતિહી)**
**(વલ્હમ્દુલિલ્લાહિલ્લઝી ખદઅ કુલ્લિ શયઈન લિ મુલ્કિહી.)**
**(વલ્હમ્દુ લિલ્લાહિલ્લઝી ઈસ્તસ્લમ કુલ્લિ શયઈન લિ કુદરતિહી.)**

*(તબરાની)*

وَالْبُخْلِ وَاَعُوْذُبِكَ مِنْ غَلَبَةِ

الدَّيْنِ وَقَهْرِ الرِّجَالِ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! ગમ અને ચિંતાથી હું તારી પનાહ ચ
છું અને અશક્તિ તથા સુસ્તીથી હું તારી પનાહ ચાહું છું અને બુઝદિ
તથા બખીલાઈથી તારી પનાહ ચાહું છું અને કર્ઝના ગલબા (વર્ચ
તથા પુરુષોના દમન અને ક્રોધથી તારી પનાહ ચાહું છું.

**ફઝીલત :** હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)
દિવસે મસ્જિદમાં તશરીફ લાવ્યા. એક અન્સારી સહાબી હઝરત
ઉમામહ (રદિ.) ત્યાં બેઠેલા હતા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ
પૂછ્યું કે, તમે કવખત મસ્જિદમાં શા માટે બેઠેલા છો ? અબૂ ઉમામહ (રદિ.
કહ્યું; હે અલ્લાહના રસૂલ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અનેક જાત
ચિંતાઓના કારણે પરેશાન છું અને મારા શિરે લોકોનું કર્ઝ પણ છે. અ
(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, હું તમને એવી દુઆ બત
છું કે, જેને સવાર–સાંજ પઢવાથી અલ્લાહ તઆલા તમને ગમથી છૂટક
આપશે અને તમારું કર્ઝ અદા થઈ જશે. પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ
સલ્લમ)એ ઉપરોક્ત દુઆ બતાવી. *(અબૂ દાવૂદ શર*



(૨૭) ''યા રબ્બિગ્ફિરલી'' સિજદામાં ત્રણવાર પઢવાથી આગલા–
છલા ગુનાહો માફ થઈ જાય છે. *(હદીસ)*

*ર્હે અસ્માઉલ્ હુસ્ના–હિસ્ને હસીન) અસ્માઉલ હુસ્ના દારુલ ઉલૂમ, ભરૂચ પ્રકાશન નં. ૬૫, પેજ નં. ૩૦*

**(૨૮) સય્યિદુલ ઈસ્તિગફાર :**

اَللّٰهُمَّ اَنْتَ رَبِّيْ لَآاِلٰهَ اِلَّا اَنْتَ

خَلَقْتَنِيْ وَاَنَا عَبْدُكَ وَاَنَا عَلٰى

عَهْدِكَ وَوَعْدِكَ مَااسْتَطَعْتُ

اَعُوْذُبِكَ مِنْ شَرِّمَاصَنَعْتُ اَبُوْءُ

لَكَ بِنِعْمَتِكَ عَلَيَّ وَاَبُوْءُ بِذَنْبِيْ

فَاغْفِرْلِيْ فَاِنَّهٗ لَايَغْفِرُالذُّنُوْبَ

**ફઝીલત :** હઝરત રસૂલે કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત છે કે, જે માણસ મજકૂર ઈસ્તિગફારને સવાબનું યકીન રાખીને દિવસે પઢશે અને તે જ દિવસે તેનો ઈન્તિકાલ થઈ જશે તો તે જન્નતી છે અને જે માણસ ઉપરોક્ત ઈસ્તિગફારને સવાબનું યકીન રાખીને રાતે પઢશે અને સવાર થતાં પહેલાં એની વફાત થઈ જશે તો તે જન્નતી છે.

*(બુખારી શરીફ)*

(૨૯) વિત્રની નમાઝ બાદ બે સિજદા કરે. પહેલા સિજદામાં પાંચ વખત

**"સુબ્બુહુન કુદુસુન રબ્બુના વ રબ્બુલ મલાઇકતિ વર્રુહ"** પઢે. પછી સિજદામાંથી ઉઠી એક વખત

આયતુલ કુર્સી **"અલ્લાહુ લા ઈલા-હ ઈલ્લા હુ-વ...."** પઢે.

પછી બીજા સિજદામાં પાંચ વખત

**"સુબ્બુહુન કુદુસુન રબ્બુના વ રબ્બુલ મલાઇકતિ વર્રુહ"**

પઢે તો પોતાની જગ્યાએથી ઉઠયો પણ ન હશે કે તેને બખ્શી દેવામાં આવશે અને મરતી વખતે શહીદોનો મરતબો મળશે, ઇન્શાઅલ્લાહ.

*(ફતાવા હુજ્જર)*

● ● ●

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ ط

جَزَى اللّٰهُ عَنَّا سَيِّدَنَا مُحَمَّدًا بِمَا هُوَ اَهۡلُهٗ ط

## ✪ પ્રકરણ–૫ ✪

# અદ્ઈય્યએ મા'પૂરહ

(૧) **"ઉદ્ઊની અસ્તજિબ્ લકુમ"**

**અર્થાત્ :** તમે મારાથી દુઆ માંગો, હું તમારી દુઆને કબૂલ કરીશ.
*(સૂરએ મુઅમિનૂન)*

(૨) **"ઉજીબુ દઅ્વતદ્દાઈ ઈઝા દઆનિ"**

**અર્થાત્ :** હું દુઆ કરનારાઓની દુઆને કબૂલ કરું છું. *(સૂરએ બકરહ)*

(૩) **"ઉદ્ઊ રબ્બકુમ તદર્રુઅંવ્વખુફ્યતન"**

**અર્થાત્ :** તમે પોતાના પાલનહાર સમક્ષ આજિઝીપૂર્વક તથા ચૂપકીદીથી દુઆ માંગ્યા કરો. *(સૂરએ અઅ્રાફ)*

(૪) હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જ્યારે કોઈ મુસલમાન દુઆ કરે છે તો તેને મોં માગી વસ્તુ મળી જાય છે અથવા કોઈ બલા તેના ઉપરથી હટાવી દેવામાં આવે છે અથવા તેની દુઆ આખિરત માટે જમા–એકઠી કરી દવામાં આવે છે. *(અહમદ–બઝઝાર)*

(૫) હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''લોકો ! દુઆ કરવાથી હિમ્મત ન હારી બેંસો ! દુઆ કરવાની હાલતમાં કોઈ માણસ બરબાદ થતો નથી.'' *(ઈબ્ને હિબ્બાન–હાકિમ)*

(૬) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

''દુઆ મુઅમિનનું હથિયાર છે. દીનના થાંભલા છે. આસમાન અને જમીનનું નૂર છે.'' *(હાકિમ)*

(૭) હઝરત સલમાન ફારસી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''અલ્લાહ તઆલા કરીમ પણ છે અને તેની આંખમાં શરમ પણ છે. જ્યારે કોઈ બંદો તેની સામે હાથ ફેલાવે છે તો એ બંદાનાં હાથ ખાલી ફેરવતાં એને શર્મ આવે છે.''

*(અબૂ દાવૂદ શરીફ)*

(૮) હઝરત સલમાન ફારસી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''અલ્લાહ તઆલા કરીમ પણ છે અને તેની આંખમાં શરમ પણ છે.''

લોકો ! અલ્લાહથી દુઆ માંગ્યા કરો ત્યારે લાંબી–લાંબી દુઆઓ માંગ્યા કરો. *(તિરમિઝી શરીફ)*

**(૧) સખત પરેશાની વખતે પઢવાની દુઆ :**

اَللّٰهُمَّ اسْتُرْ عَوْرَاتِنَا وَاٰمِنْ
رَّوْعَاتِنَا ط

**અર્થ :** હે અલ્લાહ ! અમારી એબોને છૂપી રાખ અને અમારી ગભરામણને સંતોષ અને શાંતિથી બદલી આપ.

**ફઝીલત :** હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.) ફરમાવે છે કે, અમે ગઝવએ ખન્દકના દિવસે હઝરત નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સેવામાં અરજ ગુઝારી કે, યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) શું આવા નાઝુક અને કપરા સમયે પઢવાની એવી કોઈ દુઆ છે, જેની મદદથી અમે બારગાહે ઈલાહીમાં અરજ ગુઝારી શકીએ ? કારણ કે, અમારા દિલ ગભરામણથી ઉછળી ઉછળીને ગળે આવી રહ્યાં છે. જવાબમાં આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ મજકૂર દુઆ પઢવાની તલ્કીન ફરમાવી. *(મુસ્નદે અહમદ)*

**(૨) રંજ—ગમને દૂર કરવા અને કર્ઝની અદાયગી માટે પઢવાની દુઆ :**

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنَ الْهَمِّ
وَالْحُزْنِ وَاَعُوْذُبِکَ مِنَ الْعِجْزِ
وَالْکَسْلِ وَاَعُوْذُبِکَ مِنَ الْجُبْنِ
وَالْبُخْلِ وَاَعُوْذُبِکَ مِنْ غَلَبَةِ
الدَّیْنِ وَقَهْرِالرِّجَالِ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! ગમ અને ચિંતાથી હું તારી પનાહ ચાહું છું અને અશક્તિ તથા સુસ્તીથી હું તારી પનાહ ચાહું છું અને બુઝદિલી તથા બખીલાઈથી તારી પનાહ ચાહું છું અને કર્ઝના ગલબા (વર્ચસ) તથા પુરુષોના દમન અને ક્રોધથી તારી પનાહ ચાહું છું.

**ફઝીલત :** હઝરત રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એક દિવસે મસ્જિદમાં તશરીફ લાવ્યા. એક અન્સારી સહાબી હઝરત અબૂ ઉમામહ (રદિ.) ત્યાં બેઠેલા હતા. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પૂછયું કે, તમે કવખત મસ્જિદમાં શા માટે બેઠેલા છો? અબૂ ઉમામહ (રદિ.)એ કહ્યું; હે અલ્લાહના રસૂલ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અનેક જાતની ચિંતાઓના કારણે પરેશાન છું અને મારા શિરે લોકોનું કર્ઝ પણ છે. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, હું તમને એવી દુઆ બતાવું છું કે, જેને સવાર—સાંજ પઢવાથી અલ્લાહ તઆલા તમને ગમથી છૂટકારો આપશે અને તમારું કર્ઝ અદા થઈ જશે. પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઉપરોક્ત દુઆ બતાવી. *(અબૂ દાવૂદ શરીફ)*

**(૩) કોઇને મુસીબતમાં જુએ તો પઢે :**

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِىْ عَافَانِىْ مِمَّا
ابْتَلَاكَ بِهٖ وَفَضَّلَنِىْ عَلٰى كَثِيْرٍ
مِّمَّنْ خَلَقَ تَفْضِيْلًاط

**અર્થ :** સઘળા વખાણો તે અલ્લાહ તઆલા માટે છે, જેણે મને આફિયત બખ્શી અને સુરક્ષિત રાખ્યો, તે મુસીબત અને આફતથી જેમાં તું સંડોવાયેલ છે તથા પોતાની ઘણી મખ્લૂકના ઉપર મને ફઝીલત આપી.

**ફઝીલત :** હઝરત રસૂલે ખુદા (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, જે માણસ કોઈ દુઃખી અને મુસીબતમાં આવી પડેલ આદમીને જોઈને મજકૂર દુઆ પઢશે તો એ દુઆને પઢવાવાળો ગમે તેવી મુસીબતથી મહફૂઝ રહેશે. *(તિરમિઝી)*

**(૪) ચિંતા અને પરેશાની વખતે પઢવાની દુઆ :**

يَا حَىُّ يَا قَيُّوْمُ بِرَحْمَتِكَ اَسْتَغِيْثُ
يَاذَالْجَلَالِ وَالْاِكْرَامِط

**અર્થ :** હે તે ઝાત ! જે હંમેશા જીવંત અને કાયમ રહેવાવાળી છે ! હે જલાલ અને ઈઝઝતવાળી ઝાત ! તારી રહમત વડે હું મદદ ચાહું છું.

**ફઝીલત :** હઝરત અનસ (રદિ.)નું બયાન છે કે, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને જ્યારે કોઈ મુસીબત અને પરેશાની લાગુ પડતી તો

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મજકૂર દુઆ પઢતા હતા.

હઝરત અલી (રદિ.) ફરમાવે છે કે, જંગે બદરમાં મેં રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને સિજદાની હાલતમાં વખતોવખત મજકૂર દુઆ પઢતાં જોયા હતા, એટલે સુધી કે, અલ્લાહ તઆલાએ ફતેહ અતા ફરમાવી. *(નસઇ શરીફ)*

**(૫) જામિઅ (સર્વગ્રાહી) દુઆ :**

اَللّٰهُمَّ اِنَّا نَسْئَلُکَ مِنْ خَيْرِ مَا
سَئَلَکَ مِنْهُ نَبِيُّکَ مُحَمَّدٌ صَلَّى
اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَنَعُوْذُبِکَ مِنْ
شَرِّ مَا اسْتَعَاذَکَ مِنْهُ نَبِيُّکَ
مُحَمَّدٌ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَاَنْتَ
الْمُسْتَعَانُ وَعَلَيْکَ الْبَلَاغُ وَلَا
حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! અમે તારાથી તે સર્વ કાંઈ માંગીએ છીએ, જે તારાથી તારા નબી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ માંગ્યું હતું અને તે બધી જ વસ્તુઓથી પનાહ માંગીએ છીએ, જેનાથી તારા નબી હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ તારી પનાહ માંગી હતી.

**ફઝીલત :** હઝરત અબૂ ઉમામહ (રદિ.)થી રિવાયત છે કે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ અમને ઘણી દુઆઓ શીખવી જે અમને યાદ ન રહી. અમે આપની ખિદમતમાં અરજ કરી કે, યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આપે શીખવેલી ઘણી દુઆઓને અમે ભૂલી ગયા. તે બધી જ દુઆઓ અમે અલ્લાહ તઆલાથી માંગવા ચાહિએ છીએ. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, હું તમને એવી દુઆ બતાવું કે જેમાં બધી જ દુઆઓ આવી જાય ? પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઉપરોક્ત દુઆ બતાવી. *(તિરમિઝી શરીફ)*

(૬) حَسْبِيَ اللّٰهُ ۖ لَآ اِلٰهَ اِلَّا هُوَ ؕ عَلَيْهِ تَوَكَّلْتُ وَهُوَ رَبُّ الْعَرْشِ الْعَظِيْمِ ﴿١٢٩﴾ (التوبة ٩:١٢٩)

**અર્થાત :** અલ્લાહ મને બસ છે. તેના સિવાય કોઈ માબૂદ નથી, મને તેના ઉપર ભરોસો છે અને તે જ મોટા તખ્તનો માલિક છે.

**ખાસિયત :** હઝરત અબૂ દર્દા (રદિ.)ની રિવાયત મુજબ જે માણસ દરરોજ સવાર–સાંજ ૭ વાર આ દુઆ પઢશે તો દુન્યા અને આખિરતનાં તમામ ગમોથી અલ્લાહ તઆલા તેને છુટકારો આપશે. બીજી રિવાયતમાં છે કે એનો પઢનાર ઊંચી જગ્યાએથી પડવા, ડુબવા કે બળવાથી મરશે નહિ. *(ચાલીસ રબ્બના)*

**(૭) દિવસ દરમ્યાન દરેક બુરાઈથી મહફૂઝ રહેવાની દુઆ :**

حٰمٓ ﴿١﴾ تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ

الْعَزِيْزِ الْعَلِيْمِ ۙ﴿۲﴾ غَافِرِ الذَّنْۢبِ وَقَابِلِ
التَّوْبِ شَدِيْدِ الْعِقَابِ ۙ ذِی الطَّوْلِ ؕ
لَآ اِلٰهَ اِلَّا هُوَ ؕ اِلَيْهِ الْمَصِيْرُ ﴿۳﴾ (المؤمن ۴۰: ۱-۳)

**અર્થ :** હા મીમ. આ કિતાબ–કુર્આન અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવી છે, જે ઝબરદસ્ત (અને) દરેક વસ્તુને જાણનાર છે. જે ગુનાહોને માફ કરનાર અને તૌબા કબૂલ કરનાર છે, કુદરતવાળો છે. તેના સિવાય કોઈ મા'બૂદ નથી. સૌએ તેના જ તરફ પાછા ફરવાનું છે.

**ફઝીલત :** હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, શરૂ દિવસમાં જે કોઈ માણસ આયતુલ કુર્સી અને સૂરએ મુઅમિનની (મજકૂર) પહેલી ત્રણ આયતો પઢશે તો તે માણસ તે દિવસે દરેક પ્રકારની બુરાઈ અને મુસીબતથી સુરક્ષિત રહેશે.

*(મુસ્નદે બઝાઝ)*

**(૮) મુશ્કેલ કામની આસાની માટે પઢવાની દુઆ :**

اَللّٰهُمَّ لَا سَهْلَ اِلَّا مَا جَعَلْتَهٗ
سَهْلًا وَّ اَنْتَ تَجْعَلُ الْحَزَنَ
سَهْلًا اِذَا شِئْتَ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! કોઈ પણ કામ આસાન નથી, પરંતુ જેને તું આસાન બનાવે અને મુશ્કેલ કામોને તું ચાહે ત્યારે આસાન કરી આપે છે.
*(હિસ્ને હસીન)*

**(૯) આયાતે શિફા :**

وَ يَشْفِ صُدُوْرَ قَوْمٍ مُّؤْمِنِيْنَ ﴿١٤﴾ (التوبة ٩:١٤)

وَشِفَآءٌ لِّمَا فِي الصُّدُوْرِ (يونس ١٠:٥٧)

يَخْرُجُ مِنْۢ بُطُوْنِهَا شَرَابٌ مُّخْتَلِفٌ اَلْوَانُهٗ فِيْهِ شِفَآءٌ لِّلنَّاسِ (النحل ١٦:٦٩)

وَنُنَزِّلُ مِنَ الْقُرْاٰنِ مَا هُوَ شِفَآءٌ وَّ رَحْمَةٌ لِّلْمُؤْمِنِيْنَ

(بنی اسرائیل ١٧:٨٢)

وَ اِذَا مَرِضْتُ فَهُوَ يَشْفِيْنِ ﴿٨٠﴾ (الشعراء ٢٦:٨٠)

قُلْ هُوَ لِلَّذِيْنَ اٰمَنُوْا هُدًى وَّ شِفَآءٌ (حم السجدة ٤١:٤٤)

**અર્થ :** અને તે અલ્લાહ મુઅમિન લોકોના દિલોને શિફા આપશે. *(સૂ. તવબા, ૧૪)* અને દિલોના રોગ માટે શિફા છે. *(સૂ. યૂનુસ–૫૭)* તે મધમાખીના પેટમાંથી પીવાની વસ્તુ (મધ) નીકળે છે, જેના રંગ જુદા જુદા હોય છે, તેમાં લોકો માટે શિફા છે. *(સૂ. નહલ, ૬૯)* અને અમે કુર્આનમાં એવી વાતો ઉતારીએ છીએ, જે શિફા અને રહમત છે મુઅમિનો માટે. *(સૂ. બની ઇસ્રાઈલ–૮૨)* અને જ્યારે હું બીમાર થાઉં છું તો તે અલ્લાહ મને

શિફા આપે છે.(સૂ.શોઅરા-૮૦) આપ ફરમાવી દો કે, તે (કુર્આન) મુઅમિનો માટે હિદાયત અને શિફા છે.(સૂ. હામીમ-૪૪)

**ફઝીલત :** ઈમામે તરીકત અબુલ કાસિમ કુરૈશી (રહ.) ફરમાવે છે કે, મારો એક છોકરો એટલો બીમાર થયો કે મૌતના નજીક પહોંચી ગયો, મેં હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને ખ્વાબમાં જોયા. આપની ખિદમતે અકદસમાં છોકરાની હાલત બયાન કરી, આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, તમે આયાતે શિફાથી મદદ કેમ લેતા નથી ? હું જાગૃત થયો અને વિચાર કર્યો તો આયાતે શિફા ૬ (છ) ઠેકાણે મળી, જેનું વર્ણન ઉપર થઈ ગયું છે.

(મદારિજુન્નુબુવ્વહ)

**(૧૦) ખૂશીના વખતે પઢવાની દુઆ :**

اَلحَمْدُ لِلّٰهِ الَّذِىْ بِنِعْمَتِهٖ تَتِمُّ الصَّالِحَاتُ ط

(ચાલીસ રબ્બના પ્રકાશન નં. ૫૩)

**(૧૧) ગમીના વખતે પઢવાની દુઆ :**

اَلْحَمْدُ لِلّٰهِ عَلٰى كُلِّ حَالٍ ط

(ચાલીસ રબ્બના પ્રકાશન નં. ૫૩)

(૧૨)

يَا وَاحِدُ يَا اَحَدُ يَا وَاجِدُ

يَاجَوَّادُ اِنْفَحْنَا مِنْكَ بِنَفْحَةِ
خَيْرٍ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

આ દુઆ વિષે શેખ અબ્દુલ્લાહ કુરૈશી મિસરી અરબ જેઓ મિસરના મહાન શૈખો (બુઝુર્ગો)માંથી છે તેમણે કહ્યું કે મેં મોટા મોટા શૈખો સાથે મુલાકાત કરી છે અને ૬૦૦થી વધુ ઉસ્તાદોએ મને તા'લીમ આપી છે. તેમનું બયાન છે કે એક દિવસે હું હઝરત મુહમ્મદ મનાદ (તેઓ પોતાના સમયના મહાન વલી હતા) પાસે ગયો અને તેમનાથી મેં દરખાસ્ત કરી કે મને કોઈ એવી દુઆ બતાવો કે જ્યારે મને કોઈ હાજત પડે તો તે વડે હું મદદ હાસિલ કરું. ત્યારે આપે ફરમાવ્યું કે આ દુઆ પઢયા કરો. મજકુર દુઆનો તરજુમો આ છે કે હે એકલા ઝાતમાં ! હે એકલા સિફાતમાં ! હે મેળવનાર ! હે મહાન સખાવત કરનાર ! તારી ભલાઈની ખૂશ્બુ અમને પણ સુંઘાડ (એટલે લાભ કરી આપ). બેશક, તું દરેક વસ્તુ પર શક્તિમાન છે.

*(શમ્સુલ મઆરિફ ભા. ૪)*

(૧૩)

اَللّٰهُمَّ اجْعَلْ لِّيْ مِنْ اَمْرِيْ هٰذَا فَرَجًا
وَّمَخْرَجًا اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ط

**અર્થાત :** હે અલ્લાહ ! મારા માટે મારા આ કામમાં આસાની અને છુટકારાનો માર્ગ બનાવ. ખચીત્ તું દરેક વસ્તુ પર શક્તિમાન છે.

*(ચાલીસ રબ્બના)*

**ફાયદો :** હઝરત ઈમામ શાફિઈ (રહ.) ફરમાવે છે કે, જેને કોઈ કામ કરવા–ન કરવા વિષે શંકા થતી હોય તો બેહતરી જાણવા માટે ઈશાની નમાઝ પછી સૂરએ ''વલ્લયલિ ઈઝા યખ્શા'' તથા સૂરએ ''વદ્દુહા'' અને સૂરએ ''અલમ નશ્રહ'' અને આ દુઆ રોજ સાત (૭) વાર પઢે. અલ્લાહના

હુકમથી પહેલી યા બીજી અથવા ત્રીજી રાત સુધીમાં જે બેહતર હશે તે ગેબી માણસ આવી બતાવશે.

**(૧૪) હિફાઝતનો અમલ :**

اَللّٰهُ حَفِيْظٌ لَطِيْفٌ قَدِيْمٌ اَزَلِيٌّ
حَيٌّ قَيُّوْمٌ لَّا يَنَامُ ط

**"અલ્લાહુ હફીઝુન લતીફુન કદીમુન અઝલિય્યુન હય્યુન કય્યુમુન લા યનામુ."**

*દારુલ ઉલૂમ અરબિય્યહ અશરફીય્યહ (ચાલીસ રબ્બના)*

જે માણસ સફરમાં આ આયત સાત વાર પઢશે તો તે દરેક પ્રકારની આફત–બલાથી બચેલો રહેશે. લખીને સાથે રાખશે તો સવારીના ખતરાથી મહફુઝ રહેશે. લખીને જો ઘરમાં અથવા પેટીમાં રાખશે તો ચોરીનો ડર ન રહેશે. રોજ સવાર–સાંજ ૧૧ વાર પઢશે તો અમનો–અમાનમાં રહેશે. માલમાં બરકત થશે; દુઃખ–પરેશાની દૂર થશે.

**(૧૫) નફસની બુરાઈથી પનાહ માંગવાની દુઆ :**

હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એમના વાલિદ હઝરત હુસૈન (રદિ.)ને દુઆ માટે આ બે કલિમાત શીખવાડયા હતા :

اَللّٰهُمَّ اَلْهِمْنِىْ رُشْدِىْ وَاَعِذْنِىْ
مِنْ شَرِّ نَفْسِىْ ط

(**અર્થ :** હે અલ્લાહ ! સીધા માર્ગની તરફ મને માર્ગદર્શન આપ અને મને મારા નફસની બુરાઈથી બચાવી લે.) *(તિરમિઝી શરીફ)*

હિદાયત અલ્લાહ તઆલાની કુદરતમાં છે. તે જેને ચાહે હિદાયત આપે છે અને જેને ચાહે ગુમરાહ કરી દે છે. હિદાયત માંગતા રહેવું જોઈએ. નફસે અમ્મારહ હંમેશા ગુમરાહ કરવાની ફિકરમાં રહે છે. શયતાન તેનો માર્ગદર્શક હોય છે. એટલા માટે નફસની બુરાઈથી હંમેશા પનાહ માંગતા રહેવું જોઈએ, જેથી નફસ અને શયતાન અપમાનિત થાય.

**(૧૬) બીમારીઓથી પનાહ માંગવાની દુઆ :**

હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ દુઆ ફરમાવ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُبِکَ مِنَ الْبَرَصِ
وَالْجُنُوْنِ وَالْجُذَامِ وَسَیِّءِ
الْاَسْقَامِ ط

(**અર્થ :** હે અલ્લાહ ! હું તારી પનાહ ચાહું છું કોઢથી, પાગલપણાથી, રક્તપિત્તથી અને તમામ બુરી બીમારીઓથી.) *(અબૂ દાવૂદ)*

મનુષ્ય કમઝોર અને લાચાર છે. મુસીબતો, તકલીફો અને બીમારીઓને સહન કરી શકતો નથી, એ કારણે દરેક પ્રકારની બીમારીઓથી હંમેશા પનાહ માંગવી જોઈએ.

**(૧૭) એક અતિ જામિઅ–સર્વગ્રાહી દુઆ :**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّىْ اَسْئَلُكَ الْهُدٰى
وَالتُّقٰى وَالْعَفَافَ وَالْغِنٰى ط

(**અર્થ :** હે અલ્લાહ તઆલા ! હું તારાથી સવાલ કરું છું હિદાયતનો, પરહેઝગારીનો, પાકદામનીનો અને બેનિયાઝી યા માલદારીનો.)

*(મુસ્લિમ શરીફ)*

**(૧૮) ગુનાહોની બુરી અસરોથી પનાહ માંગવાની દુઆ :**

હઝરત આયશા (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પોતાની દુઆમાં આ કલિમાત ફરમાવ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّىْ اَعُوْذُبِكَ مِنْ شَرِّ مَا
عَمِلْتُ وَمِنْ شَرِّ مَالَمْ اَعْمَلْ ط

(**અર્થ :** હે અલ્લાહ ! હું તારી પાસે તે કામોની બુરાઈથી પણ પનાહ માંગુ છું, જે મેં કર્યા છે અને તે કામોની બુરાઈથી પણ પનાહ ચાહું છું, જે મેં કર્યા નથી.) *(મુસ્લિમ શરીફ)*

નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આ દુઆમાં એવા કામોથી પનાહ માંગી છે, જે અલ્લાહ તઆલાની રઝામંદીનું નિમિત્ત ન બને, કારણ કે અલ્લાહ તઆલાની પકડથી દરેક માણસે સદા ડરતાં જ રહેવું જોઈએ.

અમુક ઉલમાએ કિરામે આ હદીસનો ભાવાર્થ આ બયાન કર્યો છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આવું એ કારણે ફરમાવ્યું છે કે માણસે આ અભિમાનમાં સપડાવું જોઈએ નહિ કે હું ઘણો નેક અને પરહેઝગાર છું, ગુનાહોથી બચું છું; બલકે એવું સમજવું જોઈએ કે આ અલ્લાહ પાકનો ફઝલ છે.

**(૧૯) હિફાઝતની દુઆ :**

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે એક સજ્જન નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયા અને અરજ કરી કે, હે અલ્લાહના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! ગઈ રાતે વીંછીના કરડવાથી મને ઘણી તકલીફ થઈ. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે જો તમે સાંજના સમયે આ દુઆ પઢી લેત તો એ તમને તકલીફ ન પહોંચાડત :

اَعُوْذُ بِكَلِمَاتِ اللّٰهِ التَّآمَّاتِ
مِنْ شَرِّ مَا خَلَقَ ط

(**અર્થ** : હું અલ્લાહ તઆલાના કામિલ યા સંપૂર્ણ કલિમાત દ્વારા તેની મખ્લૂકની બુરાઈથી પનાહ ચાહું છું.) *(મુસ્લિમ શરીફ)*

**(૨૦) માલદારી અને ફકીરીની બુરાઈથી પનાહ માંગવાની દુઆ :**

હઝરત આયશા (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આ કલિમાત દ્વારા દુઆ માંગ્યા કરતા હતા :

اَللّٰهُمَّ اِنِّیْ اَعُوْذُ بِکَ مِنْ فِتْنَةِ

النَّارِ وَعَذَابِ النَّارِ وَمِنْ
شَرِّ الْغِنٰى وَالْفَقْرِ ؕ

(**અર્થ** : હે અલ્લાહ તઆલા ! હું તારી પનાહ ચાહું છું આગના ફિત્નાથી, દોઝખના અઝાબથી અને માલદારી તથા ફકીરીની બુરાઈથી.)

*(અબૂ દાવૂદ–તિરમિઝી)*

(૨૧) હઝરત ઉસ્માન (રદિ.) ફરમાવે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ દરરોજ સવાર–સાંજ ત્રણ વખત નીચેના કલિમાત પઢી લેશે તો એને કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકશે નહિ. *(તિરમિઝી શરીફ)*

અબૂ દાવૂદ શરીફની રિવાયતમાં છે કે સવારે પઢી લેવાથી સાંજ સુધી અને સાંજે પઢી લેવાથી સવાર સુધી એને કોઈ આકસ્મિક આફત પહોંચશે નહિ. *(અબૂ દાઉદ શરીફ)*

તે કલિમાત આ રહ્યાં :

بِسْمِ اللّٰهِ الَّذِیْ لَا یَضُرُّ مَعَ
اِسْمِهٖ شَیْءٌ فِی الْاَرْضِ وَلَا فِی
السَّمَآءِ وَهُوَ السَّمِیْعُ الْعَلِیْمُ ؕ

**અર્થ** : અલ્લાહ તઆલાના નામથી અમે સવાર કરી (યા સાંજ કરી), જેના નામની સાથે આસમાન યા જમીનમાં કોઈ વસ્તુ નુકસાન પહોંચાડી શકતી નથી અને તે જાણનાર તથા સાંભળનાર છે. *(તિરમિઝી)*

(૨૨) હઝરત ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ઈરશાદ ફરમાવ્યો : જે માણસ સવારે (સૂરએ રૂમ, પારહ ૨૧ની) નીચેની ત્રણ આયતો પઢી લેશે તો એ દિવસે જે (વિર્દ–વઝાઈફ વગેરે) છૂટી જશે એનો સવાબ પામી લેશે અને જે માણસ સાંજે આ આયતો પઢી લેશે તો એ રાતે જે (વિર્દ–વઝાઈફ) છૂટી જશે એનો સવાબ મેળવી લેશે. *(અબૂ દાવૂદ)*

તે આયત નીચે પ્રમાણે છે :

فَسُبْحٰنَ اللّٰهِ حِيْنَ تُمْسُوْنَ وَحِيْنَ
تُصْبِحُوْنَ ﴿١٧﴾ وَلَهُ الْحَمْدُ فِي السَّمٰوٰتِ
وَالْاَرْضِ وَعَشِيًّا وَّحِيْنَ تُظْهِرُوْنَ ﴿١٨﴾
يُخْرِجُ الْحَيَّ مِنَ الْمَيِّتِ وَيُخْرِجُ
الْمَيِّتَ مِنَ الْحَيِّ وَيُحْيِ الْاَرْضَ
بَعْدَ مَوْتِهَا ؕ وَكَذٰلِكَ تُخْرَجُوْنَ ﴿١٩﴾

(الروم ۳۰: ۱۷-۱۹)

**અર્થ :** તો તમે અલ્લાહ તઆલાની પવિત્રતા બયાન કરતા રહો, (ખાસ કરીને) સાંજના વખતે અને સવારના વખતે. આકાશો અને જમીનમાં તેના જ માટે હમ્દ છે અને (તેની પવિત્રતા બયાન કરો) ત્રીજા પહોરમાં (ઝવાલ પછી) અને ઝોહરના સમયે પણ. તે સજીવને નિર્જીવમાંથી કાઢે છે

અને નિર્જીવને સજીવમાંથી કાઢે છે અને જમીનને તેના મરણ પછી સજીવન કરે છે અને આ જ પ્રમાણે તમને પણ (કબરોમાંથી) કાઢવામાં આવશે.

*(રૂમ : ૧૭ થી ૧૯)*

(૨૩) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસ સવારે નીચેના કલિમાતને પઢી લેશે તો તે માણસે તે દિવસની અલ્લાહની નેઅમતોનો શુક્રિયા અદા કરી લીધો અને સાંજે આ કલિમાત પઢી લેશે તો રાતની અલ્લાહની નેઅમતોનો શુક્રિયહ અદા કરી દીધો.

*(અબૂ દાવૂદ શરીફ, નસાઈ)*

તે કલિમાત આ પ્રમાણે છે :

اَللّٰهُمَّ مَا اَصْبَحَ بِیْ مِنْ نِّعْمَةٍ
اَوْ بِاَحَدٍ مِّنْ خَلْقِکَ فَمِنْکَ
وَحْدَکَ لَاشَرِیْکَ لَکَ فَلَکَ
الْحَمْدُ وَلَکَ الشُّکْرُ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! આ સવારના સમયે જે પ્રકારની પણ નેઅમત મારા પર અથવા તારી અન્ય કોઈ મખ્લૂક પર છે તે માત્ર તારા જ તરફથી છે. તું એકલો જ છે. તારો કોઈ ભાગીદાર નથી. સઘળાં વખાણ તારા જ માટે છે અને તારા જ માટે શુક્ર છે.

**સૂચના :** મજકૂર દુઆ જો સાંજે પઢે તો ''મા અસ્બહ બી''ની જગ્યાએ ''મા અમ્સા બી'' પઢે.

### (૨૪) અઝાન પછી પઢવાની દુઆ :

અઝાન પૂરી થયા પછી દુરૂદ શરીફ પઢીને આ દુઆ પઢવી :

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ التَّآمَّةِ
وَالصَّلٰوةِ الْقَائِمَةِ اٰتِ مُحَمَّدَ
اِلْوَسِيْلَةَ وَالْفَضِيْلَةَ وَابْعَثْهُ
مَقَامًا مَّحْمُوْدَ اِلَّذِىْ وَعَدْتَّهٗ
اِنَّكَ لَاتُخْلِفُ الْمِيْعَادَ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! આ પૂરી પુકારના રબ અને કાયમ થનાર નમાઝના રબ ! મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને વસીલહ અતા ફરમાવ (જે જન્નતનો એક દરજો છે) અને આપને ફઝીલત અતા ફરમાવ અને આપને મકામે મહમૂદ પર પહોંચાડ, જેનો તેં આપને વાયદો ફરમાવ્યો છે. બેશક, તું (કદી) વચનભંગ કરતો નથી. *(મિશ્કાત)*

આ દુઆ પઢી લેવાથી રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની સિફારિશ વાજિબ થઈ જાય છે. *(મિશ્કાત)*

**નોટ :** જે શબ્દો અઝાનના જવાબમાં કહે છે તે જ શબ્દો ઈકામતના જવાબમાં કહેવા અને જ્યારે–

قَدْ قَامَتِ الصَّلٰوةُ ط

–સાંભળે તો આ પ્રમાણે કહે :

اَقَامَهَا اللّٰهُ وَاَدَامَهَا ط

**અર્થ :** અલ્લાહ તઆલા એને (આ નમાઝને) કાયમ અને હંમેશા રાખે.

*(મિશ્કાત)*

**(૨૫) તહજ્જુદ માટે ઊઠે ત્યારે પઢવાની દુઆ :**

اَللّٰهُمَّ لَكَ الْحَمْدُ اَنْتَ قَيِّمُ
السَّمٰوٰتِ وَالْاَرْضِ وَمَنْ فِيْهِنَّ
وَلَكَ الْحَمْدُ اَنْتَ نُوْرُالسَّمٰوٰتِ
وَالْاَرْضِ وَمَنْ فِيْهِنَّ وَلَكَ الْحَمْدُ
اَنْتَ مَلِكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَمَنْ فِيْهِنَّ وَلَكَ الْحَمْدُ اَنْتَ
الْحَقُّ وَلِقَائُكَ حَقٌّ وَّقَوْلُكَ حَقٌّ
وَّالْجَنَّةُ حَقٌّ وَّالنَّارُ حَقٌّ وَّالنَّبِيُّوْنَ
حَقٌّ وَّمُحَمَّدٌ حَقٌّ وَّالسَّاعَةُ حَقٌّ
اَللّٰهُمَّ لَكَ اَسْلَمْتُ وَبِكَ اٰمَنْتُ
وَعَلَيْكَ وَتَوَكَّلْتُ وَاِلَيْكَ اَنَبْتُ
وَبِكَ خَاصَمْتُ وَاِلَيْكَ حَاكَمْتُ

فَاغْفِرْ لِیْ مَاقَدَّمْتُ وَمَا اَخَّرْتُ
وَمَا اَسْرَرْتُ وَمَا اَعْلَنْتُ وَمَا
اَنْتَ اَعْلَمُ بِهٖ مِنِّیْ اَنْتَ الْمُقَدِّمُ
وَاَنْتَ الْمُؤَخِّرُ لَآاِلٰهَ اِلَّا اَنْتَ
وَلَآاِلٰهَ غَيْرُكَ ط

(بخاری ومسلم)

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! તારા જ માટે તમામ પ્રકારની તારીફ છે. તું આકાશો અને જમીનો તથા જે કાંઈ એ બંનેની વચ્ચે છે તે સૌને કાયમ રાખનાર, સંભાળનાર છે અને તારા જ માટે તારીફ છે. તું આકાશો અને જમીનો તથા જે કાંઈ એ બંનેના દરમિયાન છે તે સૌને રોશન કરનાર છે અને તું જ પ્રશંસાને પાત્ર છે. તું આકાશો અને જમીનો અને જે કાંઈ એ બંનેની વચ્ચે છે તે સૌનો બાદશાહ છે અને તારા જ માટે હમ્દ છે, તું હક છે અને તારી મુલાકાત હક (સત્ય) છે અને તારી વાત હક છે અને જન્નત હક છે તથા દોઝખ હક છે અને તમામ નબીઓ હક છે તથા મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ હક છે અને કિયામત હક છે. હે અલ્લાહ તઆલા ! મેં તારી પેરવી માટે શિર ઝુકાવી દીધું અને હું તારા પર ઈમાન લાવ્યો તથા મેં તારા પર ભરોસો

કર્યો અને હું તારી તરફ રુજૂઅ થયો અને તારી શક્તિ દ્વારા મેં (શત્રુઓથી) વિવાદ કર્યો અને તને જ મેં હાકિમ બનાવ્યો, તો તું મારા આગલા–પાછલા, ગુપ્ત અને જાહેર ગુનાહોને તેમજ તે ગુનાહોને જેમને તું મારાથી વધુ જાણે છે, માફ કરી દે. તું જ આગળ ધપાવનાર અને તું જ પાછળ હટાવનાર છે. મા'બૂદ માત્ર તું જ છે અને તારા સિવાય અન્ય કોઈ જ મા'બૂદ નથી. (બુખારી–મુસ્લિમ)

એ પછી આસમાનની તરફ મુખ ઉઠાવીને સૂરએ આલિ ઈમરાનનો અંતિમ રુકૂઅ (ઈન્ન ફી ખલ્કિસ્સમાવાતિ–થી સૂરહના અંત સુધી) પણ પઢે, ઉપરાંત, નીચેના કલિમાત પઢે :

اَللّٰهُ اَكْبَرُ ط

**અલ્લાહુ અકબર,** દસ વાર

اَلْحَمْدُ لِلّٰهِ ط

**અલ્હમ્દુલિલ્લાહ,** દસ વાર

سُبْحَانَ اللّٰهِ وَبِحَمْدِهٖ ط

**સુબ્હાનલ્લાહિ વ બિહમ્દિહી,** દસ વાર

سُبْحَانَ اللّٰهِ الْمَلِكِ الْقُدُّوْسِ ط

**સુબ્હાનલ્લાહિલ મલિકિલ્ કુદૂસ,** દસ વાર

اَسْتَغْفِرُ اللّٰهُ ط

**અસ્તગ્ફિરુલ્લાહ,** દસ વાર

لَآ اِلٰهَ اِلَّا اللّٰهُ ط

**લા ઈલા-હ ઈલ્લલ્લાહ,** દસ વાર

—અને દસ વાર આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اِنِّىْ اَعُوْذُبِكَ مِنْ ضِيْقِ
الدُّنْيَا وَضِيْقِ يَوْمِ الْقِيٰمَةِ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! દુનિયાની તંગી અને કિયામતના દિવસની તંગીથી હું તારી પનાહ ચાહું છું. *(મિશ્કાત–અબૂ દાવૂદ)*

ત્યાર બાદ નમાઝ શરૂ કરી દે.

### (૨૬) ફજર અને મગરિબની નમાઝ પછી પઢવાની દુઆ :

હઝરત મુસ્લિમ તમીમી (રદિ.)થી રસૂલે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે મગરિબની નમાઝથી ફારિગ થયા પછી કોઈનાથી વાત કરતા પહેલાં સાત વખત આ શબ્દો કહો :

اَللّٰهُمَّ اَجِرْنِىْ مِنَ النَّارِ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! મને દોઝખથી મહફૂઝ રાખજે.

જ્યારે તમે આ શબ્દો કહી લેશો અને પછી જો એ જ રાતે તમે મૃત્યુ પામશો તો દોઝખથી મહફૂઝ રહેશો. જો કોઈ માણસ આ દુઆને ફજરની નમાઝ પછી કોઈથી વાત કરવા પહેલાં સાત વાર પઢી લેશે અને તે જ દિવસે વફાત પામશે તો દોઝખથી મહફૂઝ રહેશે. *(મિશ્કાત, અબૂ દાવૂદ)*

### (૨૭) નવોઢા (નવવધૂ)ને ઘરમાં લાવે તો આ દુઆ પઢે :

જ્યારે કોઈ અવરતને નિકાહ કરીને ઘરમાં લાવે અથવા કોઈ નવું જાનવર

ખરીદે તો આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُکَ خَیْرَهَا وَخَیْرَ مَا جَبَلْتَهَا عَلَیْهِ وَاَعُوْذُبِکَ مِنْ شَرِّهَا وَشَرِّمَا جَبَلْتَهَا عَلَیْهِ ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! હું તારાથી એની ભલાઈ તથા એની આદતો અને એના અખ્લાકની ભલાઈનો સવાલ કરું છું અને એની બુરાઈ તથા એના અખ્લાક અને એની આદતોની બુરાઈથી તારી પનાહ ચાહું છું.

**નોટ :** આ દુઆ પઢીને પત્નીની પેશાનીના વાળ પકડીને બરકતની દુઆ કરે અને જો ઊંટ ખરીદયું હોય તો ઉપરથી એની ખૂંધ પકડીને મજકૂર દુઆ પઢે. *(મિશ્કાત, અબૂ દાવૂદ, ઈબ્ને માજહ)*

**(૨૮) પત્નીથી હમબિસ્તરી–સંભોગ કરતી વખતે પઢવાની દુઆ :**

بِسْمِ اللّٰهِ اَللّٰهُمَّ جَنِّبْنَا الشَّیْطَانَ وَجَنِّبِ الشَّیْطَانَ مَارَزَقْتَنَا ط

**અર્થ :** હું અલ્લાહ તઆલાનું નામ લઈને આ કામ કરું છું, હે અલ્લાહ તઆલા ! અમને શયતાનથી બચાવ અને તું અમને જે અવલાદ અતા ફરમાવે, એનાથી (પણ) શયતાનને દૂર રાખ.

આ દુઆ પઢી લીધા પછી તે વખતની હમબિસ્તરીથી જે અવલાદ પેદા થશે, શયતાન એને કદાપિ નુકસાન પહોંચાડી શકશે નહિ.

*(બુખારી, મુસ્લિમ)*

**નોટ :** આ દુઆ જરૂર પઢવી જોઈએ, કારણ કે સંભોગ વખતે અલ્લાહ તઆલાનું નામ ન લેવાથી શયતાનનો નુત્ફો પણ પુરુષના નુત્ફાની સાથે અંદર ચાલ્યો જાય છે. *('હિસ્ન'નો હાશિયો)*

**(૨૯) જ્યારે વીર્ય નીકળે તો દિલમાં આ દુઆ પઢવી :**

اَللّٰهُمَّ لَا تَجْعَلْ لِلشَّيْطَانِ
فِيْمَا رَزَقْتَنِيْ نَصِيْبًا ط

**અર્થ :** હે અલ્લાહ તઆલા ! તું મને જે અવલાદ અતા ફરમાવે એમાં શયતાનનો જરા ય ભાગ કરીશ નહિ.

**નોટ :** (૧) સાતમા દિવસે બાળકનું નામ પાડવું અને અકીકહ કરવો.

(૨) જ્યારે બાળક જન્મે તો એને અલ્લાહ તઆલાના કોઈ નેક બંદા પાસે લઈ જવું અને એમનાથી બરકતની દુઆ કરાવવી તથા ખજૂર યા ખારેક યા બીજી કોઈ ચીજ એમની પાસે ચવરાવી બાળકના મોઢામાં મૂકાવવી.

(૩) બાળક જ્યારે બોલવા માંડે તો પ્રથમ એને લા ઈલા–હ ઈલ્લલ્લાહ શીખવાડવું અને આ આયત પણ યાદ કરાવવી : *(હિસ્ન)*

وَقُلِ الْحَمْدُ لِلّٰهِ الَّذِيْ لَمْ يَتَّخِذْ وَلَدًا وَّلَمْ
يَكُنْ لَّهٗ شَرِيْكٌ فِي الْمُلْكِ وَلَمْ يَكُنْ لَّهٗ وَلِيٌّ
مِّنَ الذُّلِّ وَكَبِّرْهُ تَكْبِيْرًا ﴿١١١﴾ (بنی اسرائیل ۱۷:۱۱۱)

**અર્થ :** અને (હે મુહમ્મદ ! સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) આપ ફરમાવી દો કે તમામ તારીફ તે અલ્લાહ તઆલા માટે છે, જેણે પોતાની કોઈ અવલાદ બનાવી નથી અને સલ્તનતમાં એનો કોઈ શરીક નથી અને

લાચારીથી એનો કોઈ મદદગાર નથી અને આપ સારી રીતે અલ્લાહ તઆલાની મહાનતા બયાન કરતા રહો. *(બની ઈસ્રાઈલ)*

**(૩૦) કામિયાબી માટેની દુઆ :**

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ط

اَلَّا تَعْلُوْا عَلَيَّ وَاْتُوْنِيْ مُسْلِمِيْنَ ط يَا خَيْرَ الْمَقْصُوْدِيْنَ

يَا خَيْرَ الْمَطْلُوْبِيْنَ يَا خَيْرَ الْمَحْبُوْبِيْنَ يُّحِبُّوْنَهُمْ

كَحُبِّ اللّٰهِ ط وَالَّذِيْنَ اٰمَنُوْٓا اَشَدُّ حُبًّا لِّلّٰهِ ط

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**

**અલ્લા તઅ્લુ અલય્ય વઅ્તૂની મુસ્લિમીન યા ખય્રલ મકસૂદીન યા ખય્રલ મતલૂબીન યા ખય્રલ મહબૂબી-ન યુહિબ્બૂનહુમ કહુબ્બિલ્લાહિ વલ્લઝીન આમનૂ અશદ્દુ હુબ્બલ્ લિલ્લાહ.**

આગળ–પાછળ ત્રણ ત્રણ વખત દુરૂદ શરીફ પઢવું. આ દુઆને દસ વખત પઢી, પોતાના મ્હોં ઉપર બન્ને હાથ ફેરવીને જવું.

(૨) بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَلَمَّا دَخَلُوْا مِنْ حَيْثُ اَمَرَهُمْ اَبُوْهُمْ ط مَا كَانَ

يُغْنِيْ عَنْهُمْ مِّنَ اللّٰهِ مِنْ شَيْءٍ اِلَّا حَاجَةً فِيْ نَفْسِ

يَعْقُوْبَ قَضٰىهَا ط (يوسف ۱۲:۶۸)

**બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ**

**વલમ્મા દ-ખલૂ મિન હય્યુ અ-મ-રહુમ અબૂહુમ, મા કા-ન યુગ્ની અન્હુમ મિનલ્લાહિ મિન શયઈન ઈલ્લા હાજતન ફી નફસિ યા"કૂબ કદાહા.**

આ આયતને સાત વાર પઢીને જવું.

જો પઢી શકાય તો ૩૫ વખત યાસીન શરીફ પઢીને જવું.

જે કામ માટે જશો તેમાં ઈન્શાઅલ્લાહ કામિયાબી મળશે.

### (૩૧) દિવસનો થાક દૂર કરવાનો ઈલાજ :

હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એમને અને હઝરત ફાતિમા (રદિ.)ને ફરમાવ્યું : તમે બંને જ્યારે પોતાની પથારીઓ પર (સૂવા માટે) આવો તો :

| | |
|---|---|
| اَللّٰهُ اَكْبَرُ | **અલ્લાહુ અકબર** ૩૩ વાર |
| سُبْحَانَ اللّٰهِ | **સુબ્હાનલ્લાહ** ૩૩ વાર અને |
| اَلْحَمْدُ لِلّٰهِ | **અલ્હમ્દુલિલ્લાહ** ૩૩ વાર પઢ્યા કરો. |

*(બુખારી-મુસ્લિમ)*

**નોટ :** મિશ્કાત શરીફમાં **"અલ્હમ્દુ લિલ્લાહ"** ૩૪ વખત પઢવાનો ઉલ્લેખ છે.

હઝરત ફાતિમહ (રદિ.) પોતાનું કામકાજ પોતે જ કરતાં હતાં. ઘરઘંટી ચલાવતાં, પાણી ભરતાં અને બીજા સઘળાં કામ પોતાના હાથે જ કરતાં, જેના કારણે હાથોમાં આંટણ અને છાલાં પડી ગયાં હતાં. એમને જ્યારે જાણવા મળ્યું કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની પાસે માલે ગનીમતમાં ગુલામો અને બાંદીઓ આવ્યાં છે તો એમણે વિચાર્યું કે હું પણ એકાદ બાંદી (નોકરડી) માંગી લઉં, જે કામકાજમાં સહાય કરે. આ હેતુસર

તેઓ હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયાં. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તે સમયે ઘરે હાજર ન હતા. એમણે હઝરત આયશા (રદિ.)ને આ પરિસ્થિતિ બતાવી દીધી. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) જ્યારે તશરીફ લાવ્યા તો હઝરત આયશા (રદિ.)એ આપને આ વાત કહી સંભળાવી. નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તરત જ હઝરત ફાતિમહ (રદિ.)ના ઘરે તશરીફ લઈ ગયા. હઝરત અલી અને હઝરત ફાતિમહ (રદિયલ્લાહુ અન્હુમા) પોતાના બિસ્તર પર હતાં. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પહોંચ્યા તો તેમણે ઊઠવા વિચાર્યું. આપે તેમને પોતાની જગ્યાએ બેસી રહેવાનો હુકમ દીધો. પછી આપ એ બેઉની વચ્ચે બેસી ગયા. (આ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની શફકત અને મુહબ્બતની નિશાની હતી.)

નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ આ બંને હઝરાતને દુન્યવી તકલીફો, કષ્ટો અને થાકથી રાહત પ્રાપ્ત કરવાનો આસાન નુસખો બતાવી દીધો કે જુઓ, દુન્યવી તકલીફ ક્ષણિક યા થોડીવાર માટે છે. એનો સુકૂન અને રાહત પણ ફાની છે. અલ્લાહ તઆલાનો ઝિક્ર, એનો સવાબ ઘણો મહાન અને કાયમી રહેનારો છે. નેક આ'માલ અને ઝિક્રે ઈલાહીને અપનાવવાથી આખિરતની રાહતો અને નેઅમતો મળે છે, જેની સરખામણીમાં દુન્યવી રાહત ગૌણ છે, જેથી સુબ્હાનલ્લાહ, અલ્હમ્દુ લિલ્લાહ અને અલ્લાહુ અકબર પઢયા કરો.

*(ફઝાઈલે આ'માલ, મુન્તખબ રિયાઝુસ્સ્વાલિહીન : ૧૨૧)*

• • •

جَزَى اللّٰهُ عَنَّا سَيِّدَنَا مُحَمَّدًا
بِمَا هُوَ اَهْلُهٗ ط

# ✪ પ્રકરણ–૬ ✪

## રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ચાલીસ હદીસો

(૧) હઝરત કઅબ ઈબ્ને અહબાર (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલે મકબૂલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જન્નતમાં કોઈ જન્નત જન્નતુલ ફિરદૌસની બરાબર નથી. એ ઉચ્ચ અને અફઝલ દરજ્જાની જન્નત છે.''

ફિરદૌસનો અર્થ દ્રાક્ષો (દરાખ)નો બાગ થાય છે. *(હદીસ)*

(૨) હઝરત અનસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''લોકો ! જ્યારે તમે અલ્લાહથી જન્નત માંગો તો જન્નતુલ ફિરદૌસ માંગ્યા કરો, કારણ કે જન્નતુલ ફિરદૌસ સર્વે જન્નતો કરતાં ઉપર છે. જન્નતુલ ફિરદૌસની ઉપર અલ્લાહ તઆલાનો અર્શ છે.'' *(અસ્હાબુસ્સુનન)*

(૩) હઝરત જાબિર (રદિ.) જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''એક ઈન્સાનની એ ખુશનસીબી છે કે તેની ઉંમર લાંબી હોય ને અલ્લાહ તઆલા એને તૌબા અને તેની તરફ રુજૂઅ થવાની તૌફીક આપે.'' *(હાકિમ)*

(૪) હઝરત આયશા (રદિ.) ફરમાવે છે કે આકા–એ દો જહાં (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું ફરમાન છે કે, ''જે માણસ એ ચાહે કે તે ઘણા મોટા આબિદથી વધી જાય તો તેણે ગુનાહોથી દૂર રહેવું જોઈએ.'' *(અબૂ યઅ્લા)*

મતલબ કે ગુનાહોથી બચવું પણ મોટી ઈબાદત છે.

(૫) હઝરત અનસ (રદિ.) રિવાયત કરે છે કે જનાબ રસૂલુલ્લાહ

(સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''સર્વે આદમની અવલાદ ગુનેહગાર છે; પરંતુ ગુનેહગારોમાં સૌથી બેહતર ગુનેહગારો તે છે કે જેઓ તૌબા કરતા રહે છે.'' *(તિરમિઝી શરીફ)*

(૬) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''અલ્લાહ તઆલા તમારી સૂરતો અને તમારા શરીરોને જોતો નથી, બલકે અલ્લાહ તઆલા તમારા દિલોને જાુએ છે.'' *(મુસ્લિમ શરીફ)*

(૭) હઝરત ઉસ્માન (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ એ હાલતમાં મરણ પામ્યો કે તેને એવી ખાતરી અને માન્યતા હતી કે અલ્લાહ તઆલા સિવાય કોઈ ઇબાદતને લાયક નથી તો તે માણસ જન્નતમાં દાખલ થશે.'' *(મુસ્લિમ શરીફ)*

(૮) હઝરત ઉબાદહ ઈબ્ને સામિત (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ ખરા દિલથી આ બાબતની સાક્ષી આપે છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ ઈબાદતને લાયક નથી અને હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અલ્લાહના રસૂલ છે તો એવા માણસ ઉપર આગનો અઝાબ હરામ કરવામાં આવ્યો છે.'' *(મુસ્લિમ શરીફ)*

મતલબ એ છે કે તૌહીદ (અલ્લાહની એકતા) અને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની રિસાલતનો માનનાર કોઈ પણ રીતે જન્નતમાં દાખલ થશે, (ઇન્શા અલ્લાહ.)

(૯) હઝરત અબૂ ફિરાસ (રદિ.) વર્ણન કરે છે કે એક માણસે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ને પૂછયું, યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઈમાન શું છે ?

આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''નિય્યતને ચોખ્ખી–સાફ રાખવી. મતલબ એ છે કે જે કામ કરે તે ફકત અલ્લાહ માટે જ કરે.'' *(બયહકી)*

(૧૦) હઝરત અબૂ હુરયરહ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''અલ્લાહ તઆલાનું ફરમાન છે કે હું બંદાના ગુમાનની સાથે–સાથે છું. તેને ઇખ્તિયાર છે કે મારી સાથે ગમે તેવો ગુમાન રાખે.'' *(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ)*

(૧૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''અલ્લાહની સાથે સારો–નેક ગુમાન રાખવો સૌથી સારી ઈબાદત છે.'' *(અબૂ દાવૂદ શરીફ)*

(૧૨) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''ફિત્ના–ફસાદનાં જમાનામાં જે માણસ મારી સુન્નત ઉપર મક્કમતાથી કાયમ રહેશે તેને ૧૦૦ શહીદોનો સવાબ મળશે. *(બયહકી)*

એટલે કે તે સમયે જ્યારે લોકો પયગમ્બરની સુન્નતોથી બેપરવાઈ કરતા હોય અથવા સુન્નત ઉપર અમલ કરનારની મઝાક કરતા હોય તો એવા ખરાબીઓથી ભરપૂર જમાનામાં કોઈ માણસ લોકોની હસી–મઝાકનો વિચાર કર્યા વગર સુન્નત ઉપર અમલ કરશે તો એવા માણસને એ સવાબ મળશે.

(૧૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસે ઈલ્મનું એક પ્રકરણ (બાબ) એ માટે શીખ્યું કે લોકોને એની તાલીમ આપે તો અલ્લાહ તઆલા તેને ૭૦ સિદ્દીકોનો સવાબ આપશે.'' *(અબૂ મન્સૂર)*

(૧૪) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ ખુદાવંદી હુકમોની એક વાત અથવા બે વાતો અથવા ત્રણ વાતો અથવા ચાર વાતો અથવા પાંચ વાતો શીખે છે અને તે લોકોને પણ શીખવાડે છે તો અલ્લાહ તઆલા તે માણસને જન્નતમાં દાખલ કરશે.'' *(અબૂ નઈમ)*

(૧૫) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''મુસલમાનનો સૌથી સારો સદકો એ છે કે પોતે ઈલ્મ શીખે અને પોતાના મુસલમાન ભાઈને પણ શીખવાડે.'' *(ઈબ્ને માજહ)*

(૧૬) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''આલિમને આબિદ ઉપર સિત્તેર (૭૦) દરજ્જે ફઝીલત છે. દરેક દરજ્જાની વચ્ચે એટલું અંતર છે કે તેજ રફતાર ઘોડો સિત્તેર (૭૦) વરસ દોડે તો એ અંતરને પૂરું કરી શકે નહિ.'' *(ઈસ્બહાની)*

(૧૭) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''હજારો આબિદો કરતાં પણ એક આલિમ શયતાન ઉપર વધુ ભારે છે.'' *(તિરમિઝી શરીફ)*

(૧૮) હઝરત અબૂ ઐયૂબ (રદિ.)થી રિવાયત છે કે સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''ચાર વસ્તુઓ પયગમ્બરો (અલૈ.)ની સુન્નત છે : (૧) હયા (શરમ) રાખવી. (૨) અત્તર લગાડવું. (૩) નિકાહ કરવું અને (૪) મિસ્વાક–દાતણ કરવું. *(તિરમિઝી શરીફ)*

(૧૯) હઝરત ઉકબહ ઈબ્ને આમિર (રદિ.) બયાન કરે છે કે જનાબ હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નું ફરમાન છે કે, ''વુઝૂ કર્યા પછી બે રકા'તો તહિય્યતુલ વુઝૂ પઢવાથી જન્નત વાજિબ થઈ જાય છે.'' *(મુસ્લિમ શરીફ)*

(૨૦) અમીરુલ મુઅમિનીન હઝરત ઉમર (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ મુઅઝ્ઝિનના અવાજમાં તે જ શબ્દો ફરી બોલે એટલે કે અઝાનના શબ્દો; પરંતુ ''હય્ય અલસ્સલાહ'' અને ''હય્ય અલલ ફલાહ''ના જવાબમાં ''લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહ'' કહે છે તો તે માણસ જન્નતમાં જશે.'' *(મુસ્લિમ શરીફ)*

(૨૧) હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જો લોકોને અઝાન આપવાની ફઝીલત કેટલી છે તેની જાણ થઈ જાય તો અઝાન આપવા માંહોમાંહે તલવાર ચાલવા લાગે.'' *(અહમદ)*

(૨૨) અમીરુલ મુઅમિનીન હઝરત ઉસ્માન (રદિ.) બયાન કરે છે કે જનાબ સરકારે દો–આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જેણે પૂરેપૂરું વુઝૂ કર્યું અને ફર્ઝ નમાઝ પઢવા ઘરેથી નીકળ્યો અને મસ્જિદમાં જઈ ઈમામની સાથે નમાઝ પઢી તો તે માણસના સર્વે ગુનાહો માફ થઈ ગયા.'' *(ઈબ્ને ખુઝયમહ)*

(૨૩) હઝરત અબૂ કસ્સાફા (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''મસ્જિદમાં કચરો–પૂંજો સાફ કરવું હુરોની મહેર છે.'' *(તબરાની)*

મતલબ કે જે માણસ મસ્જિદનો કચરો–પૂંજો સાફ કરે છે તે જન્નતની હુરોની મહેર અદા કરે છે.

(૨૪) હઝરત અનસ ઈબ્ને માલિક (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું છે કે,

''૪૦ દિવસો સુધી તકબીરે ઉલાની સાથે જમાઅતથી નમાઝ અદા કરનાર જહન્નમ (દોઝખ)અને નિફાકથી છૂટકારો મેળવી લે છે.'' *(તિરમિઝી શરીફ)*

જ્યારે ૪૦ દિવસોની નમાઝનો અજર એટલો બધો છે તો જે લોકો હંમેશા નમાઝની પાબંદી કરે છે તેમનાં અજરનું તો પૂછવું જ શું !

(૨૫) હઝરત અનસ ઈબ્ને માલિક (રદિ.) ફરમાવે છે કે જનાબ સરકારે દો આલમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈર્શાદ છે કે ત્રણ બાબતો, 'કફ્ફારાત' છે, ત્રણ બાબતો 'દરજાત' છે અને ત્રણ બાબતો 'મુનજ્જીયાત' છે.

એટલે છુટકારો અપાવનારી **કફ્ફારાત (ગુનાહ દૂર કરવાનાં બદલાઓ)**ની ત્રણ બાબતો : (૧) ઠંડીની મોસમમાં વુઝૂ સારી રીતે કરવું. (૨) એક નમાઝ પછી બીજી નમાઝની વાટ (રાહ) જોવી અને (૩) જમાઅત સાથે નમાઝ પઢવા માટે ચાલવું.

**દરજાતની ત્રણ બાબતો આ છે :** (૧) ખાણું ખવડાવવું. (૨) વધુ પ્રમાણમાં સલામ કરવી (૩) રાતે જ્યારે લોકો સૂતા હોય ત્યારે નમાઝ પઢવી.

**"મુનજ્જીયાત" આ છે :** (૧) ગુસ્સો અને ખુશી બન્ને હાલતમાં અદલ–ઈન્સાફ કરવો. (૨) ગરીબી અને અમીરી બંને હાલતમાં મધ્યમતા જાળવવી અને (૩) છુપી અને ઝાહિરી બંને રીતે અલ્લાહથી ડરતા રહેવું.
*(બયહકી–બઝઝાર)*

(૨૬) હઝરત સહલ ઈબ્ને મુઆઝ (રદિ.) પોતાનાં વાલિદ (રદિ.)થી રિવાયત કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જે માણસ સવાર (ફજર)ની નમાઝ પઢી પોતાની જગ્યાએ બેસી રહ્યો અને જેણે ભલી વાતો સિવાય કોઈ વાત ન કરી ને ફરી સૂરજ નીકળ્યા પછી બે રકાતો ઈશરાકની પઢી તો એ માણસના સર્વે ગુનાહો માફ કરી દેવામાં આવે છે. ચાહે એ ગુનાહો દરિયાનાં ફીણની બરાબર કેમ ન હોય ?" *(અહમદ)*

મતલબ કે ગુનાહો ગમે એટલા હોય, બધાં જ માફ થઈ જશે.

(૨૭) હઝરત સવબાન (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જે માણસ મને વચન આપે કે તે લોકોથી માંગશે નહિ તો હું એવા માણસ માટે જન્નતનો ઝામિન થવા તૈયાર છું." *(અહમદ, નસાઈ, ઈબ્ને માજહ)*

(૨૮) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે,

"જે માણસે અલ્લાહ તઆલા માટે એક દિવસનો પણ 'એઅતિકાફ' કર્યો તો અલ્લાહ તઆલા તેને જહન્નમથી ત્રણ ખાઈઓ જેટલો દૂર કરી દેશે." (એક ખાઈનું અંતર આસમાન અને જમીનની વચ્ચેનાં અંતર કરતાં પણ વધુ હોય છે.) *(તબરાની)*

(૨૯) હઝરત સહલ ઈબ્ને હનીફ (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, "જે માણસ સાચા દિલે અલ્લાહ તઆલા પાસે 'શહાદત' માંગે છે તો અલ્લાહ તઆલા તેને શહીદોનો મરતબો આપે છે. ભલે, પછી તે માણસ પોતાની પથારી ઉપર જ મરણ પામે." *(મુસ્લિમ શરીફ)*

મતલબ એ છે કે સાચા દિલે દુઆ કરનાર શહીદ થાય અથવા ન થાય તેને 'શહાદત'નો સવાબ મળી જાય છે.

(૩૦) હઝરત આયશા (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ આખો દિવસ પોતાના હાથની મહેનતનાં કારણે થાકી ગયો અને એવી હાલતમાં સાંજ પડી ગઈ તો એ માણસની મગફિરત કરી દેવામાં આવે છે.'' *(તબરાની)*

એટલે કે દિવસભરનો થાકેલો–પાકેલો મઝદૂર રાતે બખ્શી દેવામાં આવે છે.

(૩૧) હઝરત અબૂ સઈદ ખુદરી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

''એક સાચો અને પ્રમાણિક વેપારી કિયામતમાં નબીઓ, સિદ્દીકો અને શહીદોની સાથે રહેશે.'' *(તિરમિઝી શરીફ)*

(૩૨) હઝરત જાબિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, 'જો કદી કોઈ લુકમો–કોળિયો હાથથી પડી જાય તો તેને સાફ કરી ખાઈ લો, તેને શયતાનને માટે છોડો નહિ. ખાધા પછી આંગળીઓ ચાટી લો. કોને ખબર કયા ખાવામાં બરકત છે ? જે માણસે ખાઈ લીધા પછી નીચેનાં શબ્દો કહ્યાં તો અલ્લાહ તઆલા તે માણસના પાછલા બધાં જ ગુનાહો માફ કરી આપે છે. તે શબ્દો આ રહ્યાં :

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَطْعَمَنِیْ هٰذَا
الطَّعَامَ وَرَزَقَنِیْهِ مِنْ غَیْرِ حَوْلٍ
مِّنِّیْ وَلَا قُوَّةٍ ط

**અલ્હમ્દુલિલ્લાહિલ્લઝી અત્અમની હાઝત્તઆમ વ રઝકનીહિ મિન ગય્રી હવ્લિમ મિન્ની વલા કુવ્વહ.**

**અર્થ :** તમામ તારીફો અલ્લાહ માટે જ છે. જેણે મને આ ખાણું ખવડાવ્યું અને મારી શક્તિ તથા કોશિશ વિના મને આ ખાણું નસીબ કર્યું !

*(મિશ્કાત, અબૂ દાવૂદ શરીફ)*

(૩૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જેણે રમઝાનુલ મુબારકનાં ફર્ઝ રોઝા રાખ્યા અને તેનાં પછી શવ્વાલ મહિનામાં છ (૬) રોઝા રાખ્યા તો તે માણસ પોતાના ગુનાહોથી એવો પાક–સાફ થઈ ગયો કે જાણે આજે જ પોતાની માંના પેટે જન્મયો હોય.'' *(તબરાની)*

(૩૪) અમીરુલ મુઅમિનીન હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું,

તહજ્જુદની નમાઝ પઢનાર બંદાઓને જન્નતનાં પોશાક અને પાંખવાળા ઘોડાઓ આપવામાં આવશે, એ ઘોડાની લગામો મોતી અને માણેકની હશે. એ ઘોડાઓ મળ–મૂત્રથી પાક હશે. તહજ્જુદ પઢનારાઓ એ ઘોડાઓ પર સવાર થઈ જ્યાં ચાહશે ત્યાં ઊડતા અને સહેલ કરતા હશે. એ લોકોને એ હાલતમાં જોઈ બીજા લોકો પૂછશે કે હે રબ ! તારા એ કોણ બંદા છે ? એ લોકો એ મરતબે કેવી રીતે પહોંચ્યા ?

તો તેમને જવાબ મળશે કે એ લોકોને એ મરતબો રાતની ઈબાદતના બદલામાં મળ્યો છે. જ્યારે તમે રાત્રે સૂતા રહેતા હતા ત્યારે એ તહજ્જુદની નમાઝ પઢયા કરતા હતા. *(ઈબ્ને અબીદ દુન્યા)*

(૩૫) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે બંદો રાતે ઈબાદત કરવા ખાતર ઓછું ખાય–પીએ છે તેની આસપાસ આખી રાત હૂરો એકઠી થઈ રહે છે.'' *(તબરાની)*

(૩૬) હઝરત ઉકબહ બિન આમિર (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''કિયામતના દિવસે જ્યાં સુધી લોકો હિસાબ–કિતાબમાં ફસાયલા હશે ત્યાં સુધી સદકો

(ખૈરાત) કરનાર પોતાની ખૈરાતના છાંયડામાં રહેશે.'' *(અહમદ, ઈબ્ને ખુઝૈમહ)*

(૩૭) હઝરત અબૂ સઈદ (રદિ.)થી રિવાયત છે કે જનાબ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, ''જે માણસ અલ્લાહ માટે એક દિવસનો રોઝો રાખે છે તે માણસને અલ્લાહ તઆલા જહન્નમથી ૭૦ (સિત્તેર) વરસનાં રસ્તા જેટલો દૂર કરી દે છે.'' *(બુખારી–મુસ્લિમ)*

(૩૮) હઝરત અબૂ દરદા (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''જે માણસ અલ્લાહ માટે એક દિવસનો રોઝો રાખે છે તો એ રોઝદાર અને જહન્નમ (દોઝખ)ની વચ્ચે એક એવી ખાઈ કાયમ કરવામાં આવશે કે જેનું અંતર આસમાન અને જમીન વચ્ચેનાં અંતરની બરાબર હશે.'' *(તબરાની)*

(૩૯) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''જે માણસે અલ્લાહ માટે જ એક નફલી રોઝો રાખ્યો તો તેને એટલો બદલો મળે છે કે જો તેને જમીન ભરીને સોનું આપી દેવામાં આવે તો યે કિયામતમાં એનો સવાબનો મુકાબલો થઈ શકતો નથી.'' *(તબરાની)*

(૪૦) હઝરત અબૂ મૂસા (રદિ.)થી રિવાયત છે કે જનાબ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે, ''હાજી (હજ કરનાર) પોતાના ખાનદાનનાં ૪૦૦ (ચાર સો) માણસોની શફાઅત કરશે. હાજી પોતાના ગુનાહોથી એવો પાક–સાફ થઈ જાય છે કે જાણે આજે જ પોતાની માંના પેટે પેદા થયો હોય.'' *(બઝ્ઝાર)*

(અલ્લાહ તઆલા આપણને બધાને જ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની હદીસો પર અમલ કરવાની તૌફીક નસીબ ફરમાવે, આમીન.

**વો ચલતે ગયે, તો ઉન્હેં મંઝિલોને પનાહ દે દી,**
**હમેં વસવસોને ડરા દિયા, હમ કદમ–કદમ પર રૂક ગયે.**

● ● ●

اَللّٰهُمَّ رَبَّ هٰذِهِ الدَّعْوَةِ الْقَائِمَةِ وَالصَّلٰوةِ النَّافِعَةِ صَلِّ
عَلٰى مُحَمَّدٍ وَّارْضَ عَنِّىْ رِضًا لَا تَسْخَطُ بَعْدَهٗ اَبَدًا ط (مسند احمد)

# ✪ પ્રકરણ–૭ ✪

## નફલ નમાઝોનું વર્ણન

મુઅમિન બંદાઓએ ફર્ઝ નમાઝોની પૂરી પાબંદી સાથે નફલ નમાઝોનું ભાથું પણ પોતાની સાથે લઈ જવું જોઈએ. એમ તો જેટલી પણ નફલો પઢશે એનો સવાબ પામશે; પરંતુ જે નવાફિલની ખાસ ખાસ ફઝીલતો અહાદીસે શરીફહમાં આવેલી છે, તેમને પઢવામાં ઘણો જ સવાબ છે. એ કારણે એમની ફઝીલતો અહિંયા લખવામાં આવે છે. વાંચો અને એના પર અમલ કરો.

## તહિય્યતુલ વુઝૂ

તહિય્યતુલ વુઝૂની બે રકા'ત છે. વુઝૂ કર્યા પછી પઢાય છે.

*(મુસ્લિમ : ૧/૧૨૦, નસાઈ : ૧/૩)*

**ફઝાઈલ :** (૧) હદીસ શરીફમાં છે કે જે માણસ કામિલ તરીકાથી વુઝૂ કર્યા બાદ બે રકા'ત નફલ એવી રીતે પઢે કે પોતે–જાતે વિચારો ન લાવે તો તેના તમામ (સગીરહ) ગુનાહો માફ થઈ જાય છે. *(તિરમિઝી શરીફ)*

(૨) હઝરત ઉકબહ ઈબ્ને આમિર (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; જે કોઈ માણસ વુઝૂ કરે અને ખૂબ સારી પેઠે વુઝૂ કરે, પછી ઝાહિર અને બાતિનની સંપૂર્ણ તવજ્જુહ અને વ્યસ્તતા સાથે બે રકા'ત નમાઝ અદા કરે તો એના માટે જન્નત અવશ્ય વાજિબ થઈ જશે. *(મુસ્લિમ)*

(૩) હુઝૂર નબીએ અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ હઝરત બિલાલ (રદિ.)ને ફરમાવ્યું કે હું જ્યારે પણ જન્નતમાં દાખલ થયો તો મેં પોતાની આગળ આગળ તમારી આહટ સાંભળી, જેથી બતાવો કે તમે મારા પહેલાં જન્નતમાં કેવી રીતે પહોંચી ગયા? (મતલબ આ છે કે રાતે મેં ખ્વાબમાં જોયું કે હું જન્નતમાં હરીફરી રહ્યો છું અને પોતાની આગળ આગળ તમારા

કદમોની આહટ સાંભળી રહ્યો છું. તો હું પૂછવા ચાહું છું કે આ તમારા કયા અમલની બરકત છે. તમે મને પોતાનો તે અમલ બતાવો, જેનાથી તમને સૌથી વધુ સવાબ અને રહમતની ઉમ્મીદ હોય.) એમણે અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! મેં જ્યારે પણ અઝાન દીધી તો મેં નફલ નમાઝની બે રકા'તો જરૂર પઢી છે અને જ્યારે પણ મારું વુઝૂ તૂટયું તો મેં તરત જ વુઝૂ કર્યું અને વુઝૂ પછી અલ્લાહ તઆલા માટે બે રકા'ત નમાઝ પઢવાની એવી પાબંદી કરી કે જાણે આ બે રકા'તો મારા શિરે ફર્ઝ છે. આ સાંભળીને રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, આ જ બે રકા'તોને કારણે તમને આ દરજ્જો મળ્યો છે.

*(બુખારી શરીફ, મુસ્લિમ શરીફ, તિરમિઝી શરીફ)*

**વિવરણ :** આ હદીસની રૂહ અને એનો ખાસ પયગામ આ છે કે બંદો આ વાતની આદત પાડે કે તે જ્યારે પણ વુઝૂ કરે તો એનાથી તવફીક અનુસાર કંઈ નમાઝ જરૂર પઢે. ચાહે ફર્ઝ હોય, સુન્નત હોય કે નફલ.

**નિય્યત :** હું અલ્લાહ તઆલાના વાસ્તે તહિય્યતુલ વુઝૂની બે રકા'ત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું, મુખ મારું કા'બા શરીફ તરફ, અલ્લાહુ અકબર.

## તહિય્યતુલ મસ્જિદ

આ નમાઝનો હેતુ મસ્જિદની તાઝીમ છે, જે વાસ્તવમાં અલ્લાહ તઆલાની જ તાઝીમ કરવા સમાન છે, કારણ કે મકાનની તાઝીમ મકાનવાળાની તાઝીમનો ખ્યાલ રાખીને કરવામાં આવે છે.

આ નમાઝ તેં માણસ માટે મસ્નૂન છે, જે મસ્જિદમાં દાખલ થાય. મસ્જિદમાં આવ્યા પછી બેસવા પહેલાં બે રકા'ત પઢે, આ શર્તે કે કોઈ મકરૂહ સમય ન હોય. *(મુસ્લિમ : ૧/૨૪૮)*

**ફઝાઈલ :** (૧) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે જ્યારે તમારામાંથી કોઈ મસ્જિદમાં દાખલ થાય તો તેણે બેસવા પહેલાં બે રકાત નફલ નમાઝ પઢી લેવી જોઈએ. *(બુખારી–મુસ્લિમ)*

**વિવરણ :** મસ્જિદને અલ્લાહ તઆલાથી એક ખાસ નિસ્બત છે અને આ નિસ્બતને કારણે જ એને ''અલ્લાહનું ઘર'' કહેવામાં આવે છે. આ જ કારણે એના હક્કો અને એમાં પ્રવેશવાના આદાબમાંથી એક આદાબ આ પણ છે કે ત્યાં જઈને બેસવા પહેલાં બે રકા'ત નમાઝ અદા કરવામાં આવે. આ જાણે બારગાહે ખુદાવંદીની સલામી છે. એટલે જ એને ''તહિય્યતુલ મસ્જિદ'' કહેવામાં આવે છે. (તહિય્યહનો અર્થ સલામી છે.)

બે રકા'ત નમાઝ પઢે, એ શરતે કે મકરૂહ સમય ન હોય. અર્થાત્ ઝોહર, અસર અને ઈશામાં પઢે.

*(બુખારી, મુઅત્તા માલિક, દુર્રે મુખ્તાર, બેહિશ્તી ગવહર)*

જો મકરૂહ સમય હોય તો માત્ર ચાર વખત આ કલિમાત પઢી લેવામાં આવે (તો એનાથી મસ્જિદનો હક અદા થઈ જશે) : સુબ્હાનલ્લાહ, અલ્હમ્દુ–લિલ્લાહ, વ લા ઈલા–હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર. *(બેહિશ્તી ગવહર)*

(૨) હઝરત કઅબ ઈબ્ને માલિક (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો દસ્તૂર હતો કે સફરથી વાપસીમાં આપ દિવસે જ ચાશ્તના સમયે મદીનામાં તશરીફ લાવતા અને પહેલાં મસ્જિદમાં હાજર થતા અને ત્યાં બે રકા'ત નમાઝ પઢયા પછી (થોડો સમય) ત્યાં જ બેસી રહેતા હતા. *(બુખારી શરીફ–મુસ્લિમ શરીફ)*

**વિવરણ :** નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પોતાના ઘરવાળાઓની મુલાકાતથી પણ પહેલાં બારગાહે ખુદાવંદીમાં હાજર થઈને તેના હુઝૂરમાં બંદાપણાનો હદિયો ધરતા હતા. પછી ત્યાર બાદ થોડી વાર મસ્જિદમાં જ તશરીફ રાખતા હતા અને આપની ઝિયારતના આશિકો ત્યાં જ આવીને આપથી મુલાકાતનું સૌભાગ્ય પ્રાપ્ત કરતા હતા. આ હતો મસ્જિદના સંબંધ વિષે આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઉસ્વએ હસનહ ! અલ્લાહ તઆલા અમ ઉમ્મતીઓને એની રૂહને સમજવાની અને એની પેરવી કરવાની તવફીક દે, આમીન !

**નિય્યત :** હું અલ્લાહ તઆલાના વાસ્તે તહિય્યતુલ મસ્જિદની બે રકા'ત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું. મુખ મારું કિબ્લા તરફ, અલ્લાહુ અકબર.

**મસાઈલ :**

(૧) જો મસ્જિદમાં એવા સમયે દાખલ થાય કે તે સમયે નમાઝ પઢવી મકરૂહ હોય, જેમ કે ઝવાલનો સમય હોય તો નમાઝ પઢયા વગર જ બેસી જાય. એવા સમયે તહિય્યતુલ વુઝૂ અને તહિય્યતુલ મસ્જિદ પઢે નહિ.

(૨) બે રકા'ત પઢવાની કશી ખુસૂસિયત નથી. જો ચાર રકા'ત પઢી લીધી તો પણ તહિય્યતુલ મસ્જિદ અદા થઈ જશે.

(૩) જો મસ્જિદમાં આવતાંવેંત કોઈ ફર્ઝ યા સુન્નત નમાઝ અદા કરી લીધી તો તે જ ફર્ઝ યા સુન્નત તહિય્યતુલ મસ્જિદના કાયમ મુકામ થઈ જશે. અર્થાત્ એને પઢવાથી તહિય્યતુલ મસ્જિદનો પણ સવાબ મળી જશે, ચાહે તહિય્યતુલ મસ્જિદની નિય્યત કરી હોય કે ન કરી હોય.

(૪) જો મસ્જિદમાં જઈને કોઈ માણસ બેસી જાય અને પછી તહિય્યતુલ મસ્જિદ પઢે તો પણ કશો વાંધો નથી, પરંતુ બેસવા પહેલાં પઢવી બેહતર છે.

(૫) વારંવાર મસ્જિદે આવનારે દિવસમાં એકવાર તહિય્યતુલ મસ્જિદ પઢી લેવી પૂરતી છે. ચાહે પહેલી વખત દાખલ થાય ત્યારે પઢે કે છેલ્લે પઢે.

*(શામી–૧)*

## ઈશ્રાકની નમાઝ

જ્યારે સૂરજ નીકળીને બુલંદ થઈ જાય અને સારી રીતે સફેદ અને સાફ જણાવા લાગે તો તે સમયે જે નફલ નમાઝ પઢવામાં આવે છે તેને ઈશ્રાકની નમાઝ કહે છે.

**ફઝાઈલ :**

(૧) હઝરત અનસ (રદિ.) કહે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : જેણે જમાઅત સાથે ફજરની નમાઝ પઢી અને સૂરજ નીકળતાં સુધી મસ્જિદમાં રહ્યો. પછી બે રકા'ત નફલ નમાઝ પઢી તો એને એક હજ અને એક ઉમરહનો સવાબ મળશે. *(તિરમિઝી શરીફ)*

**નોટ :** ઈશ્રાકની નમાઝની રકા'તો હદીસમાં ચાર પણ આવેલી છે, જેથી

ચાર રકા'તો પઢી લે તો ઘણું જ સારું છે.

(૨) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એકવાર નજ્દ પ્રદેશ તરફ જિહાદ માટે લશ્કર મોકલ્યું, જે બહુ જલદી પાછું આવ્યું અને પોતાની સાથે ઘણો જ માલે ગનીમત લાવ્યું. લોકોને ઘણું જ આશ્ચર્ય થયું કે આટલી ટૂંકી મુદ્દતમાં આવડી મોટી કામિયાબી અને માલ–દોલત સાથે પાછું આવી ગયું ! હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે શું હું તમને આથી પણ ઓછા સમયમાં આ માલથી ઘણો વધારે માલે ગનીમત અને દોલત કમાનારી જમાઅત બતાવું ? ફરમાવ્યું : આ તે લોકો છે જેઓ ફજરની જમાઅતમાં શરીક થાય અને સૂરજ નીકળતાં સુધી એ જ જગ્યાએ બેસી રહે. સૂરજ નીકળ્યા પછી (૨૦ મિનિટે) બે રકા'ત (ઈશ્રાકની) નમાઝ પઢે. આ લોકો અત્યંત થોડા સમયમાં વધુ દોલત કમાનારા છે. *(ફઝાઈલે નમાઝ)*

(૩) હઝરત મુઆઝ ઈબ્ને અનસ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જે માણસ ફજરની નમાઝથી ફારિગ થઈને પોતાની જગ્યાએ બેસી રહે, અહિંયા સુધી કે ઈશ્રાકની બે રકા'ત અદા કરી લે અને બેસવા દરમિયાનમાં ખૈર સિવાય બીજી કોઈ વાત ન કરે તો એના ગુનાહ માફ કરી દેવામાં આવે છે, ચાહે સમુદ્રના કાંપથી પણ વધુ હોય. *(અબૂ દાવૂદ)*

(૪) **હદીસે કુદ્સી :** હઝરત અબૂ ઝર (રદિ.) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી રિવાયત કરે છે કે અલ્લાહ તઆલા ફરમાવે છે કે હે માનવપુત્ર ! તું દિવસના પ્રથમ ભાગમાં મારા માટે ચાર રકા'તો પઢયા કર, હું તારા માટે તે દિવસના અંતભાગ સુધી તારી કિફાયત કરીશ. અર્થાત્ તારી સઘળી જરૂરતોને પૂરી કરીશ. *(તિરમિઝી શરીફ, તરગીબ વ તરહીબ)*

**વિવરણ :** અલ્લાહ તઆલાનો જે બંદો તેના આ વાયદા પર યકીન રાખીને સવારે (ઈશ્રાક યા ચાશ્તના વખતે) અલ્લાહ તઆલા માટે ચાર રકા'તો પઢશે તો ઈન્શાઅલ્લાહ તે આ હદીસે કુદ્સી અનુસાર જરૂર નિહાળશે કે માલિકુલ મુલ્ક તેના દિવસભરના કામો અને પ્રશ્નોને કેવી રીતે ઉકેલે છે.

(૫) જે માણસ ઈશ્રાકના સમયે બે રકા'ત નફલ પઢે છે તો એનાં બધાં જ

સગીરહ ગુનાહ માફ કરી દેવામાં આવે છે. *(તરગીબ વ તરહીબ)*

(૬) હઝરત અલી (રદિ.)થી નકલ થયેલી એક હદીસમાં છે કે સવારના વખતે જ્યારે સૂરજ આસમાન પર એટલે ઊંચે ચઢી જતો જેટલો અસરની નમાઝ વખતે હોય છે તો તે વખતે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) બે રકા'ત નમાઝે ઈશ્રાક પઢતા હતા. *(શમાઈલે તિરમિઝી)*

(૭) સવારની ફર્ઝ નમાઝ પઢયા પછી ત્યાં બેસી રહે અને સૂરજ નીકળ્યા બાદ ૧૫ મિનિટ પછી ઈશ્રાક પઢે તો તે માણસ ૭૦,૦૦૦ (સિત્તેર હજાર) માણસોને બખ્શાવી જન્નતમાં લઈ જશે. *(હદીસ)*

*(સઆદતે દારૈન, મૌ. અશરફ અહમદ રાંદેરીની કિતાબ)*

**નિય્યત :** હું અલ્લાહ તઆલાના વાસ્તે ઈશ્રાકની બે રકા'ત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું. મુખ મારું કિબ્લા તરફ, અલ્લાહુ અકબર.

**મસાઈલ :**

(૧) ઈશ્રાકની નમાઝ સૂર્યોદય પછી પંદરથી વીસ મિનિટે પઢવામાં આવે છે.

(૨) ફજરની નમાઝથી ફારિગ થઈને ઈશ્રાક સુધી અલ્લાહ તઆલાના ઝિક્રમાં મશગૂલ રહે. એમાં આ'લા–ઉચ્ચ દરજ્જો આ છે કે મસ્જિદમાં જે જગ્યાએ ફર્ઝ નમાઝ પઢી છે, ત્યાં જ બેસી રહે. મધ્યમ દરજ્જો આ છે કે મસ્જિદમાં કોઈ પણ જગ્યાએ બેસી જાય અને અદના દરજ્જો આ છે કે મસ્જિદની બહાર ચાલ્યો જાય; પરંતુ ઝિક્રે ઈલાહી ઝબાનથી સતત અદા કરતો રહે.

(૩) ફજરની નમાઝ પછી જો કોઈ માણસ દુન્યવી કામકાજમાં લાગી જાય. પછી ઈશ્રાકના સમયે ઈશ્રાકની નમાઝ પઢે તો આ રીત પણ દુરુસ્ત છે; પરંતુ આ રીતે પઢવાથી આ નમાઝનો સવાબ ઓછો થઈ જશે.

(૪) સ્ત્રીઓ ઘરોમાં ફજર પછી મુસલ્લા પર જ બેસીને ઝિક્ર–તિલાવત વગેરેમાં મશગૂલ રહે અને નમાઝે ઈશ્રાક પઢીને ત્યાંથી ઊઠે. *(હિસ્ન)*

# ચાશ્તની નમાઝ

હદીસોમાં ચાશ્તની નમાઝની ઘણી ફઝીલત આવી છે. દિવસનો એક તૃતીયાંશ ભાગ પસાર થઈ ગયા પછી ચાશ્તનો વખત શરૂ થાય છે અને ઝવાલ (મધ્યાહ્ન) સુધી એનો વખત રહે છે. ઉનાળામાં નવ વાગ્યા પછી અને શિયાળામાં દસ વાગ્યા પછી શરૂ થઈ જાય છે. અહાદીસમાં એનો સલાતુલ અવ્વાબીન તરીકે ઉલ્લેખ થયો છે, પરંતુ આપણી લોકભાષામાં મગરિબ પછીની નફલોને અવ્વાબીનની નમાઝ કહે છે. અહાદીસમાં ચાશ્તની નમાઝની બે, ચાર, આઠ, બાર વિવિધ પ્રકારની રકા'તો આવેલી છે, જેથી ઓછામાં ઓછી બે અને વધુમાં વધુ બાર રકા'તો ચાશ્તની પઢવી જોઈએ.

ચાશ્તની ઓછામાં ઓછી બે અથવા ચાર રકા'ત પઢવી મુસ્તહબ છે અને વધુમાં વધુ આઠ કે બાર રકા'ત, પરંતુ આઠ રકા'ત પઢવી અફઝલ છે. *(શામી–૧)*

હઝરત આયશા (રદિ.) આઠ રકા'ત પઢયાં કરતાં હતાં અને ફરમાવ્યા કરતાં હતાં કે જો મારાં માં–બાપ પણ કબરોમાંથી ઊઠીને આવી જાય તો (એમની ઝિયારત અને મુલાકાતની ખુશીથી ભરપૂર મશગૂલિયતમાં) પણ આ રકા'તો પઢવાનું છોડીશ નહિ. *(મિશ્કાત)*

હઝરત ઉમ્મે હાની (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફત્હે મક્કાના દિવસે મારા ઘેર આવીને ચાશ્તની આઠ રકા'તો પઢી અને આ જ હદીસની બીજી એક રિવાયતમાં છે કે તે સમય ચાશ્તનો હતો. *(બુખારી–મુસ્લિમ)*

હઝરત અલી (રદિ.)થી રિવાયત છે કે જ્યારે સૂરજ પૂર્વ તરફ એટલો ઊંચો થઈ જતો જેટલો ઝોહરની નમાઝ વખતે પશ્ચિમ તરફ હોય છે તો એ સમયે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ચાશ્તની ચાર રકા'ત નમાઝ પઢતા હતા. *(શમાઈલે તિરમિઝી)*

**ફઝાઈલ :**

(૧) હઝરત અબૂઝર ગિફારી (રદિ.) કહે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : દરેક સવારે તમારા શરીરના દરેક જોડ–સાંધા અને અવયવ પર સદકો વાજિબ થઈ જાય છે અને સુબ્હાનલ્લાહ કહેવું સદકો છે, અલ્હમ્દુલિલ્લાહ કહેવું સદકો છે, લા ઈલા–હ ઈલ્લલ્લાહ કહેવું સદકો છે, અલ્લાહુ અકબર કહેવું સદકો છે, ભલાઈની પ્રેરણા આપવી પણ સદકો છે અને બુરાઈથી રોકવું પણ સદકો છે અને ઈશ્રાકની બે રકા'તો આ સૌના તરફથી કાફી છે. *(મુસ્લિમ)*

(૨) આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવ્યું : જે માણસે ચાશ્તની બે રકા'તની પાબંદી કરી લીધી તો એના ગુનાહ માફ કરી દેવામાં આવશે, ચાહે તે સમુદ્રના કાંપ બરાબર હોય. *(અહમદ–તિરમિઝી, ઈબ્ને માજહ)*

(૩) ફરમાવ્યું : જેણે ચાશ્તની બાર રકા'ત પઢી લીધી તો એના માટે અલ્લાહ તઆલા જન્નતમાં સોનાનો એક મહેલ બનાવશે.

*(તિરમિઝી, ઈબ્ને માજહ)*

(૪) હઝરત અબૂ હુરયરહ (રદિ.) ફરમાવે છે કે મને મારા ખલીલ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ત્રણ વાતોની વસિય્યત ફરમાવી છે :

(૧) દર મહિને ત્રણ રોઝા રાખવા,
(૨) ચાશ્તની બે રકા'ત પઢવી અને
(૩) સૂતાં પહેલાં વિત્ર પઢી લેવા. *(બુખારી–મુસ્લિમ)*

(૫) હઝરત અબૂ દરદાઅ (રદિ.) ફરમાવે છે કે મને મારા મહબૂબ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ત્રણ વાતોની વસિય્યત ફરમાવી છે, જેને હું જીવનભર છોડવાનો નથી :

(૧) દર મહિને ત્રણ રોઝા રાખવા,
(૨) ચાશ્તની બે રકા'ત પઢવી અને
(૩) સૂતાં પહેલા વિત્ર પઢી લેવા. *(બુખારી–મુસ્લિમ)*

(૬) એક હદીસમાં છે કે આ નમાઝ પઢવાવાળો કદી તંગદસ્ત થશે નહિ.

(૭) હઝરત મુઆઝહ અદ્‌વિય્યહ (રદિ.) બયાન કરે છે કે મેં હઝરત આયશા સિદ્દીકા (રદિ.)ને પૂછયું કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ

સલ્લમ) ચાશ્તની નમાઝ કેટલી રકા'તો પઢતા હતા ? એમણે ફરમાવ્યું કે (મોટા ભાગે) ચાર રકા'ત અને એનાથી વધુ જેટલી અલ્લાહ તઆલા ચાહતો. *(સહીહ મુસ્લિમ, મઆરિફુલ હદીસ)*

**નિય્યત :** હું અલ્લાહ તઆલાના વાસ્તે ચાશ્તની બે રકાત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું, મુખ મારું કા'બા શરીફ તરફ, અલ્લાહુ અકબર.

**મસાઈલ :**

(૧) ચાશ્તની નમાઝની નિય્યત બે–બે રકા'ત કરીને પણ બાંધી શકાય છે અને ચાર–ચાર રકા'ત કરીને પણ. દરેક રીતે અધિકાર છે.

(૨) ઉલમાએ કિરામ ફરમાવે છે કે ચાશ્તની નમાઝ મુસ્તહબ છે. એને કદી પઢી લેવામાં આવે અને કદી છોડી દેવામાં આવે. હુઝૂરે અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની મુબારક આદત મોટા ભાગે નવાફિલ ઈબાદતોમાં આવી જ હતી. (અર્થાત્ કદી પઢતા અને કદી છોડી દેતા.) સહાબા અને તાબિઈન (રદિ.)નો અમલ પણ આ જ પ્રમાણે હતો.

*(ઉસ્વએ રસૂલે અકરમ સલ.)*

હઝરત અબૂ સઈદ ખૂદરી (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ (કદી કદી) ચાશ્તની નમાઝ (એટલી પાબંદીથી) પઢતા હતા કે અમે કહેવા માંડતા કે હવે (કદાચ) આપ એને કદાપિ છોડશે નહિ (અને એને બરાબર પઢતા જ રહેશે) અને (કદી કદી) એને (એવી રીતે) છોડી દેતા હતા કે અમે કહેવા માંડતા કે હવે (કદાચ) આપ એને પઢશે નહિ. *(તિરમિઝી શરીફ)*

## નમાઝે અવ્વાબીન

મગરિબનાં ફર્ઝ અને સુન્નતો પછી બબ્બે રકાત કરીને ઓછામાં ઓછી છ (૬) અને વધુમાં વધુ વીસ (૨૦) રકાત નફલ નમાઝ પઢવાને અવ્વાબીનની નમાઝ કહે છે.

**ફઝાઈલ :**

(૧) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મગરિબ પછી છ (૬) રકા'ત

નમાઝ પઢતા હતા અને ફરમાવતા હતા કે જે કોઈ બંદો મગરિબ પછી છ રકા'ત નમાઝ પઢી લેશે તો એના ગુનાહ માફ કરી દેવામાં આવશે, ભલેને તે સંખ્યા સમુદ્રના કાંપ બરાબર હોય. *(મઆરિફુલ હદીસ–તબરાની)*

(૨) આ નમાઝોનો સવાબ ૧૨ વર્ષની નફલોના બરાબર મળે છે.

*(મિશ્કાત, સુનને અબૂ દાવૂદ, બયહકી)*

હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે નબીએ અકરમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : જે માણસ મગરિબની નમાઝ પછી છ (૬) રકા'ત નફલ પઢે, એવી રીતે કે દરમિયાનમાં કોઈની સાથે વાતચીત ન કરે તો આ એના માટે બાર વર્ષની ઈબાદતના બરાબર સવાબ છે. *(ઈબ્ને માજહ–તિરમિઝી)*

**નિય્યત :** હું અલ્લાહ તઆલાના વાસ્તે અવ્વાબીનની બે રકા'ત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું, મુખ મારું કા'બા શરીફ તરફ, અલ્લાહુ અકબર.

**મસાઈલ :**

(૧) મગરિબના ફર્ઝ પછી બે સુન્નતો અને ચાર નફલો અથવા બે સુન્નતો અને અઢાર નફલો પઢી લેવી પણ કાફી છે. બે સુન્નતો પણ છ (૬) યા વીસ (૨૦)ની ગણતરીમાં આવી જશે; પરંતુ જો સુન્નતો પછી છ યા વીસ નફલો પઢી લીધી તો ઘણી જ સારી વાત છે.

(૨) આ રકા'તોની નિય્યત બબ્બે કરીને પણ કરી શકાય છે અને ચાર ચાર કરીને પણ, (પરંતુ બે સુન્નતોને અલગ કરીને જ પઢવી જરૂરી છે.)

## મગરિબ અને ઈશા દરમિયાન નવાફિલની ફઝીલત

મગરિબ અને ઈશા દરમિયાનનો વખત ઘણો જ કિંમતી લેખવામાં આવ્યો છે. આ મૂલ્યવાન સમયને ગનીમત સમજીને એમાં અમુક નવાફિલ

પઢી લેવા સવાબકારક અને અજરને પાત્ર છે. કુર્આને મજીદમાં આવા લોકોના વખાણ કરાયા છે :

**"ત-તજાફા જુનૂબુહુમ અનિલ મદાજિઈ....."** *(સૂ. સજદહ : ૧૬)*

(**અર્થ :** તેમનાં પડખાં બિછાણાઓથી અળગાં રહે છે.)

હઝરત અનસ ઈબ્ને માલિક (રદિ.) ફરમાવે છે :

''આ આયત તે સહાબએ કિરામ (રદિ.)ની તારીફમાં ઊતરી છે જેઓ મગરિબ અને ઈશા દરમિયાન નફલ નમાઝો પઢતા હતા અને હઝરત હસન (રહ.) ફરમાવે છે કે એનાથી તહજ્જુદની નમાઝ મુરાદ છે.'' *(અબૂ દાવૂદ)*

મુહમ્મદ ઈબ્ને નસ્ર મરવઝી (વફાત હિ. ૨૯૪)એ ''કિયામુલ્લય્લ'' (પેજ–૫૬)માં ઘણા સહાબએ કિરામ (રદિ.)નો અમલ નકલ કર્યો છે કે તેઓ આ સમયમાં નવાફિલ પઢતા હતા.

હઝરત આયશા (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : માણસ મગરિબ અને ઈશા દરમિયાન વીસ (૨૦) રકા'ત નફલ પઢે તો અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં મહેલ બનાવે છે. *(ઈબ્ને માજહ–તિરમિઝી)*

## ઈશા પછી નફલ નમાઝ

હઝરત આયશા સિદ્દીકા (રદિ.)થી રિવાયત છે કે કદી એવું થયું નથી કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઈશાની નમાઝ પઢીને (આરામ ફરમાવવા માટે) મારી પાસે તશરીફ લાવ્યા હોય અને આપે ચાર યા છ રકા'તો ન પઢી હોય. *(અબૂ દાવૂદ : ૧/૨૦૧)*

**વિવરણ :** ઈશા પછી બે રકા'ત સુન્નતે મુઅક્કદહ છે. જાહેરી રીતે એવું જણાય છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ઈશા પછી અને આરામ ફરમાવવાથી પહેલાં આ બે રકા'ત સુન્નતે મુઅક્કદહ સિવાય કદી બે રકા'ત અને કદી ચાર રકા'ત વધુ નફલ પઢતા હતા. વલ્લાહુ અઅ્લમ. *(મઆરિફુલ હદીસ : ૩/૩૨૭)*

## નમાઝે તહજ્જુદ

રાતે સૂઈને ઊઠીને નમાઝ પઢવાને તહજ્જુદ કહે છે.

હઝરત હસન બસરી (રહ.) ફરમાવે છે કે નમાઝે તહજજુદ પ્રત્યેક તે નમાઝને આવરી લે છે, જે ઈશા પછી પઢવામાં આવે. અલબત્ત, રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને સહાબએ કિરામ (રદિ.)ના તઆમુલ (નિત્યક્રમ) અનુસાર થોડીક ઊંઘ લીધા પછી જે નમાઝ પઢવામાં આવે તે નમાઝે તહજ્જુદ કહેવાશે. *(તફસીરે ઈબ્ને કસીર)*

મતલબ કે તહજ્જુદની નમાઝને ઊંઘ લીધા પછી પઢવું શર્ત નથી, કારણ કે કુર્આન મજીદમાં છે : **"વ મિનલ્લય્લિ ફ-તહજ્જદ્ બિહી....**(હે મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ !) રાતે તહજ્જુદ પઢતા રહો.'' તફસીરે મઝહરીમાં આ આયતનો ભાવાર્થ એવો વર્ણવાયો છે કે રાતના થોડાક ભાગમાં નમાઝ માટે સૂવાનું ત્યજી દો, ચાહે સૂઈને ઊઠયા પછી પઢો યા શરૂઆતમાં જ પઢીને સૂઈ જાઓ; પરંતુ સામાન્યપણે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) અને સહાબએ કિરામ (રદિ.)ની મુબારક આદત રાતના અંત ભાગમાં ઊઠીને નમાઝે તહજ્જુદ પઢવાની હતી, એ કારણે સૂઈને ઊઠીને પઢવું અફઝલ લેખાશે. *(મઆરિફુલ કુર્આન)*

તહજ્જુદનો સમય ઈશાની નમાઝ પઢયા પછીથી લઈને સુબ્હે સાદિક સુધી છે; પરંતુ અડધી રાત પછી ઊઠીને પઢવી અફઝલ છે. *(શામી)*

## રાત્રિ જાગરણની ફઝીલતના અસ્બાબ

અલ્લામહ મહમૂદ નસફી (રહ.) પોતાની તફસીરે ખાઝિનમાં કિયામે લયલ (ઈબાદત-નમાઝ માટે રાત્રિ જાગરણ)ની ફઝીલત વર્ણવતા લખે છે :

''કારણ કે રાતે પોશીદગી યા ગુપ્તતા વધુ હોવાથી રિયાકારીથી હિફાઝત થાય છે. વળી, રાતનો અંધકાર એકાગ્રતા અને દિલના સુકૂનનું નિમિત્ત બને છે તથા ચીજો તરફ નજર માંડવાથી મહફૂઝ રહે છે. બસ, દિલ જ્યારે બાહ્ય ચીજોમાં પરોવાથી ફારિગ રહે છે તો તવજ્જુહ ઈલલ્લાહમાં તરક્કી થાય છે.

ઉપરાંત, રાતે ઊંઘનું વર્ચસ્વ રહે છે અને નફસને જાગવાનું મુશ્કેલ લાગે છે, જેથી મુજાહદહ (તપસ્યા)ના પ્રમાણમાં મુશાહદહ (નૂરે ઈલાહીનો દીદાર)માં વધારો થઈ જાય છે.'' *(કશ્કોલે મઅરિફત : ૨૯૫)*

## તહજ્જુદ શરૂઆતમાં ફર્ઝ હતી :

અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

**"વ મિનલ્લય્‌લિ ફ-તહજ્જદ્ બિહી નાફિલતન્ લ-ક.....**

(હે મુહમ્મદ સલ !) રાતે તહજ્જુદ પઢતા રહો, આ ખાસ આપના માટે વધારાની ચીજ છે. આશા છે કે આપનો પરવરદિગાર આપને મકામે મહમૂદમાં સ્થાન આપશે.'' *(સૂ. બની ઈસરાઈલ : ૭૯)*

હકીમુલ ઉમ્મત હઝરત મવલાના અશરફ અલી સા. થાનવી (રહ.) આ આયતના વિવરણમાં લખે છે : તહજ્જુદ પહેલાં બધાં પર ફર્ઝ હતી. પછી ઉમ્મતના શિરેથી એની ફર્ઝિય્યત હટાવી લેવામાં આવી; પરંતુ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના સંદર્ભમાં બે કથન છે. એક આ કે તહજ્જુદ આપ પર ફર્ઝ રહી હતી અને બીજું કથન આ છે કે તહજ્જુદ આપના શિરે પણ ફર્ઝ રહી ન હતી. આ બધી રિવાયતો દુર્રે મન્થૂરમાં છે. પ્રથમ કથન અનુસાર (આયતમાં આવેલા) ''નાફિલહ''નો શાબ્દિક અર્થ મુરાદ લેવાશે. યા'ની ફરીઝતન્ ઝાઈદતન્ લ–ક (એટલે કે તહજ્જુદ આપના માટે વધારાની ચીજ હતી.) બંને કથનોનું સમાધાન આ રીતે થઈ શકે છે કે પ્રથમ ઉમ્મતના શિરેથી એની ફર્ઝિય્યત હટાવી લેવામાં આવી. પછી આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના માટે પણ એની ફર્ઝિય્યત ખતમ કરી દેવામાં આવી. *(બયાનુલ કુર્આન : ૧/૫૭૮)*

**ફઝાઈલ :**

(૧) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો : શયતાન સૂતી વખતે તમારામાંથી દરેકની ગરદન પણ ત્રણ ગાંઠ વાળે છે અને ગાંઠ વાળતી વેળા કહે છે : રાત લાંબી છે, ખૂબ સૂઈ લે. જ્યારે બંદો (રાતે) જાગીને ઝિક્ર કરે

છે તો એક શયતાની ગાંઠ ખુલી જાય છે, જ્યારે વુઝૂ કરે છે તો બીજી ગાંઠ ખુલી જાય છે અને જ્યારે નમાઝ શરૂ કરે છે તો ત્રીજી ગાંઠ પણ ખુલી જાય છે અને તે ખુશખુશાલ હોવાની હાલતમાં સવાર કરે છે, નહિતર સવારે સુસ્ત અને ભારેખમ હોય છે. *(બુખારી–મુસ્લિમ)*

(૨) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : અલ્લાહ તઆલા રહમ ફરમાવે તે પુરુષ પર, જે પોતે તહજ્જુદ માટે ઊઠે અને પોતાની પત્નીને પણ જગાડે અને ન જાગવા પર તેના મોઢા પર પાણીનો છંટકાવ કરે. એ જ પ્રમાણે અલ્લાહ તઆલા તે અવરત પર રહમ ફરમાવે, જે પોતે તહજ્જુદ માટે ઊઠે અને પોતાના પતિને પણ ઉઠાડે અને ન ઊઠવા પર તેના મુખ પર પાણી છાંટે. *(અબૂ દાવૂદ–ઈબ્ને માજહ)*

(૩) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામ (રદિ.) ફરમાવે છે કે જ્યારે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) મદીના–મુનવ્વરહ તશરીફ લાવ્યા તો લોકો ઉતાવળે આપની ખિદમતમાં હાજર થવા માંડયા. હું પણ આપની ઝિયારત કરવાના આશયે હાજર થયો. જ્યારે મારી નજર આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર પડી તો હું સમજી ગયો કે આ ચહેરો જૂઠા માણસનો હોઈ શકતો નથી. આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) વાતચીત શરૂ કરતાં ફરમાવ્યું : હે લોકો ! સલામને ફેલાવો, લોકોને ખાણું ખવડાવો અને રાતે નમાઝ પઢો, જ્યારે કે લોકો સૂતા હોય. (આ આમાલ કરીને) સલામતીપૂર્વક જન્નતમાં દાખલ થઈ જાઓ. *(ઈબ્ને માજહ–તિરમિઝી)*

(૪) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે રમઝાન પછી અફઝલ રોઝા અલ્લાહના મહિના મુહર્રમના રોઝા છે અને ફર્ઝ નમાઝ પછી અફઝલ નમાઝ તહજ્જુદની નમાઝ છે. *(મુસ્લિમ શરીફ)*

(૫) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : ફર્ઝ નમાઝ પછી સૌથી અફઝલ દરમિયાને રાતની નમાઝ છે (અર્થાત્ તહજ્જુદ).

*(સહીહ મુસ્લિમ, મઆરીફુલ હદીસ)*

(૬) નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું :

પોતાના શિરે રાતના કિયામ (તહજ્જુદ)ને લાઝિમ ઠરાવી લો, કારણ કે તહજ્જુદ પહેલેથી જ તમારા નેક પૂર્વજો–બુઝુર્ગોનો તરીકો રહ્યો છે અને તહજ્જુદ તમને પોતાના રબથી નજીક કરે છે તથા તમારા ગુનાહોનો કફ્ફારહ (પ્રાયશ્ચિત્ત) બની જાય છે અને ગુનાહોથી રોકે છે. *(તિરમિઝી શરીફ)*

(૭) નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : તમામ વખતોથી વધુ તહજ્જુદના વખતે બંદો પોતાના રબથી નજીક હોય છે, જેથી તમારાથી થઈ શકે તો તે સમયે અલ્લાહ તઆલાને યાદ કરી લો.

*(તિરમિઝી શરીફ)*

(૮) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે દરરોજ રાતે જ્યારે એક તૃતીયાંશ રાત રહી જાય છે તો અલ્લાહ તઆલા ફરમાવે છે કે કોણ છે જે મારાથી દુઆ કરે તો હું તેની દુઆ કબૂલ કરું. કોણ છે કે જે મારાથી સવાલ કરે અને હું તેનો સવાલ પૂરો કરું; કોણ છે જે મારાથી મગફિરત ચાહે અને હું તેની મગફિરત કરું. કોણ છે જે એવાને કર્ઝ દે, જેની પાસે સર્વ કાંઈ છે, જે કંગાળ અને ઝાલિમ નથી. સવાર થતાં સુધી આ જ પ્રમાણે પુકાર થતી રહે છે. *(બુખારી–મુસ્લિમ)*

(૯) નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, બેશક, જન્નતમાં બાલાખાનાઓ (અટારીઓ) છે. (જે એવાં સાફ, ચોખ્ખાચણક અને પારદર્શક છે કે) એમનો બહારનો ભાગ અંદરથી અને અંદરનો ભાગ બહારથી નજર આવે છે. આ બાલાખાનાઓ અલ્લાહ તઆલાએ તે લોકો માટે બનાવ્યાં છે, જેઓ નરમીથી વાત કરે છે અને (જરૂરતમંદને) ખાણું ખવડાવે છે અને પુષ્કળ પ્રમાણમાં રોઝા રાખે છે અને રાતે નમાઝ પઢે છે, જ્યારે કે લોકો નિંદર માણતા હોય છે. *(મિશ્કાત શરીફ)*

(૧૦) હઝરત મુગયરહ (રદિ.) ફરમાવે છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એટલો લાંબો કિયામ ફરમાવ્યો કે આપના મુબારક કદમોને સોજો ચઢી ગયો. સહાબએ કિરામ (રદિ.)એ અરજ કરી કે આપ આટલો કષ્ટ કેમ ઉઠાવો છો ? હાલાં કે અલ્લાહ તઆલાએ આપના આગલા અને પાછલા બધાં જ ગુનાહ માફ ફરમાવી દીધા છે. આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવ્યું કે શું હું ખુદાનો શુક્રગુઝાર બંદો ન બનું ?

*(મિશ્કાત શરીફ)*

(૧૧) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ (રદિ.) ફરમાવે છે કે મને હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે હે અબ્દુલ્લાહ ! ફલાણા માણસ જેવા ન બનશો કે જે રાતે ઉઠતો હતો (અર્થાત્ તહજ્જુદ પઢતો હતો.) પછી તેણે રાતે ઉઠવાનું (તહજ્જુદ–પઢવાનું) છોડી દીધું (એટલે કે તમે હંમેશા પાબંદીથી તહજ્જુદ પઢતા રહેજો.)

*(મિશ્કાત શરીફ)*

(૧૨) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી રિવાયત છે કે એક માણસ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયો અને કહેવા લાગ્યો કે ફલાણો માણસ રાતે નમાઝ પઢે છે અને જ્યારે સવાર પડવા લાગે છે તો ચોરી કરે છે. આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : બેશક, નમાઝ એને બુરા કામથી રોકી દેશે. *(મિશ્કાત શરીફ–બયહકી)*

(૧૩) જે માણસ રાતે પોતાની અવરતને જગાડે અને બંને બે રકા'ત નમાઝ (તહજ્જુદ) પઢે તો એમને ઝાકિરીન અને ઝાકિરાતમાં લખવામાં આવે છે. *(અબૂ દાવૂદ–મિશ્કાત)*

(૧૪) હઝરત જાબિર (રદિ.)થી મરફૂઅન્ રિવાયત છે કે હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો, (હે જાબિર !) તમે રાતની નમાઝ કદાપિ છોડશો નહિ. (રાતે નમાઝ અવશ્ય પઢો.) ભલે, બકરીના દૂધ દોહવાના પ્રમાણમાં હોય. (અર્થાત્ વધુ સમય સુધી પઢવાનો મોકો યા હિંમત ન હોય તો થોડીવાર પણ પઢી લેવી જોઈએ.)

*(જમ્ઉલ ફવાઈદ)*

(૧૫) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે રાતની નમાઝને દિવસની નમાઝ પર એવી ફઝીલત છે, જેમ કે ગુપ્ત સદકાને જાહેરી સદકા પર. *(મજમઉઝ્ ઝવાઈદ)*

(૧૬) અસ્માઅ્ બિન્તે યઝીદ હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી નકલ ફરમાવે છે કે તમામ લોકોને કિયામતના દિવસે એક જમીન પર એકત્ર કરવામાં આવશે. પછી એક પુકારનારો પુકારશે કે તે લોકો કયાં છે, જેઓ રાતે પોતાના પડખાંને પોતાના બિછાણાઓથી જુદા રાખતા હતા (અર્થાત્ તહજ્જુદ પઢતા હતા). બસ, આ લોકો ઊઠશે અને હિસાબ–કિતાબ વગર

જન્નતમાં દાખલ થઈ જશે અને આ લોકો સંખ્યામાં ઓછા હશે. પછી તમામ લોકોના હિસાબ–કિતાબનો હુકમ કરવામાં આવશે.

*(બયહકી–મિશ્કાત શરીફ–કલામે નુબુવ્વત : ૧/૩૯૯)*

(૧૭) જો રાતે તહજ્જુદ પઢવાનું રહી જાય તો પછી દિવસે એની તલાફી કરી શકાય છે. આ તલાફીના સિલસિલામાં વિવિધ રિવાયતો આવેલી છે. હઝરત આયશા (રદિ.) ફરમાવે છે કે જો હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો કદી તકલીફ વગેરેના કારણે રાતનો વઝીફો રહી જતો તો દિવસે બાર રકા'તો પઢતા હતા. હઝરત ઉમર (રદિ.) ફરમાવે છે કે જે માણસનો પૂરો યા થોડોક વઝીફો પઢવાનો રહી જાય અને તે એને ફજર અને ઝોહરની નમાઝ દરમ્યાન પઢી લે તો એ રાતે પઢવા સમાન લેખાશે. એટલે કે જે સવાબ રાતે પઢવા પર મળત તે જ સવાબ હવે પણ મળશે.

*(મુસ્લિમ શરીફ–કલામે નુબુવ્વત : ૧/૩૯૦)*

જે માણસ રાતે તહજ્જુદ ન પઢી શકયો તો જો તે ઝવાલથી પહેલાં બાર રકા'ત પઢી લેશે તો ઈન્શાઅલ્લાહ તહજ્જુદનો સવાબ મળી જશે.

*(ફતાવા મહમૂદિય્યહ : ૨/૭૩)*

(૧૮) રાતે સૂતી વખતે તહજ્જુદ માટે જાગવાની નિય્યત કરે, કારણ કે જો આંખ ન ખુલી તો પણ અલ્લાહ તઆલા આ ઈરાદા પર તહજ્જુદનો સવાબ અતા ફરમાવશે. હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ઈરશાદ છે કે જ્યારે કોઈ માણસ તહજ્જુદના ઈરાદે બિસ્તર પર સૂઈ જાય છે અને પછી ઊંઘના વર્ચસ્વના કારણે ઊઠી ન શકે, અહિંયા સુધી કે સવાર પડી જાય તો અલ્લાહ તઆલા એની નિય્યતનો સવાબ પણ અતા ફરમાવે છે અને એનું સૂવું અલ્લાહ તઆલા તરફથી સદકો બની જાય છે.

*(ફઝાઈલે તહજ્જુદ : ૧૧૮)*

(૧૯) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) રાતે જ્યારે નમાઝે તહજ્જુદ માટે ઊભા થતા તો પ્રથમ હલકી હલકી બે રકા'તો પઢતા હતા.

*(સહીહ મુસ્લિમ)*

અમુક વિવરણકારોએ લખ્યું છે કે આપ કદાચ આ પ્રમાણે એટલા માટે

કરતા હતા કે પ્રથમ હલકી હલકી બે રકા'તો પઢવાથી તબીઅતમાં ચુસ્તી અને સ્ફૂર્તિ ઉત્પન્ન થઈ જાય તો એ પછી લાંબી કિરાઅત સાથે નમાઝ પઢી શકાય.

(૨૦) હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો આ ઈરશાદ પણ નકલ થયો છે કે જ્યારે તમારામાંથી કોઈ રાતે નમાઝ માટે ઊઠે તો પ્રથમ હલકી હલકી બે રકા'તો પઢીને નમાઝ શરૂ કરે. *(મુસ્લિમ શરીફ)*

(૨૧) હઝરત બરાઅ બિન આઝિબ (રદિ.) બયાન કરે છે કે જનાબ રસૂલે અકરમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, જ્યારે તમે સૂવાનો ઈરાદો કરો તો નમાઝના જેવું વુઝૂ કરીને પથારી ઉપર જમણા પાસા એ સૂઈ જાવ અને ફરી આ કલામ પઢવાનું રાખો :

اَللّٰھُمَّ اَسْلَمْتُ نَفْسِیْ اِلَیْکَ
وَوَجَّھْتُ وَجْھِیَ اِلَیْکَ وَفَوَّضْتُ
اَمْرِیْ اِلَیْکَ وَلَجَئْتُ ظَھْرِیْ
اِلَیْکَ رَغْبَۃً وَّرَھْبَۃً اِلَیْکَ
لَامَلْجَاَ وَلَامَنْجَاَ مِنْکَ اِلَّا اِلَیْکَ ط
اَللّٰھُمَّ اٰمَنْتُ بِکِتَابِکَ الَّذِیْ
اَنْزَلْتَ وَنَبِیِّکَ الَّذِیْ اَرْسَلْتَ ط

**"અલ્લાહુમ્મ અસ્લમ્તુ નફ્સી ઈલય્ક વ વજ્જહ્તુ વજ્હિ-ય ઈલય્ક વ ફવ્વઝ્તુ અમ્રી ઈલય્ક વ લજઅ્તુ ઝહ્રી ઈલય્ક રગ્બતંવ્વ રહ્બતન્ ઈલય્ક લા મલ્જ-અ વલા મન્જ-અ મિન્ક ઈલ્લા ઈલય્ક અલ્લાહુમ્મ આમન્તુ બિકિતાબિકલ્લઝી અન્ઝલ્ત વ નબિય્યિકલ્લઝી અર્સલ્ત."**

**અર્થ :** યા અલ્લાહ ! મેં મારી જાતને તારા હવાલે કરી અને મેં મારા રૂખને અને મારી જાતને તારા તરફ એકધ્યાન કર્યા અને મારા સર્વે કાર્યો તને સોંપ્યાં ને મેં તારો જ આસરો લીધો. મારું વલણ અને મારી આશાઓ પણ તારા ઉપર જ અવલંબિત છે. તારો જ ડર મને લાગેલો રહે છે ને તારી પકડ અને તારા અઝાબથી બચવા તારી ઝાત સિવાય કોઈ બચાવની જગ્યા નથી; ન કોઈ છુટકારાનો માર્ગ છે, પરંતુ તારા ગઝબથી બચવા માટે તારી રહમત વગર અને તારી પકડથી બચવા માટે તારી માફી વિના બીજો કોઈ આરો નથી. હે અલ્લાહ ! હું તારી ઉતારેલ કિતાબ ઉપર અને તેં મોકલેલ નબી ઉપર ઈમાન રાખું છું.

જે માણસ ઉપરનાં કલામ પઢી સૂઈ જશે, ને પછી કંઈ વાત ન કરશે તો એવો માણસ જો તે જ રાત્રે મરી જશે તો તેની મોત ફિતરતે સલીમા ઉપર થશે. *(બુખારી, મુસ્લિમ વગેરે)*

તિરમિઝીની રિવાયત છે કે જો એ માણસ એ જ રાતે મરી જશે તો જન્નતમાં જશે.

(૨૨) અમીરુલ મુઅમિનીન હઝરત અલી (રદિ.) બયાન કરે છે કે જનાબ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, તહજ્જુદ પઢનાર બંદાઓને જન્નતના પોષાક અને પાંખવાળા સોનાના ઘોડાઓ આપવામાં આવશે, એ ઘોડાની લગામો મોતી અને માણેકની હશે. એ ઘોડાઓ મળમૂત્રથી પવિત્ર હશે. તહજ્જુદ પઢનારાઓ એ ઘોડાઓ ઉપર સવાર થઈ જ્યાં ચાહશે ત્યાં ઉડતા અને સહેલ કરતા ફરશે. એ લોકોને એ હાલતમાં જોઈ બીજા લોકો પૂછશે, ''હે રબ ! તારા એ બંદા કોણ છે ? એ લોકો એ મરતબે કેવી રીતે પહોંચ્યા ?'' તો તેમને જવાબ મળશે કે, એ લોકોને એ મરતબો રાતની ઈબાદતના બદલામાં મળ્યો છે, જ્યારે તમે સૂતા પડયા

રહેતા હતા તો એ તહજ્જુદની નમાઝ પઢયા કરતા હતા.''

*(ઈબ્ને અબીદુન્યા)*

**મસાઈલ :**

(૧) રાતનો અંતિમ ભાગ તહજ્જુદનો અફઝલ સમય છે. એની ઓછામાં ઓછી બે રકા'તો અને વધુમાં વધુ બાર રકા'તો છે.

*(બુખારી, મુઅત્તા ઈમામ માલિક)*

(૨) પસંદનીય અને સર્વસંમત કથન અનુસાર વધુમાં વધુ આઠ રકા'ત છે. *(શામી)*

(૩) રાતે ઊઠવાની હિંમત ન હોય તો ઈશાની નમાઝ બાદ જ તહજ્જુદની નિય્યતે થોડીક રકા'તો પઢી લે, પરંતુ સવાબમાં કમી થઈ જશે. સૂઈને ઊઠીને તહજ્જુદ પઢવી અફઝલ છે. *(શામી)*

(૪) જો કોઈ માણસે શરૂ રાતમાં ઈશા પછી તહજ્જુદની નિય્યતે ચાર યા આઠ રકા'ત પઢી લીધી અને રાતના અંતભાગમાં જાગી ગયો તો પણ તહજ્જુદની નિય્યતે નવાફિલ પઢી શકે છે, કારણ કે એક રિવાયતથી અમલી રીતે બારથી વધુ; પરંતુ મર્યાદિત અને મૌખિક રીતે (કવ્લન) અમર્યાદિત તહજ્જુદની રકાતો સાબિત છે, એટલે કે તહજ્જુદની રકા'તોની એવી કોઈ હદ નથી, જેના પછીની નમાઝને તહજ્જુદ ન કહી શકાય.

*(બવાદિરુન્નવાદિર : ૧/૧૦૩)*

(૫) તહજ્જુદની નમાઝ મુસ્તહબ છે. ફુકહાએ કિરામે તેની રાતના મુસ્તહબ્બાતમાં ગણના કરી છે.

(૬) જે માણસ તહજ્જુદ પઢવા ટેવાયેલો હોય, એણે કોઈ પ્રકારની મજબૂરી વગર તહજ્જુદને છોડવી મકરૂહ છે.

(૭) ''મુફતા બિહી'' કથન અનુસાર તહજ્જુદની નમાઝમાં બે–બે રકા'તો પઢવી અફઝલ છે. જો કે ચારની પણ નિય્યત કરી શકાય છે.

(૮) રાતનાં અંતિમ ત્રીજા ભાગમાં નમાઝે તહજ્જુદ પઢવી વધુ અફઝલ છે.

(૯) જે માણસને પોતાની ઝાત પર રાતે ઊઠવાનો–જાગી જવાનો વિશ્વાસ

હોય તો તેણે રાતના અંતભાગમાં તહજ્જુદની નમાઝ સાથે વિત્ર પઢવા મસ્નૂન છે.

(૧૦) વિત્ર જો તહજ્જુદ પછી પઢે તો વિત્ર પછી કોઈ નફલ નમાઝ ન પઢે, અહિંયા સુધી કે ફજરની નમાઝનો સમય થઈ જાય તો ફજરના સુન્નત અને ફજરના ફર્ઝ અદા કરે.

## તહજ્જુદ માટે ઊઠવાના અસ્બાબ :

હુજ્જતુલ ઈસ્લામ હઝરત ઈમામ ગઝાલી (રહ.)એ નમાઝે તહજ્જુદ પઢવા માટે રાતે ઊઠવાના ત્રણ જાહેરી અસ્બાબ બયાન ફરમાવ્યા છે :

(૧) ખાણું વધુ ખાવું નહિ, એનાથી પુષ્કળ પાણી પીવાશે અને ઊંઘ ઘણી આવશે.

(૨) દિવસે એવાં કષ્ટદાયી અને પરિશ્રમભર્યા કામ ન કરે જેનાથી થાકીને ચૂર થઈ જવાય અને અવયવો સુસ્ત પડી જાય. એનાથી ખૂબ ઊંઘ આવે છે.

(૩) દિવસે ગુનાહોથી પરહેઝ કરે, એનાથી દિલ સખત થઈ જાય છે અને ગુનાહ રહમતના અસ્બાબ તથા બંદાના દરમિયાન અવરોધરૂપ બને છે.

## નમાઝે તૌબા

જ્યારે કોઈ માણસ અનિષ્ટ, અશ્લીલ અને ગુનાહિત કૃત્યનું આચરણ કરી બેસે તો તરત જ ઊભો થઈ જાય અને ગુનાહથી (પાક થવાની નિય્યતે) સારી રીતે ગુસલ યા વુઝૂ કરે, પછી બે રકા'ત નફલ ''નમાઝે તૌબા'' પઢે અને નમાઝ પછી ખૂબ કાકલૂદીપૂર્વક, રડી–કકડીને તૌબા કરે અને પોતાના કૃત્ય પર પસ્તાવો જાહેર કરે તથા ભવિષ્યમાં એવું કૃત્ય ન કરવાનો મક્કમ નિર્ધાર કરે અને અલ્લાહ તઆલાથી મગફિરત તલબ કરે તો આ રીતે કરવાથી અલ્લાહ તઆલાના ફઝલથી તે ગુનાહ માફ થઈ જાય છે.

*(હિસ્ને હસીન–બેહિશ્તી ઝેવર)*

**ફઝીલત :**

(૧) હઝરત અબૂબક્ર સિદ્દીક (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ઈરશાદ ફરમાવ્યો કે જો કોઈ માણસથી કોઈ ગુનાહ થઈ જવા પામે, પછી તે વુઝૂ કરીને નમાઝ પઢે અને ત્યાર બાદ અલ્લાહ તઆલાથી મગફિરત માંગે તો અલ્લાહ તઆલા તેને માફ ફરમાવી દેશે. પછી આપે આ આયતે શરીફહ તિલાવત ફરમાવી :

وَالَّذِيْنَ اِذَا فَعَلُوْا فَاحِشَةً اَوْ ظَلَمُوْٓا...... (ال عمران ۳:۱۳۵)

**(અર્થ :** અને જ્યારે એમનાથી કોઈ ખુલ્લું ગુનાહનું કૃત્ય થઈ જાય છે અથવા તેઓ પોતાના હકમાં કોઈ ખોટું કામ કરી લે છે તો તરત જ અલ્લાહ તઆલાનો ઝિક્ર કરે છે અને પોતાના ગુનાહોની માફી માંગવા લાગે છે અને અલ્લાહ તઆલા સિવાય કોણ ગુનાહોને માફ કરી શકે છે ? અને તેઓ પોતાના (ખોટા) કૃત્યો પર જાણીબૂઝીને અડી પણ રહેતા નથી.

*(સૂરએ આલિ ઈમરાન : ૧૩૫)*

*(તિરમિઝી : ૧/૫૪, ઈબ્ને માજહ : ૧૦૧, તરગીબ વ તરહીબ)*

**નિય્યત :** હું અલ્લાહ તઆલાના વાસ્તે સલાતે તવબાની બે રકા'ત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું, મુખ મારું કા'બા શરીફ તરફ, અલ્લાહુ અકબર.

પ્રસંગને અનુરૂપ હદીસ શરીફની રોશનીમાં, તવબાનો અન્ય તરીકો, તવબાની દુઆઓ અને તવબાની ફઝીલતનું વર્ણન પણ યોગ્ય અને હિતકર જણાય છે.

(૧) જ્યારે પણ કોઈ ખતા થઈ જવા પામે અથવા નાનો–મોટો ગુનાહ થઈ જાય અને અલ્લાહ તઆલાથી તવબા કરવા ચાહે તો અલ્લાહ તઆલા તરફ મુતવજ્જેહ (ધ્યાનસ્થ) થાય અને બંને હાથ અલ્લાહ તઆલા તરફ ઉઠાવીને આ દુઆ પઢે :

اَللّٰهُمَّ اِنِّیْٓ اَتُوْبُ اِلَیْکَ مِنْهَا
لَا اَرْجِعُ اِلَیْهَا اَبَدًا ط

(**અર્થ :** હે અલ્લાહ ! હું તારી સામે આ (ખતા યા ગુનાહ)થી તૌબા કરું છું અને (સંકલ્પ કરું છું કે) હવે પછી કદાપિ આ (ખતા યા ગુનાહ) નહિ કરું.)

હદીસ શરીફમાં છે કે જે માણસ આ રીતે તૌબા કરશે તો એના ગુનાહ માફ કરી દેવાશે, શર્ત આ છે કે બીજી વાર તે જ ગુનાહ ન કરે. *(હિસ્ન)*

**(૨) કોઈ ભયંકર અપરાધ થઈ જવા પામે તો આ શબ્દો ત્રણવાર પઢે :**

اَللّٰهُمَّ مَغْفِرَتُکَ اَوْسَعُ مِنْ
ذُنُوْبِیْ وَرَحْمَتُکَ اَرْجٰی عِنْدِیْ
مِنْ عَمَلِیْ ط

(**અર્થ :** હે અલ્લાહ ! તારી મગરિફત મારા ગુનાહોથી ઘણી જ વિશાળ છે અને મને પોતાના અમલની સરખામણીમાં તારી રહમતની ઘણી વધારે ઉમ્મીદ છે.)

હદીસ શરીફમાં આવ્યું છે કે એક માણસ રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખિદમતમાં (રડતો–કકડતો) ''હાય મારા ગુનાહ... હાય મારા ગુનાહ'' કહેતો કહેતો આવ્યો. આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) તે માણસને ઉપર્યુક્ત દુઆ શીખવાડી. તેણે એ જ પ્રમાણે દુઆ કરી. આપે ફરમાવ્યું : ''બીજી વાર કહો.'' તેણે બીજી વાર આ જ શબ્દો કહ્યા. આપે

ફરમાવ્યું : ''ત્રીજી વાર કહો.'' તેણે ત્રીજી વાર આ જ શબ્દો કહ્યા. ત્યાર બાદ આપે ફરમાવ્યું : ''ઊઠો, જાઓ, અલ્લાહ તઆલાએ (તમારા ગુનાહ) માફ કરી દીધાં.'' *(હિસ્ન)*

(૩) એક માણસ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ની ખિદમતમાં હાજર થયો અને અરજ કરી : યા રસૂલલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! અમારામાંથી કોઈ માણસ ગુનાહ કરી બેસે છે (તો શું થાય છે ?) હુઝૂર (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : (તેના આ'માલનામામાં) લખી દેવાય છે. તેણે અરજ કરી : પછી તે આ ગુનાહથી તવબા અને ઈસ્તિગફાર કરી લે છે તો ? ફરમાવ્યું : તેની તવબા કબૂલ કરી લેવાય છે અને તેને માફ કરી દેવાય છે. તે માણસે અરજ કરી : બીજી વાર તે જ ગુનાહ કરી લે છે તો ? ફરમાવ્યું : ફરી એના શિરે લખી દેવામાં આવે છે. તેણે અરજ કરી : ફરી તે તવબા અને ઈસ્તિગફાર કરી લે છે તો ? આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવ્યું : ફરી એની તવબા કબૂલ કરી લેવાય છે અને એની મગફિરત કરી દેવાય છે અને (તમે યાદ રાખો) અલ્લાહ તઆલા (મગફિરતથી) થાકતો નથી, તમે જ થાકી જાઓ તો થાકી જાઓ (અર્થાત્ તમે તવબાથી થાકી જાઓ તો જુદી વાત છે). *(હિસ્ન)*

## સલાતુલ હાજત

જ્યારે કોઈ દીની યા દુન્યવી હાજત, જરૂરત અને મુશ્કેલી પેશ આવે તો અલ્લાહ તઆલાથી માંગવા માટે બે રકા'ત નફલ નમાઝ પઢવામાં આવે છે, તેને સલાતુલ હાજત કહે છે.

દરેક મુસલમાને માત્ર અલ્લાહ તઆલાને જ પોતાનો હાજત–રવા (કાર્યસાધક) અને મુશ્કિલ–કુશા (સંકટ નિવારક) માનવો જોઈએ અને જ્યારે કોઈ હાજત કે મુશ્કેલી પેશ આવે તો એનાથી જ મદદ માંગવી જોઈએ. એનો બેહતરીન તરીકો આ છે કે અત્યંત ખુશૂઅ અને ખુઝૂઅ સાથે બે રકા'ત નફલ નમાઝ પઢીને ખૂબ નમ્રતા, રૂદન અને કાકલૂદીપૂર્વક દુઆ કરી લે તો અલ્લાહ તઆલા મુશ્કેલી દૂર ફરમાવી દેશે યા જરૂરત પૂરી ફરમાવશે :

**વહ એક સિજદા જિસે તૂ ગિરાં સમઝતા હૈ,**
**હઝાર સિજદોંસે દેતા હૈ આદમીકો નજાત !**

**ફઝાઈલ :** (૧) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફ (રદિ.)થી રિવાયત છે કે હુઝૂર નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું કે જે માણસને અલ્લાહ તઆલાથી કોઈ હાજત યા કોઈ ઈન્સાનથી કોઈ જરૂરત હોય તો તેને જોઈએ કે વુઝૂ કરે અને સારી રીતે વુઝૂ કરે. પછી બે રકા'ત નમાઝ પઢીને અલ્લાહ તઆલાની તારીફ બયાન કરે અને નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પર દુરૂદ પઢે અને પછી અલ્લાહ તઆલાથી આ શબ્દોમાં દુઆ માંગે :

لَآاِلٰهَ اِلَّا هُوَالْحَلِيْمُ الْكَرِيْمُ ط
سُبْحَانَ اللّٰهِ رَبِّ الْعَرْشِ
الْعَظِيْمِ ط اَلْحَمْدُلِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ ط
اَسْئَلُكَ مُوْجِبَاتِ رَحْمَتِكَ
وَعَزَائِمَ مَغْفِرَتِكَ وَالْغَنِيْمَةَ
مِنْ كُلِّ بِرٍّ وَّالسَّلَامَةَ مِنْ كُلِّ
اِثْمٍ ط لَاتَدَعْ لِىْ ذَنْبًا اِلَّاغَفَرْتَهٗ
وَلَا هَمًّا اِلَّا فَرَّجْتَهٗ وَلَاحَاجَةً

هِىَ لَكَ رِضًا اِلَّا قَضَيْتَهَا يَا اَرْحَمَ الرَّاحِمِيْنَ ط

**લા ઈલા-હ ઈલ્લા હુવલ હલીમુલ કરીમ. સુબ્હાનલ્લાહિ રબ્બિલ અર્શિલ અઝીમ. અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન. અસ્અલુ-ક મૂજિબાતિ રહ્મતિક, વ અઝાઈ-મ મગ્ફિરતિક, વલ ગનીમ-ત મિન કુલ્લિ બિર્રિંવ, વસ્સલામ-ત મિન કુલ્લિ ઈષ્મિન્, લા તદઅ્ લી ઝમ્બન્ ઈલ્લા ગફર્તહૂ વલા હમ્મન્ ઈલ્લા ફર્રજ્તહૂ વલા હાજતન્ હિ-ય લ-ક રિઝન્ ઈલ્લા કઝય્તહા યા અરહમર્રાહિમીન !**

(અર્થ : અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી, જે હલીમ–સહનશીલ અને કરીમ છે. અલ્લાહ તઆલા પાક છે, જે મહાન અર્શનો રબ છે અને તમામ પ્રકારની તારીફો અલ્લાહ તઆલા માટે છે, જે તમામ જગતોનો પાલનહાર છે. હે અલ્લાહ તઆલા ! હું તારાથી તારી રહમતને વાજિબ કરનારી ચીજોનો અને તારી મગફિરતને જરૂરી કરનારી ચીજોનો સવાલ કરું છું. ઉપરાંત, દરેક ભલાઈમાં પોતાનો ભાગ અને દરેક ગુનાહથી સલામતી ચાહું છું. હે અરહમુર્રાહિમીન ! મારો કોઈ ગુનાહ માફ કર્યા વગર અને કોઈ રંજ દૂર કર્યા વગર અને કોઈ હાજત–જે તને પસંદ હોય–પૂરી કર્યા વગર છોડીશ નહિ.)

ત્યાર બાદ દુનિયા અને આખિરતની ચીજોમાંથી જે ચાહે તેનો સવાલ કરે. *(મઆરિફુલ હદીસ, મિશ્કાત, તિરમિઝી :/૬૩, ઈબ્ને માજહ : ૧૦૦)*

(૨) હઝરત અબૂદ્દરદાઅ (રદિ.)થી રિવાયત છે કે નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું, જેણે સારી રીતે વુઝૂ કર્યું, પછી ખુશૂઅ્ અને ખુઝૂઅ્ સાથે બે રકા'ત નમાઝ પઢી તો અલ્લાહ તઆલા તેના સવાલને વહેલો યા મોડો (જેવી રીતે ચાહશે તેવી રીતે) પૂરો ફરમાવશે.

*(મુસ્નદે અહમદ)*

(૩) હઝરત હુઝયફા (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)નો ખાસ દસ્તૂર અને મા'મૂલ (નિત્યક્રમ) હતો કે આપને જ્યારે કોઈ ફિકરચિંતા લાગુ પડતી અને કોઈ અહમ મામલો પેશ આવતો તો આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) નમાઝમાં મશગૂલ થઈ જતા.

*(મઆરિફુલ હદીસ, સુનને અબૂ દાવૂદ)*

બે રકા'ત સલાતે હાજત પઢીને સલાતે હાજતની દુઆ પઢવું પણ જલદી હાજત પૂરી થવાનો ઝરીઓ છે. *(શામી : ૧/૩૮૪–કશ્કોલે મઅરિફત : ૫૦૯)*

**નિય્યત :** હું અલ્લાહ તઆલાના વાસ્તે સલાતુલ હાજતની બે રકા'ત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું, મુખ મારું કિબ્લા તરફ, અલ્લાહુ અકબર.

## સલાતુત્તસ્બીહ

અહાદીસે શરીફહમાં સલાતુત્તસ્બીહની ઘણી જ ફઝીલત, બરકત અને તાસીર બયાન કરવામાં આવી છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.)થી રિવાયત છે કે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ એક દિવસ પોતાના કાકા હઝરત અબ્બાસ ઈબ્ને મુત્તલિબ (રદિ.)ને ફરમાવ્યું :

હે અબ્બાસ ! હે મારા માનવંત કાકા ! શું હું આપની ખિદમતમાં એક મૂલ્યવાન ભેટ અને એક કિંમતી તોહફો પેશ કરું ? શું હું આપને એક ખાસ, લાભદાયી વાત બતાવું ? શું હું આપને દસ કામ અને આપની દસ ખિદમતો કરું ? (અર્થાત્ આપને એક એવો અમલ બતાવું, જેનાથી આપને દસ મહાન લાભો પ્રાપ્ત થાય તે એવો અમલ છે કે) જ્યારે આપ તેને કરશો તો અલ્લાહ તઆલા આપના તમામ ગુનાહો માફ કરી દેશે : આગલા પણ અને પાછલા પણ, જુના પણ અને નવા પણ, ભૂલચૂકથી થયેલાં પણ અને ઈરાદાપૂર્વક કરેલાં પણ, નાના પણ અને મોટા પણ, છાની રીતે થયેલાં પણ અને છડેચોક–જાહેરમાં થયેલાં પણ, (તે અમલ સલાતુત્તસ્બીહ છે અને તેની રીત આ છે કે)........

* આપ (એક સલામથી) ચાર રકા'ત પઢો અને દરેક રકા'તમાં સૂરએ ફાતિહા અને બીજી કોઈ સૂરહ પઢો.

* પછી જ્યારે આપ પહેલી રકા'તમાં કિરા'તથી ફારિગ થઈ જાઓ તો કિયામની જ હાલતમાં (રુકૂઅ પહેલાં) પંદર વાર આ (શબ્દો) પઢો :

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَآ اِلٰهَ
اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ ط

**સુબ્હાનલ્લાહિ વલ્હમ્દુ લિલ્લાહિ વલા ઈલા-હ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર.**

* ત્યાર બાદ રુકૂઅ કરો અને રુકૂઅમાં પણ (રુકૂઅની તસ્બીહ પછી) આ જ કલિમાત દસ વાર પઢો.

* પછી રુકૂઅથી ઊઠીને કવ્મહમાં પણ (ઊભા ઊભા) આ જ કલિમાત દસ વાર પઢો.

* પછી સિજદામાં ચાલ્યા જાઓ અને સિજદામાં પણ (સિજદાની તસ્બીહ પછી) આ કલિમાત દસ વાર પઢો.

* પછી સિજદાથી ઊઠીને જલસામાં (અલ્લાહુ અકબર કહ્યા પછી બેઠા બેઠા) આ જ કલિમાત દસ વાર પઢો.

* પછી બીજા સિજદામાં પણ આ જ કલિમાત દસ વાર પઢો.

* પછી (બીજા) સિજદામાંથી ઊઠીને (બેસી જાઓ અને ઊભા થતાં પહેલાં, જલસામાં) પણ આ જ કલિમાત દસ વાર પઢો.

* (એ પછી તકબીર કહ્યા વગર બીજી રકા'ત માટે જલસહમાંથી ઊભા થઈ જાઓ અને કિયામ કરો) આ તરતીબથી આ કલિમાત દરેક રકા'તમાં પંચોતેર (૭૫) વખત પઢો અને આ રીતે ચાર રકા'ત (માં ત્રણ સો વખત) પઢો.

(આ તરતીબ બતાવ્યા પછી આપે (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ફરમાવ્યું : હે મારા કાકાજાન ! જો આપથી બની શકે તો દરરોજ આ નમાઝ પઢયા કરજો. જો દરરોજ ન પઢી શકાય તો દરેક જુમ્અહના દિવસે (અર્થાત્ અઠવાડિયામાં એકવાર) પઢયા કરજો. જો આ પણ અશકય હોય તો મહિનામાં એકવાર પઢજો અને જો આ પણ અશકય હોય તો વર્ષમાં એકવાર પઢજો અને જો એ પણ શકય ન હોય તો કમસે કમ આખા જીવનમાં એક વાર તો અવશ્ય પઢજો જ પઢજો.

*(અબૂ દાવૂદ, ઈબ્ને માજહ, બયહકી, તિરમિઝી, મઆરિફુલ હદીસ)*

## સલાતુત્તસ્બીહનો બીજો તરીકો

આ નમાઝ પઢવાનો બીજો તરીકો આ છે કે પહેલી રકા'તમાં સના પછી અને સૂરએ ફાતિહા પહેલાં મજકૂર કલિમાતને પંદર વખત પઢે. પછી સૂરએ ફાતિહા અને બીજી સૂરહ પઢયા પછી દસ વખત પઢે. પછી રુકૂઅમાં આ જ તસ્બીહ દસ વખત, કવ્મહમાં દસ વખત, બંને સિજદાઓમાં અને બંને સિજદાઓ દરમિયાન દસ–દસ વખત પઢે. આ એક રકા'ત થઈ ગઈ. બીજી રકા'તમાં સૂરએ ફાતિહાથી પહેલાં પંદર વખત અને સૂરએ ફાતિહા તથા બીજી સૂરહ પછી દસ વખત પઢે. પછી પહેલી રકા'તની જેમ બીજા મકામાત (સ્થળો)માં દસ–દસ વખત પઢે. આ જ પ્રમાણે ત્રીજી અને ચોથી રકા'ત પણ પઢે.

આ બંને તરીકા તિરમિઝી શરીફ (૧/૬૩–૬૪)માં મવજૂદ છે. જેનું જે રીતે મન ચાહે તે રીતે પઢે. ઉલમાએ કિરામે લખ્યું છે કે બંને તરીકાઓ પર અમલ કરી લેવો બેહતર છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક (રહ.) જે ઈમામ અબૂ હનીફા (રહ.)ના શાગિર્દ અને ઈમામ બુખારી (રહ.)ના ઉસ્તાઝોના ઉસ્તાઝ છે તેઓ આ નમાઝને આ બીજા નંબરે વર્ણવાયેલા તરીકા અનુસાર પઢયા કરતા હતા.

### હદીસનું વિવરણ :

હદીસની કિતાબોમાં સહાબએ કિરામ (રદિ.)એ નબીએ કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સલાતુત્તસ્બીહની તાલીમ અને તલકીન

રિવાયત કરેલી છે. ઈમામ તિરમિઝી (રહ.)એ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)ના ખાદિમ અને આઝાદ કરેલા ગુલામ હઝરત રાફિઅ (રદિ.)ની રિવાયત પોતાની સનદથી નકલ કર્યા પછી લખ્યું છે કે એમના સિવાય હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર અને ફઝલ ઈબ્ને અબ્બાસ (રદિ.)એ પણ એને રિવાયત કરી છે. હાફિઝ ઈબ્ને હજર (રહ.)એ પોતાની કિતાબ ''અલ ખિસાલુલ મુકફ્ફરહ''માં સલાતુત્તસ્બીહની રિવાયતો અને એમની સનદી હેસિયત પર વિસ્તારપૂર્વક ચર્ચા કરીને લખ્યું છે કે આ હદીસ કમસે કમ 'હસન'' (અર્થાત્ સિહ્હતની દષ્ટિએ બીજા નંબરની) જરૂર છે. અમુક તાબિઈન અને તબ્એ તાબિઈન હઝરાતથી (જેમાં અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક જેવા જલીલુલ કદ્ર ઈમામ પણ સમાવિષ્ટ છે.) સલાતુત્તસ્બીહનું પઢવું અને એની ફઝીલત બયાન કરીને એની પ્રેરણા આપવું પણ સાબિત છે અને આ વાતની સ્પષ્ટ દલીલ છે કે આ હઝરાતના નજીક પણ ''સલાતુત્તસ્બીહ''ની તલકીન અને તરગીબની હદીસ રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)થી સાબિત હતી અને ત્યાર પછીના જમાનામાં તો આ સલાતુત્તસ્બીહ મોટા ભાગના નેક બુઝુર્ગોનો મામૂલ રહ્યો છે. *(મઆરિફુલ હદીસ : ૩/૩૭૧)*

## બુઝુર્ગોનો મામૂલ :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રદિ.) આ નમાઝ દરેક જુમ્અહના દિવસે પઢયા કરતા હતા. અબુલ જવઝ તાબિઈ (રહ.) દરરોજ ઝોહરની અઝાન થતાંવેંત મસ્જિદે જતા હતા અને જમાઅત ઊભી થતા સુધીમાં પઢી લેતા હતા. હઝરત અબ્દુલ અઝીઝ ઈબ્ને અબી રવ્વાદ (રહ.) ફરમાવતા હતા કે જેને જન્નત જોઈતી હોય તેણે સલાતુત્તસ્બીહને મજબૂત પકડી લેવી જોઈએ. અબૂ ઉસ્માન ખયરી (રહ.) ફરમાવ્યા કરતા કે મુસીબતો, મૂંઝવણો અને ચિંતાઓને દૂર કરવા માટે સલાતુત્તસ્બીહ જેવી બેહતર ચીઝ મેં જોઈ નથી. *(આઈન–એ નમાઝ)*

## ફઝાઈલ :

(૧) રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પોતાના એક સહાબી હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર (રદિ.)ને ''સલાતુત્તસ્બીહ''ની તલકીન કર્યા પછી એમને ફરમાવ્યું :

''થોડીવાર માટે માની લો કે જો તમે દુનિયાના સૌથી મોટા ગુનેહગાર હશો તો પણ આ નમાઝની બરકતથી અલ્લાહ તઆલા તમારી મગફિરત ફરમાવી દેશે.'' *(સુનને અબૂ દાવૂદ, મઆરિફુલ હદીસ : ૩/૩૭૨)*

(૨) હુઝૂરે અકદસ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ પોતાના પિતરાઈ ભાઈ હઝરત જઅફર (રદિ.)ને પણ સલાતુત્તસ્બીહની તલકીન ફરમાવી હતી. અલબત્ત, આ હદીસમાં મજકૂર ચાર કલિમાતની સાથે ''લા હવ્લ વલા કુવ્વ–ત ઈલ્લા બિલ્લાહિલ અલિય્યિલ અઝીમ'' પણ આવ્યું છે, (જેથી એને પણ મિલાવી લેવામાં આવે તો બેહતર છે.)

**નિય્યત :** હું અલ્લાહ તઆલાના વાસ્તે સલાતુત્તસ્બીહની ચાર રકા'ત નફલ નમાઝ પઢવાની નિય્યત કરું છું, મુખ મારું કિબ્લા તરફ, અલ્લાહુ અકબર.

## સલાતુત્તસ્બીહમાં પઢાતા કલિમાતની ફઝીલત :

ઉપરોક્ત તસ્બીહની ફઝીલત વિવિધ હદીસોમાં નીચે પ્રમાણે આવેલી છે :

(૧) આ ચાર કલિમાત (બોલ) અલ્લાહ તઆલાને સૌથી વધુ પ્યારા છે.

(૨) આ ચારેવ કલિમાતને જે માણસ પઢતો રહેશે, તેના માટે આ કલિમાતના પ્રત્યેક અક્ષરના બદલામાં દસ નેકીઓ લખાય જશે.

(૩) હુઝૂર રસૂલે પાક સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું, આ ચાર કલિમાતનું પઢવું, દરેક તે વસ્તુથી મને વધુ પસંદ છે, જેના પર સૂરજ ઊગે છે. (એટલે કે, દુનિયા અને દુનિયામાંની બધી જ વસ્તુઓથી મહબૂબ છે.)

(૪) કુર્આન મજીદ પછી આ સૌથી અફઝલ કલામ છે અને હકીકતમાં તો આ કુર્આનના જ કલિમાત છે.

(૫) જન્નતની માટી ઘણી જ ઉમદા છે અને પાણી ઘણું જ મીઠું. જન્નત એક ખાલી મેદાન છે અને એના છોડવા આ ચાર કલિમાત જ હોય છે.(જે માણસ જેટલા વધુ પ્રમાણમાં એને પઢતો રહે છે એટલા જ પ્રમાણમાં એની જન્નત હરિયાળી અને લીલીછમ રહે છે.)

(૬) એનાં પ્રત્યેક કલિમહના બદલામાં તમારા માટે એક છોડ રોપી દેવામાં આવે છે.

(૭) જહન્નમથી બચવા માટે ઢાલ સંભાળી લો. એટલે કે આ ચારેવ કલિમાતને પઢતા રહો, કારણ કે આ કલિમાત (પોતાના પઢનારની) ડાબી અને જમણી બાજુથી, આગળ અને પાછળથી (દરેક બાજુએથી બચાવવા માટે) આવશે અને આ જ બાકી રહેનાર નેકીઓ છે.

(૮) દરેક તસ્બીહ (સુબ્હાનલ્લાહ) સદકો (સવાબકારક) છે. દરેક તહમીદ (અલ્હમ્દુ લિલ્લાહ) સદકો છે, દરેક તહલીલ (લા ઈલા–હ ઈલ્લલ્લાહ) સદકો છે અને દરેક તકબીર (અલ્લાહુ અકબર) સદકો છે.

(૯) બેશક, અલ્લાહ તઆલાએ પોતાના કલામ (કુર્આનમાંથી) આ ચાર કલિમા પસંદ ફરમાવ્યા છે.

(૧૦) એક વખતે રસૂલુલ્લાહ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું : શું તમારામાંથી દરેક માણસ દરરોજ ઉહુદ પહાડ બરાબર અમલ કરવાથી લાચાર અને મજબૂર છે ? સહાબએ કિરામ (રદિ.)એ અરજ ગુઝારી; યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) એટલો અમલ તો વળી કોણ કરી શકે છે ? આપ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ)એ ફરમાવ્યું; સુબ્હાનલ્લાહ ઉહુદથી ઘણો મોટો છે. લા ઈલા–હ ઈલ્લલ્લાહ પણ ઉહુદથી ઘણો મોટો છે. વલ્હમ્દુલિલ્લાહ ઉહુદથી ઘણો મોટો છે. એ જ પ્રમાણે વલ્લાહુ અકબર પણ ઉહુદથી ઘણો મોટો છે.

(૧૧) સો (૧૦૦) વાર સુબ્હાનલ્લાહ પઢવું હઝરત ઇસ્માઈલ (અલૈ.)ની અવલાદમાંથી સો ગુલામ આઝાદ કરવા બરાબર છે. સો વખત અલ્હમ્દુલિલ્લાહ પઢવું સો જીન (પલાણ) કસેલા અને લગામ પહેરાવેલા ઘોડાઓ બરાબર છે, જેમના પર જિહાદ માટે (ગાઝીઓને) સવાર કરવામાં આવે. સો વાર અલ્લાહુ અકબર પઢવું અલ્લાહને ત્યાં એવા સો મકબૂલ ઊંટોના (સવાબ) બરાબર છે, જેમની ગરદોનમાં કુર્બાનીના હાર પડેલાં હોય (ને જેમને મક્કામાં ઝબહ કરવામાં આવે) અને લા ઈલા–હ ઈલ્લલ્લાહ તો જમીન અને આસમાન વચ્ચેની ફિઝા (અવકાશ)ને ભરી આપે છે.

*(હિસ્ને હસીન) ફઝાઈલે આ'માલ)*

મજકૂર ચાર કલિમા જ સલાતુત્તસ્બીહમાં (૩૦૦ વાર) પઢવામાં આવે છે.

**મસાઈલ :**

(૧) આ નમાઝ મકરૂહ વખત સિવાય દરેક વખતે પઢી શકાય છે.

(૨) બેહતર આ છે કે આ નમાઝને ઝવાલ પછી, ઝોહર પહેલાં પઢી લે, (જેમ કે, એક હદીસમાં ઝવાલ પછીના શબ્દો આવ્યાં છે); પરંતુ ઝવાલ પછી પઢવાનો સમય ન મળે તો ગમે તે સમયે પઢી લે.

(૩) બીજી અને ચોથી રકા'તમાં અત્તહિય્યાતથી પહેલાં આ કલિમાતને દસ વાર પઢે.

(૪) આ નમાઝ માટે કોઈ સૂરહ નિયુક્ત નથી. ચાહે તે સૂરહ પઢી શકે છે. અમુક રિવાયતોમાં છે કે જે પણ સૂરતો પઢે, લગભગ વીસ આયતો જેટલી હોય.

(૫) આ તસ્બીહાતની ગણતરી ઝબાનથી કદાપિ કરે નહિ, કારણ કે ઝબાન વડે ગણવાથી નમાઝ તૂટી જશે. તસ્બીહ હાથમાં પકડીને ગણતરી કરવી યા આંગળીઓ બંધ કરીને ગણતરી કરવી મકરૂહ છે, એ કારણે બેહતર આ છે કે આંગળીઓ જે જગ્યાએ મૂકેલી હોય, તેમને ત્યાં જ રહેવા દઈને પ્રત્યેક કલિમહ પર એમને દબાવી દબાવીને ગણતરી કરતો રહે.

(૬) જો કોઈ જગ્યાએ આ તસ્બીહાત પઢવાનું ભૂલી જાય તો આગલા બીજા રુકનમાં એમને પૂરી કરી લે. અલબત્ત, ભૂલી ગયેલી તસ્બીહાતની કઝા રુકૂઅથી ઊભા થઈને અને બંને સિજદાઓ દરમિયાન ન કરે. એ જ પ્રમાણે પહેલી અને ત્રીજી રકા'ત પછી જ્યારે બેસે તો એમાં પણ ભૂલાયેલી તસ્બીહાતની કઝા ન કરે, બલકે એમની તસ્હબીહાતને (દસ–દસ વખત) પઢી લે અને એમના પછી જે રુકન હોય, તેમાં ભૂલી ગયેલી તસ્બીહાતને અદા કરી લે.

(૭) જો કોઈ કારણે સિજદએ સહ્વ પેશ આવી જાય તો એમાં આ તસ્બીહાત ન પઢે, અલબત્ત, કોઈ જગ્યાએ ભૂલથી તસ્બીહાત પઢવાનું છોડી દેવાયું હોય, જેના કારણે પંચોતેરની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો હોય અને હજુ સુધી કઝા ન કરી હોય તો એને સિજદએ સહ્વમાં પૂરી કરી લે.

● ● ●

جَزَى اللّٰهُ عَنَّا مُحَمَّدًا مَّا هُوَ اَهْلُهٗ

# ✪ પ્રકરણ–૮ ✪

## નમાઝની ફઝીલત પર મુખ્તસર ચાલીસ હદીષ

(૧) હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમકા ઈરશાદ હે કે અલ્લાહ જલ્લ શાનુહૂને મેરી ઉમ્મત પર સબ ચીઝોંસે પેહલે નમાઝ ફર્ઝ કી ઔર કિયામતમેં સબસે પેહલે નમાઝ હી કા હિસાબ હોગા.

(૨) નમાઝકે બારેમેં અલ્લાહસે ડરો, નમાઝકે બારેમેં અલ્લાહસે ડરો.

(૩) આદમીકે ઔર શિર્કકે દરમિયાન નમાઝ હી હાઈલ હૈ.

(૪) ઈસ્લામકી અલામત નમાઝ હે. જો શખ્સ દિલકો ફારિગ કરકે ઔર અવકાત ઔર મુસ્તહબ્બાતકી રિઆયત રખતે હૂએ નમાઝ પઢે વહ મો'મિન હૈ.

(૫) હક તઆલા શાનુહૂને કોઈ ચીઝ ઈમાન ઔર નમાઝસે અફઝલ ફર્ઝ નહીં કી. અગર ઈસસે અફઝલ કિસી ઔર ચીઝકો ફર્ઝ કરતે તો ફરિશ્તોંકો ઉસકા હુક્મ દેતે, ફરિશ્તે દિન–રાત કોઈ રુકૂઅ્‌મેં હૈ ઔર કોઈ સિજ્દેમેં.

(૬) નમાઝ દીનકા સુતૂન હૈ.

(૭) નમાઝ શયતાનકા મુંહ કાલા કરતી હૈ.

(૮) નમાઝ મો'મિનકા નૂર હૈ.

(૯) નમાઝ અફઝલ જિહાદ હૈ.

(૧૦) જબ આદમી નમાઝમેં દાખિલ હોતા હે તો હક તઆલા શાનુહૂ ઉસકી તરફ પૂરી તવજ્જુહ ફરમાતે હૈં. જબ વહ નમાઝસે હટ જાતા હે તો વહ ભી તવજ્જુહ હટા લેતે હૈં.

(૧૧) જબ કોઈ આફત આસમાનસે ઉતરતી હે તો મસ્જિદકે આબાદ કરનેવાલોંસે હટ જાતી હૈ.

(૧૨) અગર આદમી કિસી વજહસે જહન્નમમેં જાતા હે તો ઉસકી આગ સિજદેકી જગાકો નહીં ખાતી.

(૧૩) અલ્લાહને સિજદેકી જગાકો આગ પર હરામ કર દિયા હૈ.

(૧૪) સબસે ઝિયાદા પસંદીદહ અમલ અલ્લાહકે નઝદીક વહ નમાઝ હૈ, જો વક્ત પર પળ્હી જાએ.

(૧૫) અલ્લાહ જલ્લ શાનુહૂકો આદમીકી સારી હાલતોંમેં સબસે ઝિયાદહ વહ પસંદ હૈ કે ઉસકો સિજદેમેં પળા હુવા દેખેં કે પેશાની ઝમીનસે રગળ રહા હૈ.

(૧૬) અલ્લાહ જલ્લ શાનુહૂકે સાથ આદમીકો સબસે ઝિયાદા કુર્બ સિજદેમેં હોતા હૈ.

(૧૭) જન્નતકી કુંજિયાં નમાઝ હૈ.

(૧૮) જબ આદમી નમાઝકે લિએ ખળા હોતા હૈ તો જન્નતકે દરવાઝે ખુલ જાતે હૈં ઔર અલ્લાહ જલ્લ શાનુહૂકે ઔર ઉસ નમાઝીકે દરમિયાન પર્દે હટ જાતે હૈં, જબ તક કે ખાંસી વગયરહમેં મશગૂલ ન હો.

(૧૯) નમાઝી શહનશાહકા દરવાઝા ખટકાતા હે ઔર યહ કાઈદહ હૈ કે જો દરવાઝા ખટકાતા હી રહે તો ખુલતા હી હૈ.

(૨૦) નમાઝકા મર્તબા દીનમેં ઐસા હૈ જૈસા કે સરકા દર્જા બદનમેં.

(૨૧) નમાઝ દિલકા નૂર હૈ, જો અપને દિલકો નૂરાની બનાના ચાહે (નમાઝકે ઝરીઆસે) બના લે.

(૨૨) જો શખ્સ અચ્છી તરહ વુઝૂ કરે, ઉસકે બા'દ ખુશૂઅ્ વ ખુઝૂઅ્સે દો યા ચાર રકા'ત નમાઝ ફર્ઝ યા નફલ પળ્હ કર અલ્લાહસે અપને ગુનાહોંકી મા'ફી ચાહેં, અલ્લાહ જલ્લ શાનુહૂ ઉસકે ગુનાહોંકો મા'ફ ફરમા દેતે હૈં.

(૨૩) ઝમીનકે જિસ હિસ્સા પર નમાઝકે ઝરીઆસે અલ્લાહકી યાદ કી જાતી હૈ વહ હિસ્સા ઝમીનકે દૂસરે ટુકળોં પર ફખ્ર કરતા હૈ.

(૨૪) જો શખ્સ દો રકા'ત નમાઝ પળ્હ કર અલ્લાહ તઆલાસે કોઈ દુઆ માંગતા હૈ તો હકતઆલા શાનુહૂ વહ દુઆ કબૂલ ફરમા લેતે હૈં.

(૨૫) જો શખ્સ તન્હાઈમેં દો રકા'ત નમાઝ પળ્હે જિસકો અલ્લાહ ઔર ઉસકે ફરિશ્તોંકે સિવા કોઈ ન દેખે તો ઉસકો જહન્નમકી આગસે બરી હોનેકા પરવાના મિલ જાતા હૈ.

(૨૬) જો શખ્સ એક ફર્ઝ નમાઝ અદા કરે, અલ્લાહ જલ્લ શાનુહૂકે યહાં એક મકબૂલ દુઆ ઉસકી હો જાતી હૈ.

(૨૭) જો પાંચોં નમાઝોંકા ઈહ્તિમામ કરતા રહે, ઉન્કે રુકૂઅ્ વ સુજૂદ ઔર વુઝૂ વગયરહકો ઈહ્તિમામકે સાથ અછ્છી તરહસે પૂરા કરતા રહે, જન્નત ઉસકે લિએ વાજિબ હો જાતી હે ઔર દોઝખ ઉસ પર હરામ હો જાતી હૈ.

(૨૮) મુસલમાન જબ તક પાંચો નમાઝોંકા ઈહ્તિમામ કરતા રહતા હૈ, શયતાન ઉસસે ડરતા રહતા હૈ ઔર જબ વહ નમાઝોંમેં કોતાહી કરને લગતા હે તો શયતાનકો ઉસ પર જુર્અત હો જાતી હૈ ઔર ઉસકે બહ્કાનેકી તમઅ્ કરને લગતા હૈ.

(૨૯) સબસે અફઝલ અમલ અવ્વલે વક્ત નમાઝ પળ્હના હૈ.

(૩૦) નમાઝ હર મુત્તકીકી કુરબાની હૈ.

(૩૧) અલ્લાહકે નઝદીક સબસે ઝિયાદા પસંદીદા (અમલ) નમાઝકો અવ્વલ વક્ત પળ્હના હૈ.

(૩૨) સુબ્હકો જો શખ્સ નમાઝકો જાતા હૈ, ઉસકે હાથમેં ઈમાનકા ઝંડા હોતા હે ઔર જો બાઝારકો જાતા હૈ, ઉસકે હાથમેં શયતાનકા ઝંડા હોતા હૈ.

(૩૩) ઝોહરકી નમાઝસે પેહલે ચાર રકા'તોંકા સવાબ ઐસા હૈ, જૈસા કે તહજ્જુદકી ચાર રકા'તોંકા.

(૩૪) ઝોહરસે પેહલે ચાર રકા'તેં, તહજ્જુદકી ચાર રકા'તોંકે બરાબર શુમાર હોતી હૈં.

(૩૫) જબ આદમી નમાઝકો ખળા હોતા હૈ તો રહ્મતે ઈલાહિય્યહ ઉસકી તરફ મુતવજ્જેહ હો જાતી હૈ.

(૩૬) અફઝલ–તરીન નમાઝ આધી રાતકી હૈ, મગર ઉસકે પળ્હનેવાલે બહુત હી કમ હૈં.

(૩૭) મેરે પાસ હઝરત જિબ્રઈલ (અલૈ.) આએ ઔર કેહને લગે : અય મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) ! ખ્વાહ કિતના હી આપ ઝિન્દા રહેં, આખિર એક દિન મરના હૈ ઔર જિસસે ચાહે મુહબ્બત કરેં, આખિર એક દિન ઉસસે જુદા હોના હૈ ઔર આપ જિસ કિસમકા ભી અમલ કરેં, (ભલા યા બુરા) ઉસકા બદલા ઝરૂર મિલેગા. ઈસમેં કોઈ તરદુદ નહીં કે મો'મિનકી શરાફત તહજ્જુદકી નમાઝ હૈ ઔર મો'મિનકી ઈઝ્ઝત લોગોંસે ઈસ્તિગ્ના હૈ.

(૩૮) અખીર રાતકી દો રકા'તેં તમામ દુન્યાસે અફઝલ હે. અગર મુઝે મશક્કતકા અંદેશા ન હોતા તો ઉમ્મત પર ફર્ઝ કર દેતા.

(૩૯) તહજ્જુદ ઝરૂર પઢા કરો કે તહજ્જુદ સાલિહીનકા તરીકા હૈ ઔર અલ્લાહકે કુર્બકા સબબ હૈ. તહજ્જુદ ગુનાહોંસે રોકતા હૈ ઔર ખતાઓંકી મા'ફીકા ઝરીઆ હૈ, ઈસસે બદનકી તંદુરસ્તી ભી હોતી હૈ.

(૪૦) હક તઆલા શાનુહૂકા ઈરશાદ હૈ કે, અય આદમકી અવલાદ ! તુ દિનકે શુરૂઅ્મેં ચાર રકા'તોંસે આજિઝ ન બન, મેં તમામ દિન તેરે કામોંકી કિફાયત કરૂંગા. *(ફઝાઈલે આ'માલ)*

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مُحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَاِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

• • •

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ مِّلْأَ السَّمٰوٰتِ وَمِلْأَ الْاَرْضِ وَمِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

# ✪ પ્રકરણ–૯ ✪

## અસ્માઉલ્ હુસ્ના

**"અલ્લાહ તઆલાના સર્વશ્રેષ્ઠ નામો છે. એ નામો વડે તમે એને પુકારો."**

*(કુર્આન શરીફ)*

### હામિદંવ્ વ મુસલ્લિયંવ વ મુસલ્લિમા....

### અસ્માએ હુસ્નાનું વર્ણન કુર્આનમાં :

કુર્આન મજીદમાં અસ્માઉલ હુસ્નાને લગતી અનેક આયતો આવેલી છે. જેમ કે અલ્લાહ તઆલાનો ઈરશાદ છે :

**"વ લિલ્લાહિલ્ અસ્માઉલ હુસ્ના....** અલ્લાહ તઆલા માટે બેહતરીન નામો છે, તમે એ જ નામો વડે એને પુકારા કરો અને એવા લોકોની કાર્યનીતિને તિલાંજલી આપો, જેઓ અલ્લાહ તઆલાના નામોનો ઈનકાર કરે છે. ટૂંક સમયમાં એમને એમના અમલનો બદલો અપાશે.'' *(સૂ. અઅ્રાફ)*

**"કુલિદ્ઉલ્લા-હ અવિદ્ઉર્રહમાન....** (હે નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ !) આપ ફરમાવી દો કે એ પાક ઝાતને અલ્લાહના નામથી પુકારો યા રહમાનના નામથી, ચાહો તે નામથી તમે એને પુકારો, કારણ કે એના અસંખ્ય બેહતરીન નામો છે.'' *(બની ઈસ્રાઈલ)*

**"અલ્લાહુ લા ઈલા-હ ઈલ્લા હુ-વ લહુલ અસ્માઉલ્ હુસ્ના...** અલ્લાહ તઆલા સિવાય કોઈ મા'બૂદ નથી. એના બેશુમાર સર્વશ્રેષ્ઠ નામ છે.''

**"હુવલ્લાહુલ્ ખાલિકુલ્ બારિઉલ્......** તે જ એક ઝાત અલ્લાહ છે જે સર્જનહાર પણ છે, જીવ નાખનાર પણ અને શકલ–સૂરત બનાવનાર પણ છે. આ સિવાય એના અન્ય ઘણાં પાક નામો છે.'' *(હશ્ર)*

### અસ્માએ હુસ્નાનું વર્ણન હદીષમાં :

હુઝૂર રસૂલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમનો ઈરશાદ છે :

''અલ્લાહ તઆલાના અસ્માએ હુસ્ના (સુંદર નામ) જેની સાથે દુઆ માંગવાનો આપણને હુકમ અપાયો છે–૯૯ (નવ્વાણું) નામ છે. જે માણસ આ નામોને કંઠસ્થ (હિફ્ઝ) કરી લેશે (અને એને બરાબર પઢતો રહેશે) તો તે જરૂર જન્નતમાં દાખલ થશે.''

અલ્લાહ તઆલાના વધુ મશહૂર નવ્વાણું નામોને ઈમામ તિરમિઝી (રહ.)એ પોતાની જામિઅમાં હઝરત અબૂ હુરયરહ (રદિ.)થી નકલ કર્યા છે. એ નામોને તિરમિઝી શરીફની તરતીબ–ક્રમ અનુસાર આ કિતાબમાં આપવામાં આવ્યાં છે.

**હદીષનો ભાવાર્થ :**

હદીષ શરીફમાં છે કે, જે માણસ અલ્લાહના નવ્વાણું (૯૯) નામોને યાદ કરી લેશે તે જન્નતમાં જશે. આ હદીસનો શો મકસદ અને ભાવાર્થ હશે? કારણ કે, જન્નતનો આધાર તો નેક આ'માલ પર છે. જો આ નામોને યાદ કરી લેવાથી જ જન્નત મળી જતી હોય તો કુર્આન શરીફના ઉતરાણ અને નબવી આગમનનો હેતુ જ માર્યો જાય છે. એટલે જ ઉલમાનું કહેવું છે કે, હદીષથી મુરાદ જાહેરી શબ્દો નથી; બલકે હદીષનો ભાવાર્થ આથી જુદો જ છે. એ ભાવાર્થ અને મકસદની નિયુક્તિમાં ઉલમાના વિવિધ મંતવ્યો છે :

૧. આ નામોને યાદ કરી એના પર અમલ કરવો. દરેક નામથી જે હુકમ જાહેર થતો હોય એના પર અમલ કરવો. જેમ કે, રહમાન અને રહીમ પર અમલ કરવાનો મતલબ આ છે કે, સ્વજાતમાં રહમતનો ગુણ અને તત્ત્વ ઉત્પન્ન કરવામાં આવે.

૨. અમુક ઉલમાનું મંતવ્ય છે કે, પ્રત્યેક નામ કુર્આનમાં શોધવામાં આવે અને જે આયત સાથે એ નામ આવેલું હોય અને એ આયતથી જે મતલબ અને ભાવાર્થ જાહેર થતો હોય એના પર બંદો અમલ કરે; પરંતુ આ કામ ઉલમાનું છે. જ્યારે કે હદીષ આમ (સર્વ સામાન્ય) છે. આ સૂરતમાં હદીષ પોતાના ઉમૂમ–સામાન્યતા પર બાકી રહેતી નથી.

૩. યાદ કરવાનો ભાવાર્થ આ છે કે એ નામોના અર્થો પર ચિંતન–મનન કરવામાં આવે.

૪. પોતાના દિલ પર એ નામોનો અસર કબૂલ કરવામાં આવે.

૫. સઘળા નામો બે પ્રકારના છે. એકનો સંબંધ અમલથી છે અને બીજાનો સંબંધ એ'તેકાદથી. જેનો સંબંધ અમલથી છે (જેમ કે રહમાન-હલીમ) તો બંદાનો ફર્ઝ છે કે, પોતાની જાતમાં રહમત અને હિલ્મ-સહનશિલતાનો ગુણ પેદા કરે અને જેનો સંબંધ એ'તેકાદથી છે (જેમ કે ખાલિક, રઝ્ઝાક વિગેરે)તો બંદાએ એ નામો પ્રમાણે પોતાની માન્યતાને ઠીક કરવી જોઈએ. અલ્લાહ તઆલા સિવાય અન્ય કોઈને ખાલિક અને રઝ્ઝાક માનવો જોઈએ નહિ.

અસ્માએ હુસ્ના પઢવાની રીત :

માણસ જ્યારે અસ્માએ હુસ્નાની તિલાવત કરવા ચાહે તો આ પ્રમાણે શરૂઆત કરે –

هُوَاللّٰهُ الَّذِىْ لَاۤ اِلٰهَ اِلَّا هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ
الْمَلِكُ الْقُدُّوْسُ

આ પ્રમાણે અંત સુધી સતત પઢતાં જવું. દરેક નામના છેલ્લા અક્ષર પર ''પેશ'' પઢવો અને બીજા નામ સાથે મિલાવી દેવું. જ્યાં શ્વાસ તૂટી જાય ત્યાં મિલાવવું નહિ અને એ પછીના નવા નામને ''અલ્''થી શરૂ કરવું. જો કોઈ ખાસ નામનો વઝીફો પઢવો હોય તો એની શરૂમાં ''યા'' શબ્દનો વધારો કરવો, જેમ કે, યા રહમાનુ, યા રહીમુ.

અને અંતે : .....

અલ્લાહ તઆલાથી દુઆ છે કે તે આ પ્રકરણ તથા આ આખી કિતાબને પોતાની મકબૂલિયતથી નવાઝે, છપાવનારને દુનિયા અને આખિરતમાં સર્વશ્રેષ્ઠ બદલો અતા ફરમાવે અને આ કિતાબને લોકોપયોગી બનાવે, આમીન.

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّعَلٰٓى اٰلِ مَحَمَّدٍ فِى الْاَوَّلِيْنَ
وَالْاٰخِرِيْنَ وَفِى الْمَلَأِ الْاَعْلٰى اِلٰى يَوْمِ الدِّيْنِ ط

❋ ❋ ❋

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّمِلْأَ السَّمٰوَاتِ
وَمِلْأَ الْاَرْضِ مِلْأَ الْعَرْشِ الْعَظِيْمِ ط

❋ ❋ ❋

جَزَى اللّٰهُ عَنَّا سَيِّدَنَا مُحَمَّدًا بِمَا هُوَ اَهْلُهٗ ط

❋ ❋ ❋

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

هُوَ اللّٰهُ الَّذِىْ لَآ اِلٰهَ اِلَّا هُوَ

| | | |
|---|---|---|
| الرَّحْمٰنُ جَلَّ جَلَالُهٗ | الرَّحِيْمُ جَلَّ جَلَالُهٗ | الْمَلِكُ جَلَّ جَلَالُهٗ |
| الْقُدُّوْسُ جَلَّ جَلَالُهٗ | السَّلٰمُ جَلَّ جَلَالُهٗ | الْمُؤْمِنُ جَلَّ جَلَالُهٗ |
| الْمُهَيْمِنُ جَلَّ جَلَالُهٗ | الْعَزِيْزُ جَلَّ جَلَالُهٗ | الْجَبَّارُ جَلَّ جَلَالُهٗ |
| الْمُتَكَبِّرُ جَلَّ جَلَالُهٗ | الْخَالِقُ جَلَّ جَلَالُهٗ | الْبَارِئُ جَلَّ جَلَالُهٗ |
| الْمُصَوِّرُ جَلَّ جَلَالُهٗ | الْغَفَّارُ جَلَّ جَلَالُهٗ | الْقَهَّارُ جَلَّ جَلَالُهٗ |
| الْوَهَّابُ جَلَّ جَلَالُهٗ | الرَّزَّاقُ جَلَّ جَلَالُهٗ | الْفَتَّاحُ جَلَّ جَلَالُهٗ |
| الْعَلِيْمُ جَلَّ جَلَالُهٗ | الْقَابِضُ جَلَّ جَلَالُهٗ | الْبَاسِطُ جَلَّ جَلَالُهٗ |

الْخَافِضُ ﷻ الرَّافِعُ ﷻ الْمُعِزُّ ﷻ

الْمُذِلُّ ﷻ السَّمِيْعُ ﷻ الْبَصِيْرُ ﷻ

الْحَكَمُ ﷻ الْعَدْلُ ﷻ اللَّطِيْفُ ﷻ

الْخَبِيْرُ ﷻ الْحَلِيْمُ ﷻ الْعَظِيْمُ ﷻ

الْغَفُوْرُ ﷻ الشَّكُوْرُ ﷻ الْعَلِيُّ ﷻ

الْكَبِيْرُ ﷻ الْحَفِيْظُ ﷻ الْمُقِيْتُ ﷻ

الْحَسِيْبُ ﷻ الْجَلِيْلُ ﷻ الْكَرِيْمُ ﷻ

الرَّقِيْبُ ﷻ الْمُجِيْبُ ﷻ الْوَاسِعُ ﷻ

الْحَكِيْمُ ﷻ الْوَدُوْدُ ﷻ الْمَجِيْدُ ﷻ

الْبَاعِثُ ﷻ الشَّهِيْدُ ﷻ الْحَقُّ ﷻ

الْوَكِيْلُ ﷻ الْقَوِیُّ ﷻ الْمَتِيْنُ ﷻ

الْوَلِیُّ ﷻ الْحَمِيْدُ ﷻ الْمُحْصِیْ ﷻ

الْمُبْدِئُ ﷻ الْمُعِيْدُ ﷻ الْمُحْيِیْ ﷻ

الْمُمِيْتُ ﷻ الْحَیُّ ﷻ الْقَيُّوْمُ ﷻ

الْوَاجِدُ ﷻ الْمَاجِدُ ﷻ الْوَاحِدُ ﷻ

الْاَحَدُ ﷻ الصَّمَدُ ﷻ الْقَادِرُ ﷻ

الْمُقْتَدِرُ ﷻ الْمُقَدِّمُ ﷻ الْمُؤَخِّرُ ﷻ

الْاَوَّلُ ﷻ الْاٰخِرُ ﷻ الظَّاهِرُ ﷻ

الْبَاطِنُ ﷻ الْوَالِیُ ﷻ الْمُتَعَالِیُ ﷻ

الْبَرُّ ﷻ التَّوَّابُ ﷻ الْمُنْتَقِمُ ﷻ

الْعَفُوُّ ﷻ الرَّؤُفُ ﷻ مٰلِکُ الْمُلْکِ ﷻ

ذُوالْجَلَالِ وَالْاِکْرَامِ ﷻ الْمُقْسِطُ ﷻ

الْجَامِعُ ﷻ الْغَنِیُّ ﷻ الْمُغْنِیُ ﷻ

الْمَانِعُ ﷻ الضَّآرُّ ﷻ النَّافِعُ ﷻ

النُّوْرُ ﷻ الْهَادِیُ ﷻ الْبَدِیْعُ ﷻ

الْبَاقِیُ ﷻ الْوَارِثُ ﷻ الرَّشِیْدُ ﷻ

الصَّبُوْرُ ﷻ

★★★

## કુર્આન શરીફની ખાસ-ખાસ સૂરતો અને આયતોની મહાન ફઝીલત : ૨

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَلۡحَمۡدُ لِلّٰہِ رَبِّ الۡعٰلَمِیۡنَ ۙ﴿﴾ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ ۙ﴿﴾ مٰلِکِ
یَوۡمِ الدِّیۡنِ ؕ﴿﴾ اِیَّاکَ نَعۡبُدُ وَ اِیَّاکَ نَسۡتَعِیۡنُ ؕ﴿﴾ اِہۡدِنَا
الصِّرَاطَ الۡمُسۡتَقِیۡمَ ۙ﴿﴾ صِرَاطَ الَّذِیۡنَ اَنۡعَمۡتَ عَلَیۡہِمۡ ۬ۙ
غَیۡرِ الۡمَغۡضُوۡبِ عَلَیۡہِمۡ وَ لَا الضَّآلِّیۡنَ ٪﴿﴾ (الفاتحہ)

નોંધ : બિસ્મિલ્લાહ...ની ફઝીલત માટે જુઓ પેજ નંબર : ૬૧, અને સૂરએ ફાતિહા ની ફઝીલત માટે જુઓ પેજ નંબર : ૬૭

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اَللّٰہُ لَاۤ اِلٰہَ اِلَّا ہُوَ ۚ اَلۡحَیُّ الۡقَیُّوۡمُ ۬ۚ لَا تَاۡخُذُہٗ سِنَۃٌ
وَّ لَا نَوۡمٌ ؕ لَہٗ مَا فِی السَّمٰوٰتِ وَ مَا فِی الۡاَرۡضِ ؕ مَنۡ ذَا
الَّذِیۡ یَشۡفَعُ عِنۡدَہٗۤ اِلَّا بِاِذۡنِہٖ ؕ یَعۡلَمُ مَا بَیۡنَ اَیۡدِیۡہِمۡ
وَ مَا خَلۡفَہُمۡ ۚ وَ لَا یُحِیۡطُوۡنَ بِشَیۡءٍ مِّنۡ عِلۡمِہٖۤ اِلَّا بِمَا
شَآءَ ۚ وَسِعَ کُرۡسِیُّہُ السَّمٰوٰتِ وَ الۡاَرۡضَ ۚ وَ لَا یَـُٔوۡدُہٗ
حِفۡظُہُمَا ۚ وَ ہُوَ الۡعَلِیُّ الۡعَظِیۡمُ ﴿۲۵۵﴾ (البقرہ ۲:۲۵۵)

નોંધ : આયતુલ કુર્સી ની ફઝીલત માટે જુઓ પેજ નંબર : ૭૩

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

اٰمَنَ الرَّسُوۡلُ بِمَاۤ اُنۡزِلَ اِلَیۡہِ مِنۡ رَّبِّہٖ وَالۡمُؤۡمِنُوۡنَ ؕ کُلٌّ
اٰمَنَ بِاللّٰہِ وَمَلٰٓئِکَتِہٖ وَکُتُبِہٖ وَرُسُلِہٖ ۟ لَا نُفَرِّقُ بَیۡنَ اَحَدٍ
مِّنۡ رُّسُلِہٖ ۟ وَقَالُوۡا سَمِعۡنَا وَاَطَعۡنَا ٭ غُفۡرَانَکَ رَبَّنَا
وَاِلَیۡکَ الۡمَصِیۡرُ ﴿۲۸۵﴾ لَا یُکَلِّفُ اللّٰہُ نَفۡسًا اِلَّا وُسۡعَہَا ؕ لَہَا مَا
کَسَبَتۡ وَعَلَیۡہَا مَا اکۡتَسَبَتۡ ؕ رَبَّنَا لَا تُؤَاخِذۡنَاۤ اِنۡ نَّسِیۡنَاۤ
اَوۡ اَخۡطَاۡنَا ۚ رَبَّنَا وَلَا تَحۡمِلۡ عَلَیۡنَاۤ اِصۡرًا کَمَا حَمَلۡتَہٗ عَلَی
الَّذِیۡنَ مِنۡ قَبۡلِنَا ۚ رَبَّنَا وَلَا تُحَمِّلۡنَا مَا لَا طَاقَۃَ لَنَا بِہٖ ۚ
وَاعۡفُ عَنَّا ٝ وَاغۡفِرۡ لَنَا ٝ وَارۡحَمۡنَا ٝ اَنۡتَ مَوۡلٰىنَا
فَانۡصُرۡنَا عَلَی الۡقَوۡمِ الۡکٰفِرِیۡنَ ﴿۲۸۶﴾ (البقرہ ۲:۲۸۶)

નોંધ : ફઝીલત માટે જુઓ પેજ નંબર : ૭૬

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

شَہِدَ اللّٰہُ اَنَّہٗ لَاۤ اِلٰہَ اِلَّا ہُوَ ۙ وَالۡمَلٰٓئِکَۃُ وَاُولُوا الۡعِلۡمِ قَآئِمًۢا
بِالۡقِسۡطِ ؕ لَاۤ اِلٰہَ اِلَّا ہُوَ الۡعَزِیۡزُ الۡحَکِیۡمُ ﴿۱۸﴾ (آل عمران ۳:۱۸)

નોંધ : આ આયત ની ફઝીલત માટે જુઓ પેજ નંબર : ૪૮૮

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

اِنَّ فِىۡ خَلۡقِ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَاخۡتِلَافِ الَّيۡلِ وَالنَّهَارِ
لَاٰيٰتٍ لِّاُولِى الۡاَلۡبَابِ ۚۙ ﴿۱۹۰﴾ الَّذِيۡنَ يَذۡكُرُوۡنَ اللّٰهَ قِيٰمًا
وَّقُعُوۡدًا وَّعَلٰى جُنُوۡبِهِمۡ وَيَتَفَكَّرُوۡنَ فِىۡ خَلۡقِ السَّمٰوٰتِ
وَالۡاَرۡضِ ۚ رَبَّنَا مَا خَلَقۡتَ هٰذَا بَاطِلًا ۚ سُبۡحٰنَكَ فَقِنَا
عَذَابَ النَّارِ ﴿۱۹۱﴾ رَبَّنَاۤ اِنَّكَ مَنۡ تُدۡخِلِ النَّارَ فَقَدۡ
اَخۡزَيۡتَهٗ ؕ وَمَا لِلظّٰلِمِيۡنَ مِنۡ اَنۡصَارٍ ﴿۱۹۲﴾ رَبَّنَاۤ اِنَّنَا سَمِعۡنَا
مُنَادِيًا يُّنَادِىۡ لِلۡاِيۡمَانِ اَنۡ اٰمِنُوۡا بِرَبِّكُمۡ فَاٰمَنَّا ۖ رَبَّنَا
فَاغۡفِرۡ لَنَا ذُنُوۡبَنَا وَكَفِّرۡ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الۡاَبۡرَارِ ۚ ﴿۱۹۳﴾
رَبَّنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخۡزِنَا يَوۡمَ الۡقِيٰمَةِ ؕ
اِنَّكَ لَا تُخۡلِفُ الۡمِيۡعَادَ ﴿۱۹۴﴾ فَاسۡتَجَابَ لَهُمۡ رَبُّهُمۡ اَنِّىۡ لَاۤ
اُضِيۡعُ عَمَلَ عَامِلٍ مِّنۡكُمۡ مِّنۡ ذَكَرٍ اَوۡ اُنۡثٰى ۚ بَعۡضُكُمۡ مِّنۡ
بَعۡضٍ ۚ فَالَّذِيۡنَ هَاجَرُوۡا وَاُخۡرِجُوۡا مِنۡ دِيَارِهِمۡ وَاُوۡذُوۡا فِىۡ
سَبِيۡلِىۡ وَقٰتَلُوۡا وَقُتِلُوۡا لَاُكَفِّرَنَّ عَنۡهُمۡ سَيِّاٰتِهِمۡ وَلَاُدۡخِلَنَّهُمۡ
جَنّٰتٍ تَجۡرِىۡ مِنۡ تَحۡتِهَا الۡاَنۡهٰرُ ۚ ثَوَابًا مِّنۡ عِنۡدِ اللّٰهِ ؕ وَاللّٰهُ

عِنْدَهٗ حُسْنُ الثَّوَابِ ﴿١٩٥﴾ لَا يَغُرَّنَّكَ تَقَلُّبُ الَّذِيْنَ كَفَرُوْا
فِي الْبِلَادِ ﴿١٩٦﴾ مَتَاعٌ قَلِيْلٌ ۟ ثُمَّ مَاْوٰىهُمْ جَهَنَّمُ ؕ وَبِئْسَ
الْمِهَادُ ﴿١٩٧﴾ لٰكِنِ الَّذِيْنَ اتَّقَوْا رَبَّهُمْ لَهُمْ جَنّٰتٌ تَجْرِيْ مِنْ
تَحْتِهَا الْاَنْهٰرُ خٰلِدِيْنَ فِيْهَا نُزُلًا مِّنْ عِنْدِ اللّٰهِ ؕ وَمَا عِنْدَ
اللّٰهِ خَيْرٌ لِّلْاَبْرَارِ ﴿١٩٨﴾ وَاِنَّ مِنْ اَهْلِ الْكِتٰبِ لَمَنْ يُّؤْمِنُ
بِاللّٰهِ وَمَآ اُنْزِلَ اِلَيْكُمْ وَمَآ اُنْزِلَ اِلَيْهِمْ خٰشِعِيْنَ لِلّٰهِ ۙ لَا
يَشْتَرُوْنَ بِاٰيٰتِ اللّٰهِ ثَمَنًا قَلِيْلًا ؕ اُولٰٓئِكَ لَهُمْ اَجْرُهُمْ عِنْدَ
رَبِّهِمْ ؕ اِنَّ اللّٰهَ سَرِيْعُ الْحِسَابِ ﴿١٩٩﴾ يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا
اصْبِرُوْا وَصَابِرُوْا وَرَابِطُوْا ۟ وَاتَّقُوا اللّٰهَ لَعَلَّكُمْ
تُفْلِحُوْنَ ﴿٢٠٠﴾ ع (آل عمران ٣: ١٩٠-٢٠٠، پاره ٤)

નોંધ : આ આયતો ની ફઝીલત માટે જુઓ પેજ નંબર : ૩૮૯

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ وَجَعَلَ
الظُّلُمٰتِ وَالنُّوْرَ ۬ ثُمَّ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ يَعْدِلُوْنَ ﴿١﴾
هُوَ الَّذِيْ خَلَقَكُمْ مِّنْ طِيْنٍ ثُمَّ قَضٰٓى اَجَلًا ؕ وَاَجَلٌ

مُّسَمًّى عِنْدَهٗ ثُمَّ اَنْتُمْ تَمْتَرُوْنَ ﴿۲﴾ وَهُوَ اللّٰهُ فِي
السَّمٰوٰتِ وَفِي الْاَرْضِ ؕ يَعْلَمُ سِرَّكُمْ وَجَهْرَكُمْ وَيَعْلَمُ مَا
تَكْسِبُوْنَ ﴿۳﴾ (الانعام ٦:٣، پاره ٧)

નોંધ : આ આયતો ની મહાન ફઝીલતો માટે જુઓ પેજ નંબર : ૪૬૪

| ركوعاتها ١٢ | ١٨ سُوْرَةُ الْكَهْفِ مَكِّيَّةٌ ٦٩ | اٰياتها ١١٠ |
|---|---|---|

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ الَّذِيْٓ اَنْزَلَ عَلٰى عَبْدِهِ الْكِتٰبَ وَلَمْ يَجْعَلْ لَّهٗ
عِوَجًا ﴿۱﴾ قَيِّمًا لِّيُنْذِرَ بَاْسًا شَدِيْدًا مِّنْ لَّدُنْهُ وَيُبَشِّرَ
الْمُؤْمِنِيْنَ الَّذِيْنَ يَعْمَلُوْنَ الصّٰلِحٰتِ اَنَّ لَهُمْ اَجْرًا
حَسَنًا ﴿۲﴾ مَّاكِثِيْنَ فِيْهِ اَبَدًا ﴿۳﴾ وَّيُنْذِرَ الَّذِيْنَ قَالُوا
اتَّخَذَ اللّٰهُ وَلَدًا ﴿۴﴾ مَا لَهُمْ بِهٖ مِنْ عِلْمٍ وَّلَا لِاٰبَآئِهِمْ ؕ
كَبُرَتْ كَلِمَةً تَخْرُجُ مِنْ اَفْوَاهِهِمْ ؕ اِنْ يَّقُوْلُوْنَ اِلَّا
كَذِبًا ﴿۵﴾ فَلَعَلَّكَ بَاخِعٌ نَّفْسَكَ عَلٰٓى اٰثَارِهِمْ اِنْ لَّمْ يُؤْمِنُوْا
بِهٰذَا الْحَدِيْثِ اَسَفًا ﴿۶﴾ اِنَّا جَعَلْنَا مَا عَلَى الْاَرْضِ زِيْنَةً
لَّهَا لِنَبْلُوَهُمْ اَيُّهُمْ اَحْسَنُ عَمَلًا ﴿۷﴾ وَاِنَّا لَجٰعِلُوْنَ مَا

عَلَيْهَا صَعِيْدًا جُرُزًا ۭ ﴿٨﴾ اَمْ حَسِبْتَ اَنَّ اَصْحٰبَ الْكَهْفِ
وَالرَّقِيْمِ ۙ كَانُوْا مِنْ اٰيٰتِنَا عَجَبًا ﴿٩﴾ اِذْ اَوَى الْفِتْيَةُ اِلَى
الْكَهْفِ فَقَالُوْا رَبَّنَآ اٰتِنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً وَّهَيِّئْ لَنَا مِنْ
اَمْرِنَا رَشَدًا ﴿١٠﴾ فَضَرَبْنَا عَلٰٓى اٰذَانِهِمْ فِي الْكَهْفِ سِنِيْنَ
عَدَدًا ﴿١١﴾ ثُمَّ بَعَثْنٰهُمْ لِنَعْلَمَ اَيُّ الْحِزْبَيْنِ اَحْصٰى لِمَا لَبِثُوْٓا
اَمَدًا ﴿١٢﴾ نَحْنُ نَقُصُّ عَلَيْكَ نَبَاَهُمْ بِالْحَقِّ ۭ اِنَّهُمْ فِتْيَةٌ
اٰمَنُوْا بِرَبِّهِمْ وَزِدْنٰهُمْ هُدًى ﴿١٣﴾ وَّرَبَطْنَا عَلٰى قُلُوْبِهِمْ اِذْ
قَامُوْا فَقَالُوْا رَبُّنَا رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ لَنْ نَّدْعُوَا۟ مِنْ
دُوْنِهٖٓ اِلٰـهًا لَّقَدْ قُلْنَآ اِذًا شَطَطًا ﴿١٤﴾ هٰٓؤُلَاۗءِ قَوْمُنَا اتَّخَذُوْا
مِنْ دُوْنِهٖٓ اٰلِهَةً ۭ لَوْلَا يَاْتُوْنَ عَلَيْهِمْ بِسُلْطٰنٍۢ بَيِّنٍ ۭ فَمَنْ
اَظْلَمُ مِمَّنِ افْتَرٰى عَلَى اللّٰهِ كَذِبًا ﴿١٥﴾ وَاِذِ اعْتَزَلْتُمُوْهُمْ وَمَا
يَعْبُدُوْنَ اِلَّا اللّٰهَ فَاْوٗٓا اِلَى الْكَهْفِ يَنْشُرْ لَكُمْ رَبُّكُمْ مِّنْ
رَّحْمَتِهٖ وَيُهَيِّئْ لَكُمْ مِّنْ اَمْرِكُمْ مِّرْفَقًا ﴿١٦﴾ وَتَرَى الشَّمْسَ
اِذَا طَلَعَتْ تَّزٰوَرُ عَنْ كَهْفِهِمْ ذَاتَ الْيَمِيْنِ وَاِذَا غَرَبَتْ
تَّقْرِضُهُمْ ذَاتَ الشِّمَالِ وَهُمْ فِيْ فَجْوَةٍ مِّنْهُ ۭ ذٰلِكَ مِنْ اٰيٰتِ

اللّٰهِ ؕ مَنْ يَّهْدِ اللّٰهُ فَهُوَ الْمُهْتَدِ ۚ وَمَنْ يُّضْلِلْ فَلَنْ تَجِدَ لَهٗ
وَلِيًّا مُّرْشِدًا ﴿١٧﴾ وَتَحْسَبُهُمْ اَيْقَاظًا وَّهُمْ رُقُوْدٌ ۖۗ وَّنُقَلِّبُهُمْ
ذَاتَ الْيَمِيْنِ وَذَاتَ الشِّمَالِ ۖۗ وَكَلْبُهُمْ بَاسِطٌ ذِرَاعَيْهِ
بِالْوَصِيْدِ ؕ لَوِ اطَّلَعْتَ عَلَيْهِمْ لَوَلَّيْتَ مِنْهُمْ فِرَارًا وَّ
لَمُلِئْتَ مِنْهُمْ رُعْبًا ﴿١٨﴾ وَكَذٰلِكَ بَعَثْنٰهُمْ لِيَتَسَآءَلُوْا بَيْنَهُمْ ؕ
قَالَ قَآئِلٌ مِّنْهُمْ كَمْ لَبِثْتُمْ ؕ قَالُوْا لَبِثْنَا يَوْمًا اَوْ بَعْضَ
يَوْمٍ ؕ قَالُوْا رَبُّكُمْ اَعْلَمُ بِمَا لَبِثْتُمْ ؕ فَابْعَثُوْٓا اَحَدَكُمْ
بِوَرِقِكُمْ هٰذِهٖٓ اِلَى الْمَدِيْنَةِ فَلْيَنْظُرْ اَيُّهَآ اَزْكٰى طَعَامًا
فَلْيَاْتِكُمْ بِرِزْقٍ مِّنْهُ وَلْيَتَلَطَّفْ وَلَا يُشْعِرَنَّ بِكُمْ اَحَدًا ﴿١٩﴾
اِنَّهُمْ اِنْ يَّظْهَرُوْا عَلَيْكُمْ يَرْجُمُوْكُمْ اَوْ يُعِيْدُوْكُمْ فِيْ
مِلَّتِهِمْ وَلَنْ تُفْلِحُوْٓا اِذًا اَبَدًا ﴿٢٠﴾ وَكَذٰلِكَ اَعْثَرْنَا عَلَيْهِمْ
لِيَعْلَمُوْٓا اَنَّ وَعْدَ اللّٰهِ حَقٌّ وَّاَنَّ السَّاعَةَ لَا رَيْبَ فِيْهَا ۚۛ
اِذْ يَتَنَازَعُوْنَ بَيْنَهُمْ اَمْرَهُمْ فَقَالُوا ابْنُوْا عَلَيْهِمْ بُنْيَانًا ؕ
رَبُّهُمْ اَعْلَمُ بِهِمْ ؕ قَالَ الَّذِيْنَ غَلَبُوْا عَلٰٓى اَمْرِهِمْ لَنَتَّخِذَنَّ
عَلَيْهِمْ مَّسْجِدًا ﴿٢١﴾ سَيَقُوْلُوْنَ ثَلٰثَةٌ رَّابِعُهُمْ كَلْبُهُمْ ۚ وَ

يَقُوْلُوْنَ خَمْسَةٌ سَادِسُهُمْ كَلْبُهُمْ رَجْمًا بِالْغَيْبِ ۚ وَيَقُوْلُوْنَ
سَبْعَةٌ وَّثَامِنُهُمْ كَلْبُهُمْ ؕ قُلْ رَّبِّيْۤ اَعْلَمُ بِعِدَّتِهِمْ مَّا يَعْلَمُهُمْ
اِلَّا قَلِيْلٌ ۬ؕ قف فَلَا تُمَارِ فِيْهِمْ اِلَّا مِرَآءً ظَاهِرًا ۪ وَّلَا تَسْتَفْتِ
فِيْهِمْ مِّنْهُمْ اَحَدًا ﴿٢٢﴾ وَلَا تَقُوْلَنَّ لِشَايْءٍ اِنِّيْ فَاعِلٌ ذٰلِكَ
غَدًا ﴿٢٣﴾ اِلَّاۤ اَنْ يَّشَآءَ اللّٰهُ ۫ وَاذْكُرْ رَّبَّكَ اِذَا نَسِيْتَ وَقُلْ
عَسٰۤى اَنْ يَّهْدِيَنِ رَبِّيْ لِاَقْرَبَ مِنْ هٰذَا رَشَدًا ﴿٢٤﴾ وَ
لَبِثُوْا فِيْ كَهْفِهِمْ ثَلٰثَ مِائَةٍ سِنِيْنَ وَازْدَادُوْا تِسْعًا ﴿٢٥﴾ قُلِ
اللّٰهُ اَعْلَمُ بِمَا لَبِثُوْا ۚ لَهٗ غَيْبُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ؕ
اَبْصِرْ بِهٖ وَاَسْمِعْ ؕ مَا لَهُمْ مِّنْ دُوْنِهٖ مِنْ وَّلِيٍّ ۫ وَّلَا يُشْرِكُ فِيْ
حُكْمِهٖۤ اَحَدًا ﴿٢٦﴾ وَاتْلُ مَاۤ اُوْحِيَ اِلَيْكَ مِنْ كِتَابِ رَبِّكَ ۚ لَا
مُبَدِّلَ لِكَلِمٰتِهٖ ۚ قف وَلَنْ تَجِدَ مِنْ دُوْنِهٖ مُلْتَحَدًا ﴿٢٧﴾ وَاصْبِرْ
نَفْسَكَ مَعَ الَّذِيْنَ يَدْعُوْنَ رَبَّهُمْ بِالْغَدٰوةِ وَالْعَشِيِّ
يُرِيْدُوْنَ وَجْهَهٗ وَلَا تَعْدُ عَيْنٰكَ عَنْهُمْ ۚ تُرِيْدُ زِيْنَةَ الْحَيٰوةِ
الدُّنْيَا ۚ وَلَا تُطِعْ مَنْ اَغْفَلْنَا قَلْبَهٗ عَنْ ذِكْرِنَا وَاتَّبَعَ هَوٰىهُ
وَكَانَ اَمْرُهٗ فُرُطًا ﴿٢٨﴾ وَقُلِ الْحَقُّ مِنْ رَّبِّكُمْ قف فَمَنْ شَآءَ

فَلْيُؤْمِنْ وَّمَنْ شَآءَ فَلْيَكْفُرْ ۙ اِنَّآ اَعْتَدْنَا لِلظّٰلِمِيْنَ نَارًا ۙ
اَحَاطَ بِهِمْ سُرَادِقُهَا ۭ وَاِنْ يَّسْتَغِيْثُوْا يُغَاثُوْا بِمَآءٍ كَالْمُهْلِ
يَشْوِي الْوُجُوْهَ ۭ بِئْسَ الشَّرَابُ ۭ وَسَآءَتْ مُرْتَفَقًا ﴿۲۹﴾ اِنَّ
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ اِنَّا لَا نُضِيْعُ اَجْرَ مَنْ
اَحْسَنَ عَمَلًا ﴿۳۰﴾ ۚ اُولٰۗىِٕكَ لَهُمْ جَنّٰتُ عَدْنٍ تَجْرِيْ مِنْ تَحْتِهِمُ
الْاَنْهٰرُ يُحَلَّوْنَ فِيْهَا مِنْ اَسَاوِرَ مِنْ ذَهَبٍ وَّيَلْبَسُوْنَ ثِيَابًا
خُضْرًا مِّنْ سُنْدُسٍ وَّ اِسْتَبْرَقٍ مُّتَّكِـِٕيْنَ فِيْهَا عَلَى
الْاَرَاۗىِٕكِ ۭ نِعْمَ الثَّوَابُ ۭ وَحَسُنَتْ مُرْتَفَقًا ﴿۳۱﴾ ۧ وَاضْرِبْ
لَهُمْ مَّثَلًا رَّجُلَيْنِ جَعَلْنَا لِاَحَدِهِمَا جَنَّتَيْنِ مِنْ اَعْنَابٍ
وَّحَفَفْنٰهُمَا بِنَخْلٍ وَّجَعَلْنَا بَيْنَهُمَا زَرْعًا ﴿۳۲﴾ ۭ كِلْتَا الْجَنَّتَيْنِ
اٰتَتْ اُكُلَهَا وَلَمْ تَظْلِمْ مِّنْهُ شَيْــــًٔا ۙ وَّفَجَّرْنَا خِلٰلَهُمَا نَهَرًا ﴿۳۳﴾ ۙ
وَّكَانَ لَهٗ ثَمَرٌ ۚ فَقَالَ لِصَاحِبِهٖ وَهُوَ يُحَاوِرُهٗٓ اَنَا اَكْثَرُ مِنْكَ
مَالًا وَّاَعَزُّ نَفَرًا ﴿۳۴﴾ وَدَخَلَ جَنَّتَهٗ وَهُوَ ظَالِمٌ لِّنَفْسِهٖ ۚ قَالَ
مَآ اَظُنُّ اَنْ تَبِيْدَ هٰذِهٖٓ اَبَدًا ﴿۳۵﴾ ۙ وَّمَآ اَظُنُّ السَّاعَةَ
قَاۗىِٕمَةً ۙ وَّلَىِٕنْ رُّدِدْتُّ اِلٰى رَبِّيْ لَاَجِدَنَّ خَيْرًا مِّنْهَا